Website: http://www.allimagetool.com

Website: http://www.allimagetool.com

# સ્રોતસ્વિની

કર્તા

દામોદર ખુશાલદાસ બોટાદકર

પ્રકાશક:

**અમૃતલાલ વલ્લભદાસ દાણી**

મહિલા વિદ્યાલય, ભાવનગર.

વિ. સં. ૧૯૮૫ ] મૂલ્ય બાર આના [ ઈ. સ. ૧૯૨૯

વડોદરા-શ્રી લુહાણામિત્ર સ્ટિમ પ્રિં. પ્રેસમાં ઠક્કર અંબાલાલ વિઠ્ઠલભાઈએ પ્રકાશક માટે છાપ્યું. તા. ૧-૫-૧૯૨૯

Website: http://www.allimagetool.com

# અર્પણ

—❀—

( સ્રગ્ધરા. )

દેવી કલ્લોલ કોટિ પ્રણયરસભર્યાં
ઊછળી જ્યાં રહે છે,
ને ઘેરી ગર્જનાથી સકલ જગતને
સાન્ત્વના સદ્ય દે છે;
વેરે છે વિશ્વ માટે સુરસદન તણાં
રાજતાં રત્ન મોંઘાં,
અર્પું તે દિવ્ય નાંખો હૃદય-ઉદધિને
સ્નેહ-સ્રોતસ્વિની આ

Website: http://www.allimagetool.com

" રાસતરંગિણી " આદિના લેખક



**સ્વ. દામોદરદાસ ખુશાલદાસ બોટાદકર**

| | |
|---|---|
| જન્મ: | અવસાન: |
| સંવત ૧૯૨૭ | સંવત ૧૯૮૦ |
| ઇ. સ. ૧૮૭૦ | ઇ. સ. ૧૯૨૪ |

Website: http://www.allimagetool.com

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | વંદન ... ... ... | ૧ |
| ૨ | સ્વાગત ... ... ... | ૨ |
| ૩ | માતૃભૂમિ ... ... ... | ૩ |
| ૪ | સૌરાષ્ટ્ર ... ... ... | ૫ |
| ૫ | ગૃહ ... ... ... | ૧૦ |
| ૬ | ઉદયાસ્ત ... ... ... | ૧૩ |
| ૭ | શરચ્ચંદ્ર ... ... ... | ૧૬ |
| ૮ | એક વાદળીને ... ... | ૨૦ |
| ૯ | રાત્રિકૌતુક ... ... ... | ૨૩ |
| ૧૦ | ધરિત્રી ... ... ... | ૨૬ |
| ૧૧ | ક્ષારાબ્ધિને ... ... ... | ૩૪ |
| ૧૨ | ગિરિનિર્ઝર ... ... ... | ૩૭ |
| ૧૩ | વનવલ્લરી ... ... ... | ૪૧ |
| ૧૪ | કળી ... ... ... | ૪૬ |
| ૧૫ | ભાગીરથી ... ... ... | ૪૯ |
| ૧૬ | અનવસર ... ... ... | ૫૨ |
| ૧૭ | ઉલૂક ... ... ... | ૫૫ |
| ૧૮ | કસ્તૂરી મૃગને ... ... | ૫૯ |
| ૧૯ | ધેનુ ... ... ... | ૬૨ |
| ૨૦ | સુદામા ... ... ... | ૬૫ |
| ૨૧ | સુરદાસ ... ... ... | ૬૮ |

| | | |
|---|---|---|
| ૨૨ | ઉવેશાને ... ... | ... ૭૧ |
| ૨૩ | અન્વેષણ ... ... | ... ૭૩ |
| ૨૪ | યોગભ્રંશ ... ... | ... ૭૫ |
| ૨૫ | સ્ખલન ... ... | ... ૭૮ |
| ૨૬ | અતૃપ્તિ ... | ... ૮૧ |
| ૨૭ | પ્રણયાશ્રુ ... ... | ... ૮૪ |
| ૨૮ | ગૃહિણી ... ... | ... ૮૭ |
| ૨૯ | અપરોઢાદ ... | ... ૯૧ |
| ૩૦ | સૌરાષ્ટ્રસુંદરી .. | ... ૯૪ |
| ૩૧ | દુહિતા ... ... | ... ૯૭ |
| ૩૨ | પુત્રીપ્રયાણ ... | ... ૧૦૩ |
| ૩૩ | પિયર ... ... | ... ૧૦૭ |
| ૩૪ | સ્થિત્યંતર ... ... | ... ૧૧૦ |
| ૩૫ | એક સ્મૃતિ ... | ... ૧૧૩ |
| ૩૬ | દીપાલય ... ... | ... ૧૧૬ |
| ૩૭ | વિપત્ ... ... | ... ૧૨૦ |
| ૩૮ | અવસાન ... ... | ... ૧૨૩ |
| ૩૯ | એક નાવિકને ... | ... ૧૩૦ |
| ૪૦ | નરમેધ ... ... | ... ૧૩૩ |
| ૪૧ | આશા ... ... | ... ૧૩૬ |
| ૪૨ | વિસ્મૃતિ ... ... | ... ૧૪૧ |
| ૪૩ | કર્તવ્ય ... ... | ... ૧૪૭ |

Website: http://www.allimagetool.com

# બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

'અાંતરિક્ષની'ની પ્રથમ આવૃત્તિ છપાઈને પ્રસિદ્ધ થયાંને આજકાલ દશકો વીતી ગયો. કવિના બીજા કાવ્યસંગ્રહો જેટલો આકર્ષક આ સંગ્રહ જનતાને નથી થઈ પડ્યો, અને તેથીજ તેની પછી ત્રણ વર્ષે છપાયેલ 'નિર્ઝરિણી' ની બીજી આવૃત્તિ સાથે આ સંગ્રહની બીજી આવૃત્તિ છપાઈ શકે છે. સ્વ. કવિનાં સઘળાં કાવ્યોનો સાંગોપાંગ અભ્યાસ કરનાર કવિના એક પણ કાવ્યથી કે કાવ્યમંથથી વંચિત ન રહેવો જોઈએ, એમ ધારીને આ સંગ્રહની પણ બીજી આવૃત્તિ છપાવવાની હામ બીડી છે. કવિના અન્ય સંગ્રહોની તુલનાએ આ સંગ્રહનું સ્થાન ક્યાં ને કેવું ગણાય, એ પ્રશ્ન વાચકો ને સમાલોચકો પર છોડવો ઉચિત લાગે છે.

આજે દશ વર્ષે કવિનો આ દ્વિતીય સંગ્રહ પુનઃ છપાય છે, ને ગુર્જર વાચકોને ચરણે ધરવામાં આવે છે, તેથી કવિના આત્માને ભારે સંતોષ થશે, એમ કહેવાની તેમજ સ્વ. મિત્રનું આટલું કાર્ય કરતાં મ્હને થતો આત્મસંતોષ કહી બતાવવાની જરૂર નથી.

કવિના બધાજ સંગ્રહોને એકજ ઢબે ને એકજ કદના છપાવીને છેવટે છુટક તેમજ એક ગ્રંથ તરીકે વાચકોને સુલભ કરવાની દિશામાં આજે ત્રીજું પુસ્તક પૂરૂં થાયછે. હવે પછી 'નિર્ઝરિણી' અને 'શૈવલિની'-જેની પણ એકેય નકલ આજે ઉપલબ્ધ નથી, તે છપાશે.

મ્હારા આ કાર્યમાં તન, મન, ધનથી મ્હને ખૂબ સાથ દઈ રહેલ શ્રીયુત જ. ના. વર્માને સાભાર સંભાર્યા વિના હું રહી શકતો નથી.

ભાવનગર
મહિલા વિદ્યાલય
તા. ૧૩-૪-૨૫

લે.
અમૃતલાલ વ. દાણી

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

આ કાવ્યસંગ્રહનું સામાન્ય તત્ત્વદર્શન તેના ઉપોદ્ઘાતમાં સાક્ષરશ્રી હિંમતલાલ ગણેશજી અંજારિયા એમ. એ. એલ-એલ. બી. ( પ્રકાશક–' કાવ્યમાધુર્ય ' ઇત્યાદિ ) એમણે કરાવ્યું છે. એટલે મારે વિશેષ કહેવાનું રહેતું નથી. ખરું છે કે ' કલ્લોલિની ' પછી છ વર્ષે આ સંગ્રહ પ્રકટ થયો છે. શ્રીયુત અંજારિયાના કહેવા પ્રમાણે ' સંસાર જીવનની વિચિત્ર સ્થિતિ ' જેમ કવિના આવિર્ભાવપર અસર કરી શકે છે, તેમ કાવ્યલેખકો પર પણ ઓછાવત્તા પ્રમાણમાં તેની અસર થવી સંભવિત છે. સાંસારિક, માનસિક અને શારીરિક ઉપાધિઓ અને તજ્જન્ય સંતાપો જેમ કાવ્યપ્રવાહને શુષ્ક કરી નાખે છે તેમ એજ પ્રસંગોની તીવ્ર વ્યથાઓ અનેક વખત કાવ્યદ્વારા હૃદયરોદનનું પ્રાકટ્ય કરે છે. આવા ક્વચિત્ ક્વચિત્ ઉદ્ભવેલા ઉદ્ગારોનો આ સંગ્રહ છે, અને તેથીજ કાળની મર્યાદા એમાં વિચારણીય નથી.

આ સંગ્રહ પ્રકટ કરવા માટે અત્યારનો અસાધારણ મોંઘવારીનો સમય કોઇ રીતે અનુકૂળ નહોતો, તેથી સર્વ પ્રકારનું સ્વાસ્થ્ય થતાં સુધીનાં કાવ્યો એકત્ર કરવાનો મેં વિચાર રાખ્યો હતો, પરંતુ કેટલાક સાહિત્યપ્રેમી મિત્રો અને મુખ્યત્વે કાવ્યસાહિત્યના ખાસ ઉપાસક અને મારા તરુણ સુહૃદ રા. અમૃતલાલ વલ્લભદાસ દાણી કે જેમની સાથેનો પ્રસંગપ્રાપ્ત વાગ્વિનોદ આમાંનાં કેટલાંક કાવ્યોનું પ્રેરકત્વ મેળવી શક્યો છે, તેમના અસાધારણ આગ્રહ, ઉત્સાહ અને પ્રયાસથી હાલનું કામ આજે થઇ શક્યું છે, અને અનેક કાવ્યોની નકલો કરી લેવાની ઘણા ઉત્સાહી મિત્રોની વિટંબણા દૂર થઈ છે, એ વસ્તુસ્થિતિ, તેમનો આભાર પ્રદર્શિત કરવાને નહિ પણ વાસ્તવિક સત્ય વિદિત કરવાને અત્ર જણાવવી મને ઉચિત લાગે છે.

'કલ્લોલિની' ના પેઠે આ સંગ્રહમાં પણ છંદઃશાસ્ત્રપ્રતિપાદિત વૃત્તાંનોજ વિશેષતઃ ઉપયોગ થયેલો જોવામાં આવશે. છંદોની ગેય-તાની તો કોઇથી ના કહી શકાય એમ નથી. સંગીતના અનેકવિધ નવનવીન મનોહર રાગો અમુક કાળે રૂપાંતર સ્વીકારતાં જણાય છે, શાસ્ત્રસિદ્ધ મુખ્ય રાગોના એ અનેકવિધ બાળકો કાળાંતરે જીર્ણ કે નષ્ટ થઇ જાય છે, અને નવાં ઉદ્‌ભવતાં જાય છે, ત્યારે દેવબાળક સમાં આ વૃત્તો હજારો વર્ષથી એવું ને એવુંજ અવિકૃત સ્વરૂપ ધારણ કરી રહ્યાં છે, એટલુંજ નહિ પણ ભિન્નભિન્ન પ્રાકૃત ભાષામાં ઉતરવાથી તેનું સૌંદર્ય વધારે ને વધારે ખીલતું રહ્યું છે. તદુપરાંત એ પણ કાવ્યદેવીના ઉપાસકોને સમજાવવું પડે એમ નથી કે કાવ્ય હંમેશાં સ્વેચ્છાનુકૂળ વૃત્તને સાથે લઇનેજ ઉદ્‌ભવે છે એટલે એ સંબંધમાં લેખક અસ્વતંત્ર પણ છે. એથી પણ કાવ્ય કે તેના સંગ્રહમાં વૃત્ત કે રાગના પ્રશ્નને અવકાશ રહેતો નથી.

ઉપોદ્‌ઘાતના વિદ્વાન્ લેખકના અભિપ્રાય અને તેમની ખાસ સૂચનાને માન આપી કઠિન શબ્દોનો વિસ્તૃત કોશ અંતમાં આપવામાં આવ્યો છે. સમાન્ય વાચક બંધુઓને સઘળાં કાવ્યો સમજવામાં તે સહાયભૂત થશે તો તે માટેનો શ્રમ સફળ થયો ગણાશે.

અંતમાં સદ્વિદ્યાને વિવિધ પ્રકારે ઉત્તેજન આપનાર ભાવનગરવાસી સ્વ. માધવલાલ છોટમલાલ અને અન્ય સાહિત્યવિલાસી સદ્‌ગૃહસ્થો, જેમણે આ પ્રવૃત્તિમાં યોગ્ય સહાય આપી છે, તેમનો આભાર અત્ર પ્રદર્શિત કરવો ઉચિત ધારૂં છું.

બોટાદ.
તા ૧૫-૯-૧૮. } દામોદર ખુશાલદાસ બોટાદકર.

Website: http://www.allimagetool.com

# ઉપોદ્‌ઘાત

રા. બોટાદકરનાં કાવ્યોનો એક સંગ્રહ 'કલ્લોલિની' ઇ. સ. ૧૯૧૨ માં પ્રકટ થવા પછી છ સાત વર્ષે આ બીજો સંગ્રહ તૈયાર થઇ શક્યો છે. ગુજરાતમાં જેને સર્વ રીતે કવિ કહી શકાય તેવા લેખક નર્મદાશંકર, દલપતરામ પછી થોડાજ થયા છે. બધા કાવ્ય લખનારાઓ શોખ અને વિનોદ ખાતર, બીજી પ્રવૃત્તિઓમાંથી વખત મેળવીનેજ લખતા માલૂમ પડે છે. કાવ્યલખાણ પ્રવૃત્તિમાં મુખ્ય સ્થાન પામ્યું હોય એવા લખનારા ઘણા થોડા છે. પ્રભુની કૃપા ઓછી ઊતરી છે એમ તો કહી શકાય તેવું નથી. પરંતુ સંસાર-જીવનની વિચિત્ર સ્થિતિને લઇને કવિ અવતરવાને હજી વખત લગે એમ લાગે છે. તો પણ કાવ્યસંગ્રહો અવારનવાર બહાર પડ્યા કરે છે એ ખુશી થવા જેવું છે. રા. બોટાદકર ગુજરાતના વાચકવર્ગની આગળ જે કાવ્યો રજુ કરે છે તેથી ખુશી થવાને એક પ્રસંગ વધે છે.

રા. બોટાદકર બાહ્ય જગતને મોહ પમાડે એવી પદવી એવું ધન ભોગવતા નથી. સાધારણ ગુજરાતી શિક્ષક તરીકે જીંદગ શરૂ કરી, સંસ્કૃતના અભ્યાસ અને વાચનથી સંસ્કાર પામી, મુંબ ઇનાં થોડાં વર્ષોના જીવનમાં જુદા જુદા અનુભવોથી ઘડાઇ, 'ચંદ્ર જેવા માસિકનું અનુમોદન મેળવી કવિતા લખવા લાગ્યા. તેમન લખાણમાં સામાન્ય પ્રસંગથી હૃદયના ભાવોમાં જે નૃત્ય થા રહે, અને તે ભાવો જે ઘરગથ્થુ અને સંસારી વિચારો પ્રસાદયુક મગજને સુઝાડે તે નૃત્ય અને તે વિચારો એવી મનોગમ અને સુંદ ભાષામાં અવતાર પામે છે કે તે વાંચતા વાંચતાં ખરી કવિતા વાંચત

Website: http://www.allimagetool.com



કોઇએ એવો આનંદ અનુભવાય છે. 'દીપાલ્ય', 'પુત્રીપ્રયાણ', 'ધેનુ', 'સ્થિત્યન્તર', 'દુહિતા', 'પિયર' આદિ કાવ્યો સંસાર-જીવનની ક્ષણો કેવી વિચારમય અને સંસ્કારમય બનાવી શકે તેવાં છે ?

'કદલી', 'શરચ્ચંદ્ર', 'ઉલૂક', 'ધરિત્રી', 'ક્ષારાબ્ધિ' નાં જેવાં કાવ્યો સૃષ્ટિદર્શનદ્વારા કેવો બોધ આપી પ્રભુકૃતિનાં દર્શન કેવા ભાવથી કરવાં એ શીખવી શકે તેવાં છે, અને 'વિપદ', 'અન્વેષણ', 'નરમેધ', 'ગોગબંધ', 'અનવસર', 'સ્ખલન' જેવાં કાવ્યો લેખકના હૃદયનાં અમુક પ્રસંગનાં ચિત્રો બહુ સ્પષ્ટ-તાથી પાડી તે હૃદય સાથે અનુકંપા આકર્ષવામાં બહુ સફળ થઇ કાવ્યવાચનથી મળવો જોઇતો બોધ અને આનંદ એક સાથે આપી શકે છે.

રા. બોટાદકરનાં કાવ્યો બધાં વિચારનુંજ પ્રાધાન્ય સ્વીકારે છે. તે વિચારો તત્ત્વજ્ઞાનના કે ઉંચી કલ્પનાથી ઉદ્‌ભવેલા માત્ર વિદ્વાનો-નેજ સમજી શકાય તેવા નહિ, પણ સંસારમાં જીવન ગાળનાર, સાધારણ શક્તિવાળા અને સામાન્ય અભ્યાસવાળા વાચકો શબ્દ-જ્ઞાનની મદદથી સહેજે સમજી શકે તેવા હોવાને લીધે તે કાવ્યોના લોકપ્રિયતાનું ક્ષેત્ર વિશાળ થવાની સંપૂર્ણ આશા રાખી શકાય છે.

શૈલી સરલ અને સુગમ હોવા છતાં સંસ્કૃત શબ્દોના સારા મસાલાથી ભભકદાર બને છે, તેમ સાથે સામાન્ય વાચકને જરા મુશ્કેલ પણ પડે તેવી છે. છંદો બધા શુદ્ધ અને સંવાદપૂર્ણ, લીસી નીચી નમતી જગામાં પાણીનો રેલો જેવી સરલતાથી વહી જાય તેવી રીતના પ્રવાહવાળા છે. અને વાક્યરચના બહુ અનુકૂળ અને સીધી હોવાને લીધે વગર શ્રમે સમજી શકાય તેવી છે. આમ સરલ, સુંદર, સુગમ્ય, સુપ્રવાહી હોવાને લીધે આ બધાં કાવ્યો એક કે બીજા

વાચકને બોધપ્રદ, આનંદપ્રદ, અને પ્રિય થઇ પડશે એમાં કશી શંકા રહેતી નથી.

'અતૃપ્તિ,' 'કર્તવ્ય,' 'કસ્તૂરીમૃગને' ના જેવાં કાવ્યો, જે સરલતાથી અને સચોટતાથી ઉંચા કાવ્યત્વનો આસ્વાદ આપી રહ્યાં છે, તે પ્રભુની બક્ષીસ વગરના લેખકો ભાગ્યેજ મેળવી શકે છે, એમ સર્વ વાચકો અનુભવી શકશે.

આવાં કાવ્યોનો આ સંગ્રહ વાચકોની પ્રિયતાને પામો અને રા. બોટાદકરને એવો સત્કાર મળો કે જેથી તેઓ કાવ્યલખાણને પોતાના જીવનનું એક મુખ્ય કર્તવ્ય ગણી શકે, એવી પ્રાર્થના છે.

તા. ૨૧-૮-૧૮<br>સાન્તાક્રુઝ.

હિંમતલાલ ગણેશજી અંજારિયા

Website: http://www.allimagetool.com

# સ્રોતસ્વિની

## વંદન.

( શિખરિણી. )

વસે ના વૈરાગ્યે જપ તપ થકી જે નવ જડે,
અનાયાસે આવી વિમળ ઉરને સત્ત્વર વરે;
પ્રતાપે પૃથ્વીમાં સુરસદનસૌન્દર્ય વિરચે,
સ્મરૂં, વંદું, સેવું પ્રભુ પ્રકટ તે મત્પ્રણયને.

Website: http://www.allimagetool.com

( ૨ )

# સ્વાગત

( માઢ )

( 'ગુણવન્તી ગુજરાત'—એ ઢબ )

વિભુનાં વ્હાલાં બાળ ! પધારો, વિભુનાં વ્હાલાં બાળ !
માનસવાસી મરાલ ! પધારો, વિભુનાં વ્હાલાં બાળ !

અવિરત ને અનિવાર્ય ઉમળકે ઉરસાગર ઉભરાય,
વાણીની ક્ષુલ્લક અંજલિમાં એ નહિ સલિલ સમાય. પધા૦

સ્વાગતનાં સૂકાં સંબોધન ઉફળવીને ઉડી જાય,
દિવ્ય હૃદયનું પ્રાકૃત સ્વાગત કરતાં હૃદય લજાય. પધા૦

હર્ષ તણે હિંદોલ ચઢેલું ઉર આંદોલિત થાય,
સંસ્તુતિનાં વિનયાદિક વરવા સ્વાસ્થ્ય ગ્રહી ન શકાય. પધા૦

રંક અમારાં હૃદય મરૂસ્થળ, નંદન આપ નિવાસ,
સ્વાત્મસુધાસ્વાદનથી લેજો આદરનો ઉલ્લાસ. પધા૦

સ્નેહસલિલથી સિક્ત હૃદયનાં અશ્રુ તણા ઉપહાર,
ઉંડાં અંતરનું આલિંગન અન્ય નથી અધિકાર. પધા૦

'ગૃહપતિ' ને 'અતિથિ'નો ભેદક ભૂલે અંતર ભાવ,
એજ અમર અતિથિના ઉરનો લઇએ રસભર લ્હાવ. પધા૦

Website: http://www.allimagetool.com

# માતૃભૂમિ

(કવ્વાલી.)

અમે એ હિંદ માતાના ઉમંગી અર્ભકો સાચા,
અમરને અંતરે જેના વિમળ ઉત્સંગની ઇચ્છા.

હજારો પુણ્ય તીર્થોની, કરોડો કર્મવીરોની;
યશસ્વી યોગીઓ કેરી પ્રસૂ એ પાવની પૂરી.

નિવારે પાપ પ્રાણીનાં ભૂમિનું તીર્થ કો ન્હાનું,
હજારો તીર્થની માતા કરે કલ્યાણ તો કેવું !

અમારો દેહ એ માટે, અમારા પ્રાણ એ માટે,
અમારૂં વિત્ત એ માટે, અમારૂં જ્ઞાન એ માટે.

અમારૂં સ્વર્ગ એ સાચું, અમારી મુક્તિ એ મોંઘી,
અમારાં પૂર્વ પુણ્યોનું મહા ફળ માત એ મીઠી.

ભલે જાતે અમે જૂદા, ભલે ધર્મે રહ્યા જૂદા,
પરંતુ માતને માટે અનેરા ઐક્યથી ઉભા.

સુભાગી એક ઉત્સંગે વસીને એક પય પીધું,
મધુરી એક માતાએ વપુ વાત્સલ્યથી પોષ્યું.

અને એ એક શોણિતનાં વહે છે નાડીમાં બિંદુ,
હજારો હિંચતી શાખા તણું ના મૂળ કે જૂદું.

કલહમાં કૈંક દિન કાઢયા વિપક્ષો વૈરથી માની,
ઠગાયા ભેદને ભાળી, અજાણે યાદવી કીધી.

હવે સમજ્યા, હવે જાગ્યા, અમારી ભૂલ તો ભાગી,
ગયું અજ્ઞાન અંધારૂં, ગઇ એ. શર્વરી વીતી.

ગ્રહીને હસ્ત હસ્તેથી, હૃદય સાથે હૃદય જોડી,
અમે એ ઉન્નતિ કેરે સરલ પન્થે જશું દોડી.

Website: http://www.allimagetool.com

( ૫ )

# સૌરાષ્ટ્ર

( વસંતતિલકા. )

નિર્વૃત્તિમાં સમય સંતત ગાળવાને,
ને શત્રુઓથી યદુવંશ બચાવવાને:
સ્થાપી સ્વરાજ્ય, વ્રજમંડલ વિસ્મરીને,
જ્યાં સ્વાન્તની કરી ચિરસ્થિતિ વાસુદેવે.

વીંટી રહ્યા જલધિ દુર્જય દુર્ગ જેવો,
ગંભીર ગર્જન વડે ધૃતિશૌર્ય દેતો;
રીઝાવતો ઉર તરંગ-પરંપરાથી;
મુક્તા પ્રવાલ ઉપહાર અનેક આપી.

જ્યોતિઃસ્વરૂપ સુરસેવિત સોમનાથે,
કીધો નિવાસ રૂચિરત્વ નિહાળી નિત્યે;
સંતુષ્ટ સત્પ્રણયભાજન જ્યાં સુદામા,
પામ્યો સુરેંદ્ર-સુખ માધવ-મિત્રતામાં.

સંરક્ષતું રહી સુદર્શન સજ્જ જેને,
જ્યાં હેપતા હય પૃથાસુતના સુપંથે;
જ્યાં સ્નેહલગ્ન થકી અર્જુન ને સુભદ્રા,
પામ્યાં અભેદ કંઈ પુણ્ય પ્રસંગ લેતાં.

આકાશછત્ર ધરતા દૃઢ દંડ જેવો,
જીમૂતને ગમનમાર્ગ વિરામ દેતો;
સ્વર્ગીય ગાન શુણવા ધરી કાન ઉભો,
જ્યાં રમ્ય **રૈવત** ગિરિ રસથી ભરેલો.

વજ્રિ તણા રણ વિષે રિપુને વિદારી,
સંત્રાસ સદ્ય સુરસુંદરીનો શમાવી;
જેની ગુહા સમરનો શ્રમ ટાળવાને,
સેવી સુશાંત દિન કૈં **મુચુકુન્દ** ભૂપે.

ઉચ્ચાશયો **સુગત**ના ભવિકે ભરેલા,
કર્તવ્યનાં કવન દિવ્ય રસે રસેલાં;
કારુણ્યસૂત્ર શુચિ જ્યાં સહજ સ્વભાવે,
અદ્યાપિ લેખ મગધેશ્વરનો બતાવે.

સ્વચ્છંદ જ્યાં વન વિષે વનરાજ ખેલે,
યોગીશ્વરો સુદૃઢ શુદ્ધ સમાધિ સેવે;
દિવ્યૌષધિ રસભરી દિનરાત ડોલે,
સ્વચ્છાંબુપૂર્ણ ગિરિનિર્ઝર ભૂમિ રેલે.

જ્યાં વ્યાઘ્રને મદભરી મહિષી હઠાવે,
તેજી તુરંગમ ગૃહાંગણને દીપાવે;
જ્યાં વલ્લભીપુર સમાં નગરો અનેરાં,
શોભાવતાં જગતને વિભવે વધેલાં.

Website: http://www.allimagetool.com

જ્યાં દિવ્ય કેંક જીનમંદિર પૃષ્ઠ ધારી,
સિદ્ધાદ્રિ દિગ્ગજ સમો વિલસે છટાથી;
ન્હાના અનેક અચલો પ્રહરી સરીખા,
ઉભા દીસે અહીં તહીં જનમાર્ગ જોતા.

જ્યાં આદિ કાવ્યરસપોષક ગુર્જરીનો,
ને પ્રેમભક્તિરસપૂરિત સ્નેહભીનો;
નાચ્યો નૃસિંહ નિજ વિગ્રહભાન ભૂલી,
રેડી ગયો હૃદય સંસૃતિબન્ધ તોડી.

સ્નેહે ભર્યાં સુમનસૌરભ શોધનારી,
ને દિવ્ય ગાન સુરગુંફિત ગુંજનારી;
પામી સ્થિરત્વ પ્રણયામૃતપાનથી જ્યાં,
મેવાડની મધુકરી ભવમુક્ત મીરાં.

•

સ્વાધ્યાયમાં અભિરૂચિ જનની જગાડી,
ઘેરી સુષુપ્તિ કંઇ માનસની મટાડી;
આપ્યું અપૂર્વ નવ ચેતન આર્ય ચિત્તે,
જેના દયાસુખસરસ્વતી દિવ્ય પુત્રે.

જ્યાં જન્મ ધારણ કરી દલપત્તરામે,
આપ્યો અમૂલ્ય ઉપદેશ સુકાવ્ય વાટે;
પીરૂં સમુદ્ધરણ સંસૃતિનું બતાવ્યું,
ને સભ્ય, શાંત, સમયોચિત ગાન ગાયું.

મર્મવ્યથા હૃદયરોદનથી બતાવી,
ઉંડાં અનેક પડ અંતરનાં ઉખેડી;
સત્સ્નેહસૂત્ર સહજે જગને જણાવી,
સંક્રીડતો પ્રણયવિગ્રહ જ્યાં કલાપી.

સત્યાગ્રહી, અચલ, ઉજ્જવલ ને યશસ્વી,
સત્કર્મવીર, સુરતેજભર્યો, તપસ્વી:
ઘૂમી રહ્યો કમર વિશ્વહિતાર્થ બાંધી,
જેનો સુપુત્ર જનતાર્પિતદેહ ગાંધી.

જ્યાં વિશ્વના છલભર્યા પથથી વિખૂટાં,
ઝેરી પ્રપંચ—પવમાન—પ્રસંગહીણાં;
નિર્દોષ કૈં કૃષિકદંપતી. ભેદ ભૂલી,
મૂંગે મુખે મથી રહ્યાં કૃષિકર્મસેવી.

અજ્ઞાત જ્યાં અતિથિ પૂજન પૂર્ણ પામે,
સર્વ સ્થળે નિજ નિવાસ શી શાંતિ સેવે:
જ્યાં પ્રાણીમાત્ર ભયથી રહી મુક્ત રાચે,
જ્યાં પૂર્ણ વિગ્રહવતી કરૂણા વિરાજે.

લજ્જાભર્યા અજબ કૈં અવગુંઠનેથી,
સૌશીલ્યથી, વિનયથી, નત મસ્તકેથી:
નિષ્કામ સ્નેહરસથી, દ્રવતી દયાથી,
શોભાવતી સદન જ્યાં શુચિ સદ્મલક્ષ્મી.

એ સ્વર્ગકુંજ સરખી અમ માતૃભૂમિ,
વાત્સલ્યથી, પ્રણયથી, રસથી ભરેલી;
અંઘ્રિ પરે સતત ભારત માત જેને,
ઉભી અહી વિમલ વારિધિને કિનારે.

એ લાડિલી લલિત લક્ષણથી લસંતી,
આશાભર્યાં ઉર થકી ફળવે હસંતી;
એનું સદા સ્મરણ અંતરથી કરીશું,
ને ઉત્તમાંગ જનની-ચરણે ધરીશું.

Website: http://www.allimagetool.com

( ૧૦

# ગૃહ

( વસંતતિલકા. )

જ્યાં વિશ્વનાં ભ્રમણુમાત્ર સમાપ્તિ પામે,
જ્યાં સૃષ્ટિની સરણિઓ સઘળી વિરામે;
ભૂગોળનો પ્રકટ જ્યાં પરખાય છેડો,
ને જ્યાં સુવર્ણમય મેરૂ વસુંધરાનો.

અંભોધિને ઉતરતાં, વસતાં વિમાને,
ને વિશ્વમાં વિચરતાં પ્રિય સાથ સંગે;
ઉંચું સદૈવ વસતું મન, જ્યાં નિરાંતે,
નિદ્રા લઇ સુખદ શાંતિ અપૂર્વ સેવે.

અગ્નિ અનંત ઉરમાં ઉપજાવનારી,
જ્યાં નષ્ટ થાય પળમાં પરતા બિચારી;
જ્યાં ચેતનત્વ જડ વસ્તુ સમસ્ત પામે,
ને કૈં નવીન ઉર-ભાવ થકી વધાવે.

જ્યાં નેત્ર મીલિત છતાં અણુએ જણાય,
ને અંધકારબળ નિષ્ફળ નિત્ય જાય;
આનંદ જે પરમ દુર્લભ પ્રાણીઓને,
તે મૂર્ત્તિમાન બની જ્યાં દિનરાત ડોલે.

Website: http://www.allimagetool.com



જે દેહલી પર જરા પદ મૂકવાથી,
ઇંદ્રિયમાત્ર નિજ મંદિર જાય બેસી;
ને ખીલતા હૃદય-પંકજની રસીલી
એકે રહે ન કદી પાંખડી જ્યાં અધુરી.

વિશ્વાંબરે વિહરતા વ્યવસાયસેવી,
પ્રાણી-પતંગ તણી જ્યાં દૃઢ બાંધી દોરી;
જ્યાં દંભ સંસ્રુતિ તણા હઠી દૂર જાય,
જ્યાં માનરોગ થકી માનવ મુક્ત થાય.

જ્યાં પ્રેમનો પ્રથમ પાઠ મનુષ્ય પામે,
આત્મીયભાવ ઉર જે સ્થળમાંથી જામે;
જ્યાંથી વહે જગત રેલતી સ્નેહગંગા,
ને જ્યાં થકી હૃદયનાં સહુ દ્વાર ખુલ્યાં.

જ્યાં રંક જીવ પણ પૂર્ણ પ્રભુત્વ પામે,
ને ભૂપતિત્વ ભવદુર્લભ સર્વ સેવે;
જ્યાં અંધ પ્રાણી પણ થાય સહસ્રચક્ષુ,
જ્યાં દિવ્ય દર્શન સદૈવ સ્વતંત્રતાનું.

આઘાત સંસ્રુતિ તણા શતધા સહીને,
ને ક્લેશના વિકટ વહ્નિ વિષે વસીને;
ભેદાઇ, શુષ્ક થઈ ને સળગી ગયેલું,
જ્યાં પૂર્ણ પલ્લવિત માનસ થાય પાછું.

આકર્ષણો અતિ અલૌકિક રમ્ય જેનાં,
ઈંદ્રાસનો અહીં તહીં અથડાય જેમાં;
જેમાં રહ્યું હૃદય, જે હૃદયે રહેલું,
અન્યોન્યભાવ, રસ, ઐક્યથકી ભરેલું.

સંસારના સુખદ શોભન સ્વર્ગ જેવું,
આનંદનું, પ્રણયનું ગૃહ એ અમારૂં;
સૌન્દર્ય જ્યાં સકળ વિશ્વ તણું વિરાજે,
ને ન્યૂનતા વિભવમાત્ર તણી મટાડે.

Website: http://www.allimagetool.com

( ૧૩ )

# ઉદયાસ્ત

( હરિણી. )

ઉદયગિરિનાં ઉંચાં શૃંગો પરે પદ મૂકતો,
મધુર હસતી પ્રાચી કેરા ગ્રહી કર ફૂદતો;
લલિત કરથી સ્પર્શી સ્નેહે ઉષા–ઉર રંગતો,
સ્થળ સકળથી સ્વલ્પાયાસે તમિસ્ર નિવારતો.

કંઈ મુકુલને મીઠી ગોષ્ટિ વદી વિકસાવતો,
કમલવનને ચાટૂક્તિથી રીઝાવી રમાડતો;
જનહૃદયના ઉંચા અર્ઘ્યો સહર્ષ સ્વીકારતો,
જગતજનની ક્રીડા જોવા રવિ નભ રાજતો.

પ્રતિ ભુવનમાં ભેદાભાવે પ્રતાપ પ્રસારતો,
સદય દગથી જોતો રંગે રૂડો રમતો હતો;
પણ પળ વિષે વૃત્તિમાં આ વિપર્યય શો થયો ?
અમલ ઉરમાં કાં ઓચિંતો પ્રકોપ વધી ગયો ?

સહજ સઘળી ક્રીડા છોડી ઉઠયો સળગી અરે !
ભડ ભડ થતી જ્વાલા ફેંકી કહે પ્રિય ! શું કરે ?
જરૂર જગનાં કાળાં કૃત્યો પડયાં નજરે તને,
મલિન મનની જાણી લીધી ઘણી ઘટના ખરે !

કંઇક હૃદયો ચીરાતાં ને કલિ થકી કંપતાં,
કંઈ કુપથમાં દોડી દોડી જતાં નહિ જંપતાં;
વિષમ વિષયો સાંખી એ તું શકયો નહિ સર્વથા,
પ્રલય કરવા પૃથ્વી કેરો પ્રચંડ બન્યો અહા !

વિરમ, કરૂણા આણી વ્હાલા ! સ્વરૂપ વિચારીને,
વિમલ હૃદયે એ કૃત્યોને નહિ ધરવાં ઘટે;
અનયપથના અભ્યાસી એ હવે ન વળી શકે,
ધવલ દ્યુતિથી તું સન્માર્ગો ભલે પ્રિય ! સૂચવે.

કૃતિ સકળનો સાક્ષી છે તું, અમે વીસરી ગયા,
પણ હૃદયની દૈવી પ્રીતિ વીસાર ન તું જરા;
પથ નિરખતી સામે વ્હાલી પ્રતીચી તને જુએ,
નિકટ મુખ એ વ્હાલા કેરૂં નહિ નિરખી શકે.

ભય હૃદયનો સ્નેહાલાપે સમગ્ર નિવારવા,
વિરહદુઃખને દાબી હૈયે વિનોદ વધારવા;
પ્રણયરસમાં રાચી, ભૂંડી જગત્કૃતિ ભૂલવા,
ગમન કર એ દૈવી પંથે મહા રસ માણવા.

ખચિત કરૂણા વ્યાપી અંતે સુકોમલ અંતરે,
પળ પળ જતાં ધીમે ધીમે દયા વધતી દીસે;
ઉદયસમયે ઉંચા ભાવો ભરી હસતો હતો,
સુભગ હમણાં તેવો પાછો શનૈઃ બની શોભતો.

સરલ ઉરમાં ક્યારે ઉંડો પ્રકોપ ન સંભવે,
જગતજનના દોષો એમાં નહિ સ્થિરતા ધરે;
પ્રણય-દૃગથી જો! સૃષ્ટિને હવે નિરખી રહ્યો!
વિરહપળને દેખી, વીત્યું બધું વીસરી ગયો!

કર કનક શા ભેટી લેવા પ્રલંબ પ્રસારતો!
પુનિત ઉરના આશીર્વાદો અનુપમ આપતો;
વન-વિહગનાં ગાને રાચી વ્યથા વિનિવારતો,
જલધિ-હૃદયે શાંતિ લેવા જરૂર દીસે જતો.

( ૧૬ )

## શરચ્ચન્દ્ર

( સ્રગ્ધરા. )

વેઠીને વિઘ્ન કોટિ હૃદય રડી રડી રાત્રિઓ કૈંક કાઢી,
સંતાપો શાંત ચિત્તે સહન કરી કરી દેહ દીધો દઝાડી.
વ્હાલાંના વિપ્રયોગે ધૃતિ ધરા ધરીને સ્વાન્ત પાષાણ કીધું.
આશાનાં આંગણામાં ઘડી પળ ગણતાં વૃત્તિનું વિત્ત ડૂસ્યું.

માંડી કૈં પૂર્ણિમાએ પ્રણય વરસતી વ્યર્થ જેવી વટાવી
ભાવેથી ભેટવાની રસિક હૃદયને ના ઘડી એક આવી.
વર્ષાનાં વેગવાળાં ગગન વિહરતાં વાદળાં વાટ રોકી
ઓચિંતા અંતરાયો પ્રકટી પળ પળે હર્ષ દેતાં હઠાવી

ચાહી ચાહી ચકોરી, મૃદુલ કુમુદિની છેક શોકે છવાયાં
ક્યારે પૂરો ન પામ્યાં સમય સુખભર્યો સ્નેહનો સ્વાદ લેવા
દૃષ્ટિથી દૃષ્ટિ ક્યારે હૃદય નિરખવા મેળવી ના નિરાંતે
સંતોષેથી સુધાનું વિતરણ ન બન્યું નિર્મળી કો નિશાએ

ક્યારે ના વિઘ્ન વાટે, પણ સમય નહિ વ્યોમમાં આવવાને
કાં તો પૂરી કળાઓ નહિ હૃદય વિષે વ્હાલ વિસ્તારવાને
શક્તિ ને સ્વાસ્થ્ય પૂરાં, સ્થિતિ પ્રિય જનમાં, અભ્ર કેરા અભા
એવો તો યોગ એકે પળ પણ ન મળ્યો પામવા સ્નેહ-લ્હા

Website: http://www.allimagetool.com



ઉગીને અસ્ત પામી વિમુખ વળી જવું સર્વ ઈચ્છા શમાવી,
બંદી જેવી દશામાં પરવશ પડીને ચાલવું નેત્ર મીંચી;
દૂરે દૂરે શીખાતાં હૃદય નિરખવાં દૃષ્ટિ દેતાં ન દેતાં,
ના સંદેશો સુભાગી, નહિ વચન કશું સાન્ત્વના સ્વલ્પ દેવા.

અંતે આવી અમૂલી રમતી હૃદયમાં શારદી પૌર્ણમાસી,
આવી આનંદ દેતી નવલ રસભરી શાંત સંકેતરાત્રિ;
વીતી વર્ષો હડીલી, મિત બળ ધરતાં અભ્રનો અંત આવ્યો,
આછા રંગે રસેલા વિમળ વિયતનો માર્ગ લાગે મજાનો.

સાંયકાળે સલૂણો રમણ રજનીનો પૂર્વપીઠે વિરાજી,
ધીરે ધીરે પધારે અતિ ઉલટભર્યો પૂર્ણ પીયૂષ પામી;
ઉંડી ઉંડી ગયેલી કંઇક સમયની ઉછળે શીઘ્ર આશા,
સોનેરી સ્વપ્ન કેરા અજબ ઉમળકા અંતરે ફુલ્લવંતા.

જોતો કૈં કૈં કટાક્ષ, વિરહી હૃદયને દર્શને ધૈર્ય દેતો,
સ્નેહીનો સ્પર્શ સેવી પુલકિત બનતો, સ્નેહ પામી સુહાતો:
સંકલ્પો ભવ્ય ભાવે ઘડી ઘડી ઘડતો, સ્વચ્છ સન્માર્ગ જોતો,
ઉડી રે'તા અધીરા તરલ હૃદયને રોકતાં વ્યગ્ર થાતો.

અસ્તાબ્ધિને કિનારે ગમનસમયની વેદનામાં વસેલો,
ઉંચી આશા ધરીને નિજ પ્રતિનિધિને જોઇ સંતોષ લેતો;
સ્નેહે સામ્રાજ્ય સોંપી અતટ ગગનનું સાનમાં કૈં કહીને,
શાંતિના સદ્મ માંહે સદય દિનપતિ જાય ચિંતા ત્યજીને.

એને આશ્વાસ આપી પ્રતિ પળ ચડતો વ્યોમને પુણ્યપદે,
સૌભાગ્યે શર્વરીનું હૃદય રીઝવતો વર્તતો હર્ષ હેતે:
વાત્સલ્યે વ્હાલઘેલો જલધિ હરખતો નાચતો કૈં તરંગે,
ને વામાઓ વધાવી રસવશ રમતી રાચતી રાસરંગે

આવ્યો, આવ્યો ઉમંગે ગગન–હૃદયના મધ્યમાં મધ્યરાત્રે,
થંભ્યો કૈં ભાન ભૂલી નયન ભરી ભરી દેખતો દિવ્ય ભાવે:
સ્નેહીની સંગતિના સુખદ સમયનો અંત ના સ્વાન્ત દેખે,
ભોળા ભાવે ભરેલાં હૃદય સહજમાં કાળનું કર્મ જાણે

કિંતુ સૌભાગ્ય સાચું સ્થિર ન રહી શકે જન્મદુઃખી જનોનું.
ઓછા પ્રારબ્ધમાંહે અમર–વિભવની સંસ્થિતિ સંભવે શું!
ધારેલી ધારણાઓ ઉર મહિં ઉપજી શૂન્યભાવે સમાય.
આશાની વલ્લરી કૈં પ્રકટિત થઈને નષ્ટ–નિર્મૂળ થાય

આવે સામે અધીરો મલિન મન તણો દોડતો દુષ્ટ રાહુ,
કોપેલા કાળ જેવો વિકટ વિકસતો કારમું વક્ત્ર કાળું:
ધીરે ધીરે ગ્રહીને સરલ હૃદયનાં સત્ત્વને લૂંટી લેતો,
સર્વે સંકલ્પ સંગે અહહ! ઉદરના ગર્ત્તમાં સ્થાન દેતો!

પ્રીતિ કેરા પ્રસંગો વિવિધ વિસરતા હાય! પંચત્વ પામ્યા
રોતા જોતા અભાગી અબળ અહીં તહીં તારલા આ બિચારા
ને આપત્તિ અજાણી નિરખી નયનથી દુઃખભારે દબાતાં
ઘેલી જેવી બનેલી અવિરત રડતી તેજહીણી ત્રિયામા

Website: http://www.allimagetool.com



હા ! એ દોડયો મહીને પુનિત પ્રણયની સર્વ ફોરા ત્યજાવી,
કોંસીલાં હર્ષ પામી હર પછી હસતાં અંતરોને રડાવી;
મૃત્યુના અંકમાંએ સહજ મધુરતા ના શકે સ્વાન્ત છોડી,
ઓછું તોએ ઉમંગે હૃદય રસ તણું દાન દેતું દયાથી.

મોંઘેરાં મૂલ્યવાળી, ચિર સમય તણા પુણ્યપુંજે ભરેલી,
સંકલ્પો સર્વ સાંખી વ્યથિત હૃદયથી સર્વ કાળે સ્મરેલી;
સદ્ભાગ્યે સાંપડેલી સુભગ શરદની એકની એક રાત્રિ,
અંતે છોડી અધુરી ! હત હૃદય તણી હા ! દયા શી નઠારી !

# એક વાદળીને

( શિખરિણી. )

ઘણાં અભ્રો ઘાટાં ગગન પર આવી વહી ગયાં,
ઘણાંયે ગાજીને જગ ખળભળાવી વહી ગયાં;
અનેરી આશાઓ હૃદય પ્રકટાવી વહી ગયાં,
હજારો હૈયાંને ચપળ ચમકાવી વહી ગયાં.

પરંતુ ના એકે જલકણ દયાથી દઇ ગયાં,
તપેલી સૃષ્ટિને લવ પણ ન શાંતિ દઇ ગયાં;
સુભાગ્યે સંચેલું સલિલધન સંગે લઇ ગયાં,
હતાં તોએ અંતે નભ મહિં નહોતાં થઇ ગયાં.

અને આશા ઉંચી જગ-હૃદયની નિષ્ફલ થઇ,
અભાગી આંખો એ રડતી મુખ જોતી રહી ગઈ;
હસાવી, લોભાવી મહી અનિલ એને લઇ ગયો,
અમારી વૃત્તિને દઢતર નિરાશા દઈ ગયો.

મયૂરોનું મીઠું સફળ કંઈ સંગીત ન થયું,
ન રીઝયું બિંદુથી હૃદય જરીએ ચાતક તણું,
વૃથા ઉષ્મા વેઠી જગત અકળાયું દિન કંઇ,
સ્થિતિ તો પર્યન્તે હૃદય તપવાની રહી ગઇ.

Website: http://www.allimagetool.com

( ૨૧ )

હવે તો તું વ્હાલી ! અમ ઉર વિષે વાદળી વસી,
દીસે રિક્તાકાશે ભ્રમણ કરતી એકજ રહી;
હણાયેલે હૈયે મધુર તુજ મૂર્ત્તિ રમી રહી,
અને ભીની દૃષ્ટિ તુજ મુખ-સમીક્ષા કરી રહી.

હવે તો હેતેથી હૃદયરસ વ્હાલી ! વરસજે,
અમારા સંતાપો બહુ દિવસ કેરા બુઝવજે;
ભલે ધીમે ધીમે તુજ જીવનનું દાન કરજે,
અને આ પ્રાણોમાં વિવિધ રસ રેડી મળી જજે.

અરે ! જો, આ સામે અનિલ તુજને પાય પડતો,
અધીરો આકર્ષી હરણ કરવા ઉદ્યત થતો;
રખે એની સંગે હૃદય રખડાવી વહી જતી !
રખે દેતાં દેતાં જીવન, કર તાળી દઇ જતી !

ભલે તું નિર્ઘોષે નહિ મનુજનાં માનસ હરે,
ભલે ના દીપ્તિથી ભભક ભરતી આકુલ કરે;
પરંતુ કૈં જૂદું તુજ હૃદયમાં વ્હાલ વિલસે,
અને એથી આશા ધરી અધિક આ અંતર હસે.

તને જીતી લેવા અમ નિકટ શક્તિ કંઇ નથી,
તને આકર્ષંતી અમળ અનુરક્તિ કંઇ નથી;
પરંતુ પ્રેમીનાં ઉર કંઈ અપેક્ષા નવ ધરે,
નિસર્ગેથી નિત્યે સકળ જનનાં સંકટ હરે.

Website: http://www.allimagetool.com

( ૨૨ )

તને એ સન્માર્ગે પ્રિય અધિક વ્હાલી ! વિચરવું,
યશઃકાયે જીવી, જગ–નજરથી માત્ર મરવું;
અને એવી રીતે અવનીતલ આવી ઉતરશે,
કૃપાથી કલ્યાણી ! પ્રતિ ભવન પીયૂષ ભરશે.

( ૨૩ )

# રાત્રિકૌતુક

( દ્રુતવિલંબિત )

વિહરણશ્રમ સર્વ નિવારવા,
જ્વલિત અંતરતાપ બુઝાવવા;
સુખદ શાંતિસુધા-રસ સિંચવા
પ્રતિ નસે નસ વિક્રમ પૂરવા.

થઇ કૃતાર્થ, મહા યશ મેળવી,
અનવલંબન પંથ પૂરો કરી;
શ્રમિત સૂર્ય ભલે સુખ સેવવા,
નિવસતો જઇ અસ્ત સમુદ્રમાં.

સબળ એકલ વીર વહી જતાં,
બહુ કુતૂહલ વ્યોમ વિષે થતાં;
સહન સર્વ કરી ધૃતિ ધારશું,
વિરહ વલ્લભનો ઉર વેઠશું.

ગગન વિશ્વ અનાથ થયાં ગણી,
રસભર્યો સહસા રજનીપતિ;
ધરી પરિવૃઢવેષ વિરાજતો
લલિત હાસ્ય થકી લલચાવતો.

Website: http://www.allimagetool.com



પ્રતિબિંબ પણ ભાસ્કરનો ભલે,
તમ યથાબલ એ હરવા મથે;
તરુવરે નભમાં કંઈ તારલા,
ભયવિહીન નિરંકુશ નાચતા.

અબુધ અર્ભકની પણ એ ક્રિયા,
સહન અંતરથી કરશું સદા:
અહીં તહીં ઉડતા બહુ આગિયા.
સમય પામી ભલે ક્ષણ ખેલતા.

પણ ઘરોઘર દેહ ઝઝાડતા,
તિમિરને હણવા ઉર ઈચ્છતા;
મુખથી કેવળ કાજળ ઓકતા,
સદન શ્યામ કરી સુખ પામતા.

અમિત દીપક આ પ્રકટી પડયા,
સહન થાય ન એ ઉરથી અહા !
સ્વબલ અંતરથી સમજ્યા વિના,
સમરમાં ધસવા કટિ બાંધતા !

તિમિરબાળક પાછળ કૈં પડયાં;
પળપળે પરિહાસ કરી રહ્યાં,
નિરખી લજ્જિત અંતરથી થતા,
પ્રકટતા વદને વધુ રક્તતા:

Website: http://www.allimagetool.com

( ૨૫ )

સહજ સ્પર્શ સમીર તણો થતાં,
ધૃતિ ત્યજી ભયવિહ્વલ ધ્રૂજતા;
અશન કેવળ સ્નેહ તણું કરી,
મલિન જીવન માત્ર રહ્યા ધરી.

કંઈક સુંદરીઓ તણી સાહયના-
શરણથી ઘડી બે ઘડી જીવતા:
પ્રણય-જીવન હીન પતંગને,
છળથી છેતરી પાડી પ્રસંગને.

અહહ ! આપી અચાનક અંધતા,
ઉર-હુતાશનમાં હસી હોમતા !
શરણ પિંજરનું કંઈ સેવતા,
પણ રહે નહિ કાયર કંપતા !

પ્રબળ ભાસ્કર ક્યાં પ્રતિભાભર્યો?
અધમ નિર્બળ દીપક ક્યાં અહો !
ગતિ અવર્ણ્ય વિલક્ષણ કાળની,
કળી શકે મતિ ના મનુજાતની !

# ધરિત્રી

( મન્દાક્રાન્તા )

સ્નેહે ભીનો, સુભગ, સબળો, ધીર, ગંભીર પૂરો,
ઉચ્ચાત્મા ને અમલ ઉરનો, સર્વદા દાનશૂરો;
પ્રાણીમાત્રે પ્રણય રચતો, રાજવંશી, રસીલો,
વિશ્વાનંદી જલદ વિજયી કોડિલો કાન્ત મારો.

આષાઢે એ મુજ હૃદયને ભાવથી ભેટવાને,
ને દાઝેલું પ્રિય-વિરહથી સ્વાન્ત સંતોષવાને;
મીઠી વાતો બહુ દિન તણા પ્રેમની પૂછવાને.
દોડી દોડી ઉર-ઉમળકે આવતો વ્યોમવાટે.

કિંતુ પેલો અનિલ અવળો માનતો મિત્ર એનો,
ઇર્ષ્યાળુ ને ચપળ અતિશે ધૂજતો ધૈર્યહીણો;
નાચાં જૂઠાં કથન કહીને દૂર દોડાવી જાતો,
ભોળો મારો દયિત સહસા ભાન ભૂલી ઠગાતો.

ને એ ક્યારે સુહૃદ પ્રિયનાં આવતો મારી પાસે,
નાચી કૂદી મધુર હસીને વાંચ્છતો વંચવાને:
એની સામે નજર કરીને ના કદી હું નિહાળું,
ધિક્કારીને રજ શિર પરે ફેંકતી દૂર કાઢું.

મારાં મીઠાં પ્રિય-મિલનમાં વિઘ્ન વર્ષાવનારો,
ને હાંડીલો નિકટ રમતો ના ગમે એ નઠારો;
તોએ ન્હાનો દિયર સમજી હું ક્ષમા નિત્ય દેતી,
ને તોફાનો શિશુહૃદયનાં શાંતિથી સાંખી રે'તી.

ક્યારે એને ઉર અવગણી વર્ષવા હર્ષ ધારે,
વ્હાલો મારો વિકળ બનતો, એ થતો સ્તબ્ધ ત્યારે;
ત્યાં તો ભૂંડી મલિન મનની શીઘ્ર મારી સપત્ની,
ઉશ્કેરીને કુપિત કરતી વીજળી વ્હાલવ્હોણી.

ભૂલી વૃત્તિ સરલ ઉરની એ થકી કંથ મારો,
ક્રોધાવેશે કટુ વચનથી ગર્જતો કૈં અધીરો;
શબ્દાઘાતે વ્યથિત કરતો સર્વથા સ્વાન્ત મારૂં,
હા ! દુઃસંગે વિમલ હૃદયે વ્હાલ કેવું વીસાર્યું !

સ્વામી કેરૂં હૃદય પલટ્યું અંતરે એમ જાણી,
પામી પૂરૂં બળ, ઉલટતી શાપતી શોક્ય મારી;
દોડી આવી નિકટ, ઉરથી ફેંકતી ઉગ્ર જ્વાલા,
બાળી દેવા હૃદય, કરતી ક્રોધથી કૈંક ચાળા.

બીરૂ મારાં શિશુક સહુ એ જોઇ બ્હીતાં બિચારાં,
ચીસો દેતાં કરૂણ સ્વરથી હાય ! રોતાં બિચારાં;
અંકે એને લઇ હૃદયથી ચાંપતી ચૂમતી હું,
પંપાળીને પ્રણય-વચને શોક સંહારતી હું.

તોએ એકે સ્વર વદનથી ના વદું શોકય સામે,
સ્નેહીનાં તો સહન કરવા સ્વાન્ત હૈયે સજ્યાં છે;
સ્હેવામાં જે રસ વિલસતો તે ન સામે થવામાં,
વારિમાં જે રહી શીતલતા તે ન અગ્નિપ્રભામાં.

શાન્તિ કેરો વિજય ન વસે વૈરને વાળવામાં,
મૌને જેવું સુખ મનુજને તે નથી ગાજવામાં;
શાંતિમાં જે સહજ વિરતિ તે નથી કોપવામાં,
રોવામાં જે વસી વિમળતા તે ન રોવાડવામાં.

એ તોફાનો સમય વધતાં સર્વથા શાંત થાશે,
બૂડો અગ્નિ તૃણ ન મળતાં આપ બુઝાઇ જાશે;
હોડે તેને શ્રમિત બનવું, હાંફવું હોય નિત્યે,
ના ભાસે કૈં ભય પતનનો સ્વસ્થને સ્વસ્થ ચિત્તે.

છો એ ગર્વે શરમ ત્યજતી હું ન એવી થવાની,
જે વીતે તે હૃદય ધરતી ધૈર્યથી હું ધરિત્રી:
ભોળું હૈયું ઘડી ચડીભડી છો રહ્યું સંગદોષ:
છો એ સંગે દયિત પણ હા ! કારમાં વેણ કહે.

એ છે મારો તનુ હૃદયથી તે ન દૂરે જવાનો,
અર્પ્યું હૈયું પ્રણય-પલટે હોય સંદેહ શાનો ?
છોને એવાં અમિત હૃદયો અંતરાયો વધારે,
છોને એવી વિષમ ઘડીઓ ઉડતી નિત્ય આવે !

Website: http://www.allimagetool.com



કોટિ વિઘ્ને ભરિત ભવમાં સ્નેહનો માર્ગ લાંબો,
આડા ઉભા પદ પદ વિષે તસ્કરો ત્યાં હજારો;
લોભાવી કે સહજ ભયથી મુંઝવી મોહ આપી,
લૂંટી લેતા પ્રણય-ધન એ ઉગ્ર અસ્ત્રો ઉગામી.

હા ! પ્રેમીને અચુત અસિની ધારમાં ચાલવાનું,
ને હૈયાંને વિષમ વિષના પાનથી પોષવાનું,
અગ્નિ કેરા સતત બળતા પેટમાં પેસવાનું,
ને કાંટાની કઠિન કપરી સેજ માંહે સુવાનું.

તીખા તીખા શર જગતના છાતીએ ઝીલવાનું,
ને ઝેરીલા વિષધર તણા સંગમાં ખેલવાનું;
કાચા સૂત્રે ગગન-પથમાં દેહ દોલાવવાનું.
ને સિંધુના ઉપર ચરણો માંડીને ચાલવાનું.

હા ! એ અંતે ગઈ બવનમાં દાઝતી આપ અંગે,
ને પસ્તાવે મલ હૃદયનો નાથ ધોતો નિરાંતે;
દુઃસંસર્ગે હૃદય પ્રણયથી ભાન ભૂલે કદાપિ,
તોએ અંતે સહજ શુચિતા ઉદ્ભવે અંતરેથી.

જો જો ! આવે મુજ ભણી હવે હસ્ત લંબાવતો એ,
કેવું મીઠું ઉર ઠલવતો, નાચતો રાચતો એ !
નવ્યોત્સાહે પય વરસતો, ભેટતો ભવ્ય ભાવે,
ને આ મારૂં ઉર ઉલટતું વ્હાલ ઝીલી વધારે.

ત્યાં તો પેલી હૃદય બળતી શોક્ય આવી સપાટે,
આક્રોશંતી ઉભય ઉરને, કોપતી ફૂટતી એ;
ઇર્ષ્યાગ્નિથી જ્વલિત હૃદયો શાંતિ ક્યારે ન સેવે,
**મૃત્યુ પ્હેલાં શઠ મનુજના હા ! સ્વભાવો ન છૂટે!**

તોયે દેતો હૃદય-રસ એ પ્રાણ પાછો ફરે ના,
**ઓજસ્વીના અચલ ઉરને કોઈ રોકી શકે ના;**
કર્તવ્યે એ હૃદય વિચર્યું તે નહિં માર્ગ છોડે,
છોને વચ્ચે ભય વરસતાં વેગથી વિઘ્ન દોડે!

જો ! એ કોપે કંઇક કપરાં શોક્યને વેણ કે'તો !
ને ભીતિથી, કંઇ વિનયથી એ ઉપાલંભ દેતો;
તોયે એ તો કલહ કરતી શાંત ના થાય ક્યારે,
ને વ્હાલો તો વિમલ ઉરથી વર્તતો લક્ષ ધારે.

આપી આપી ઉર, ઉલટથી આર્દ્રતાં છાઇ દીધી,
ને રેલાવ્યો પ્રણય-જલધિ, ન્યૂનતા કૈં ન રાખી;
એ આનંદે પુલકિત થતાં કાંઇ બોલી શકું ના,
પ્રીતિના કે સ્તુતિકથનના શબ્દ શોધી શકું ના.

ભીંજાએલાં હૃદય-તલનાં ઉત્તરે માત્ર આંસુ,
પ્રેમી દેવું દયિત-દિલને અન્ય અર્પી શકે શું !
આશાથી ને જગ-નિયમથી હા ! સમર્પ્યું વધારે,
તોએ પીએ હજુ વરસવું ચિત્તથી એ ન ચૂકે !

એવી રીતે બહુ દિન થતી વ્હાલની રમ્ય વૃષ્ટિ,
ના ચાલે કૈં પણ ઝગડતી શોકય તો સંગ સાચી !
હેઠે હૈયે પ્રણય–રસની મીઠડી લ્હાણ લીધી,
રંગે રાચી સુર–ભવનની કેલિઓ કૈંક કીધી.

સાડી અંગે હરિત ધરતી દિવ્ય સૌભાગ્યવાળી,
કોર્યા બુટ્ટા કંઇ કુસુમના વેલ્યની ભાત પાડી;
લજ્જાથી ને ઉર–હરખથી નાથને હું નિહાળું,
મોઢા કેરા નિયમ ગ્રહતી તોય કૈં કૈં હસાતું.

આસો માસે અધિક ઉજળો પુણ્યશાળી પ્રતાપી,
કર્ત્તવ્યાબ્ધિ તરી, હૃદયનો ભાર ભાવે ઉતારી:
મોંઘી મીઠી અમિત ઉરને ભાવતી ભેટ આપી,
વિશ્રાંતિમાં કંઇ વિલસતો ઓપતો એ યશસ્વી.

માગ્યું આપે જનક કરથી સર્વ રીતે સુતાને,
છાનું તોએ અમુક હદમાં જોઇને માત આપે:
કિંતુ આપે દયિત દિલના દોડતા કોટિ હાથે,
એનું થોડું પણ મનુજથી ના બને માપ કયારે.

સિંધુ કેરા સલિલકણની કૈંક સંખ્યા કહાય,
ને પૃથ્વીની રજ પણ ગણી કોઇ કાળે શકાય;
સંબંધીના મિત પ્રણયની સીમ કયારે જણાય,
રે ! પ્રેમીના પ્રણય–બળનો પાર તો ના પમાય !

[illegible]

સંતોપેલાં શિશુ સકળને નેત્ર મીઠે નિહાળી;
સંતોપેલા મુજ હૃદયનો ભવ્ય રોમાંચ બાળી;
પત્રોથી ને કુસુમ ફલથી દેહ મારો દીપાવી,
નિદ્રા લેતો સહજ સુખની શાંતિનો શ્વાસ ખેંચી

રે ! રે ! પેલી હૃદય રડતી શોકય એથી રીસાણી,
રોતી રોતી પથ પિયરને સ્નેહ છોડી સિધાવી:
એને અર્થે શ્રમિત પણ હા ! કંથ ઇચ્છે જવાને !
ને દાઝેલું ઉર રીઝવવા સ્નેહથી શોધવાને !

દેવી વૃત્તિ નિરખી ન શકે દોષ કે રોષ ક્યારે,
સ્વીકારેલા જન-હૃદયને ના ત્યજે કોઈ કાળે;
એ પ્રેમીના પુનિત પથમાં વિઘ્ન હું કેમ નાખું !
સારી ભૂડી પણ દયિતની એ નથી વહાલા શું !

ધીમે ધીમે પ્રણયરસિકે હાય ! પ્રસ્થાન કીધું;
ને મુંઝાતા મુજ હૃદયને ચાંપીને ધૈર્ય દીધું;
દૂરે દૂરે ગમન કરતાં દૃષ્ટિસીમા વટાવી,
ને હું રોતી ગઈ ભવનમાં દીર્ઘ નિઃશ્વાસ નાખી.

વ્હાલા કેરી અતિ ઉલટથી નિત્યે નિહાળું,
આજે કાલે જરૂર વળશે, એ ક્રમે કાળ કાઢું:
ના ઇચ્છું હૈં સલિલધનથી પ્રાણને પોષવાને,
ઇચ્છું એને કુશળ નિરખી અંતરે રાખવાને

વીત્યા લાંબા દિવસ, ન મળ્યો સ્વલ્પ સંદેશ પાછો,
કંપે હૈયું ધૃતિ વીસરતું, શોક રહેજે છવાતો;
તોએ એના મૃદુ હૃદયનું ધ્યાન નિત્યે ધરીને,
કાઢું કષ્ટે દિન વિરહના સ્નેહલીલા સ્મરીને

( ૩૪ )

# ક્ષારાબ્ધિને

( મન્દાક્રાન્તા )

શીળી છાયા દઇ હૃદયનો તાપ સંહારવાને,
ને દૂરેથી પથિક જનનાં ચિત્ત આકર્ષવાને:
તારે તીરે અયિ ! જલનિધે ! વૃક્ષ એકે ન ભાસે,
ક્યાંએ લીલું તૃણ નયનને ઠારતું ના જણાયે.

ઉડી ઉડી કંઇક વિહગો આવતાં વ્યોમવાટે,
કે આશાએ હરિણ ભરતાં ફાળ આવે ઉમંગે;
દેખી તારૂં વિકટ ઉર એ દૂરથી દૂર નાસે,
ને તોયાર્થી જન પણ કદી કોઇ આવે ન પાસે.

સૃષ્ટિ કેરાં જન, વિહગ ને પ્રાણિમાત્રે ત્યજેલો,
નિત્યે નીચા, વિજન જગના પ્રાંતભાગે પડેલો;
આવે ક્યારે પથિક તુજને માત્ર ઉલ્લંઘવાને,
ઉંચે હૈયે અભિલષિત કો સ્થાન પ્રત્યે જવાને.

સેવે તારૂં શરણ પણ તું ના પળી પાય પાણી,
ક્યારે એનાં જીવન હરતો ધર્મ સામાન્ય ભૂલી;
એ વૃત્તિ, એ સ્થિતિ હૃદયને સર્વ રીતે રડાવે,
તોએ તું તો વિફળ સરખો નિત્ય ફૂધાં કરે છે !

પશ્ચાત્તાપે સતત બળવું, એ ઘટે કાર્ય તારૂં,
તોએ નાચી ઉર ઉછળતો વેગથી કેમ વારૂ ?
એવો તારા અધમ ઉરમાં આજ આનંદ શો છે ?
વ્યાપી અંગે વિવશ કરતો સ્નેહનો સંગ શો છે ?

ના પ્રીતિ. ના હરખ કંઇ, ના પુણ્ય કેરો પ્રસંગ,
ભુંડા ક્ષારે ભરિત ઉર ને એ થકી લિપ્ત અંગ;
રાચી પાપે હૃદય ઉછળે એ સદા ક્ષારવાળું,
ના લજ્જા કે સહજ કરૂણા સેવવા લેશ ચ્હાતું.

કાંઠે કાળા ભય વિતરતા પત્થરો આ પડેલા,
સ્હેજે તારા સદૃશ ગુણના મિત્ર આવી મળેલા;
એનું કાળું ઉર કઠિન ને ક્ષારથી પૂર્ણ તારૂં,
ત્યાં વૃત્તિને મૃદુલ કરવા ક્યાં બને યોગ વારૂ ?

છોડી દીધો જરૂર જગતે ધૃષ્ટને દુષ્ટ ધારી,
તોએ છોડી અહહ ! ન શકે પ્રેયસી આ બિચારી !
દોડી આવે તરૂણ તટિની અંકમાં ઐક્ય લેવા
મીઠા મીઠા નિજ જીવનનું સર્વદા દાન દેવા.

કિંતુ સ્પર્શી સહજ તુજને થાય સર્વાંગ ખારી,
હા ! દુઃસંગે જીવન જગમાં કોણ ના જાય હારી ?
પ્રક્ષાલન્તું મલ જગતનો, પુણ્ય પીયૂષ દેતું,
સંતોષેલાં અમિત ઉરની આશિષો ઉચ્ચ લેતું.

[illegible]

હા ! મુગ્ધાનું હૃદય ઝડપી જીવવું ઝેર દીધું,
આશા ઉંચી અફળ કરીને લૂંટી સૌન્દર્ય લીધું:
તોએ વૃત્તિ પ્રણય વહતી અન્યથા એ ન થાય,
હોંશે હોંશે ઉર ઠલવતી એક ભાવે સદાય.

અંગો અંગે, હૃદય હૃદયે, જીવમાં જીવ જોડી,
ભોળાભાવે તુજ હૃદયમાં એ થતી લીન કેવી !
વંચાતાંએ પ્રણયરસિકો ભાવ ક્યારે ન ભૂલે,
ને અદ્વૈતે હૃદય રમતાં લાભહાનિ ન દેખે.

લાખો એવી સરસ સરિતા અર્પતી મિષ્ટ વારિ,
ને વર્ષાથી જલદ ભરતો સ્વાન્તને, મિત્ર માનીઃ
તોએ ખારૂં હૃદય જરીએ ના કદી ક્ષાર છોડે,
ને દિવ્યાત્મા પણ ન દિલથી ઉચ્ચ કર્તવ્ય ચૂકે.

( ૩૭ )

# ગિરિનિર્ઝર

( હરિણી )

સુત-વિરહથી આંસુભીનું રડે ઉર રાંકડું,
ધબક ધબકી ધ્રૂજી ઉઠે, બળે બહુ બાપડું;
પ્રિય-વિરહના સંતાપો ના સ્વભાવ સહી શકે.
વિષમ પળને ઝીલી વેઠી ન ધૈર્ય ધરી શકે.

પણ કઠિન ને કાંટાવાળો વડો પથ વિશ્વનો
કુમ હૃદયને ક્યારે પૂછે નહિ વ્યવહારનો;
છદ ઉઘડતાં ઉડી ચાલે વિહંગમશાવકો,
નભ વિલસવું વર્ષાકાળે ત્યજે જલવાહકો.

વિમલ ઝરણું આ ઉત્સાહી સ્થલાંતર ખેલવા,
નવલ નવલા મિત્રો શોધી નવો રસ પામવા;
જનક નગની આંસુ વ્હેતી શુભાશિષ સંગ્રહી,
મધુર હસતું ધીરે ધીરે પડ્યું ઉરથી સરી.

નિકટ રમીને સંધ્યાકાળે હતું સદને જવું,
પણ વિપિનની શોભા જોતાં નિદેશ ભૂલી ગયું;
પદ પદ થકી દૂરે દૂરે વિમોહિત સંચર્યું.
જનક-ઉર તો રસ્તો જોતું સદા રડતું રહ્યું !

પથપતિત કૈં પાષાણોથી ડરી તરતું જતું,
તૃણ કુસુમને સંગે લેતું વળી ત્યજતું જતું;
ઘડી વિચરતું ધીમે ધીમે, ઘડી મહિં દોડતું,
ઘડીક ગૃહને સંભારીને અરે ! અટકી જતું !

હરિણશિશુકો દોડી દોડી ઉમંગથી આવતાં,
વિમલ જલના પાને રાચી કને રહી કૂદતાં;
ગગન-પથનાં ક્યારે પંખી અચાનક આવતાં,
ઉર-સલિલને ભેટી લેતાં અને અવગાહતાં.

લલિત કરથી એને અંગે અડી ઉર રાચતું,
હૃદય ઉપરે ઝીલી રાખી ઘડીક રમાડતું;
વિહગ સહસા ઉડી જાતાં અધીર બની જતું,
કંઇ ઉછળતું ને ખીજાતું વળી વિરમી જતું.

કંઇક તરુઓ તીરે ઉભાં અનામય પૂછતાં,
ફલ કુસુમથી સત્કારીને સહર્ષ વધાવતાં;
અમળ ઉરને મૈત્રી માટે નહિ મથવું પડે,
જગત સઘળું એ વૃત્તિને અધીન બની રહે.

તપન તપતો ઉના અંશુ કદી કદી ફેંકતો,
કંઇ રમતથી ને હાંસીથી લગીર તપાવતો,
તુરત તરુઓ શીળી છાયા શિરે કરી રાખતાં,
રવિ-કર તણા સંતાપોથી સદૈવ બચાવતાં.

ગહન વનની વાટે ભૂલા પડી પથ શોધતા,
તૃષિત પથિકો આથાયેલા અનુદિન આવતા;
સુજગ સલિલે સત્કારીને પરિશ્રમ ટાળતું,
લઘુ વય છતાં સત્કર્મોને સદા ઉર સેવતું.

કંઇક ઝરણાં ન્હાનાં મોટાં વને રમતાં મળે,
પ્રણય પ્રકટી ને સદ્ભાવે અભેદ ધરી રહે:
સહુ સુહૃદને સંગે રાખી મહા વન મ્હાલતું,
વય, વિભવ ને કર્ત્તવ્યોમાં વળી વધતું જતું.

સઘન વનને સામે કાંઠે વડી સરિતા વહે,
અમિત ઝરણાં એને અંકે પડી વિલસી રહે;
કુતૂહલભર્યું એમાં ઇચ્છે અહો ! ઉર ખેલવા !
નવલ જગનાં કર્ત્તવ્યોનો નવો ક્રમ દેખવા.

ઉર ઉઘડતાં ને અભ્યાસે વધુ બળ આવતાં,
ક્રમ ક્રમ થકી વિઘ્નો ભેદી નિરંતર ચાલતાં:
સુભગ હૃદયો દૂરે દૂરે ગતિ કરતાં રહે,
અમર-પથમાં ઉડી ઉડી યથાબલ સંચરે.

તટિની-હૃદયે હા ! એ દોડી ગયું ! સહસા ગયું !
હૃદય ઉડતાં રોકેલું એ નહિ ઘડીએ રહ્યું
કઠિન સઘળાં કર્ત્તવ્યોને વરી સહજે ગયું,
વિમલ ઉરને શું સંકષ્ટે પડે કદી શીખવું !

ૐ

Website: http://www.allimagetool.com



સમુદય વિષે ભેળાયું ને ગભીર પથે પડ્યું,
શિશુવય તણી મીઠી ક્રીડા તજી—વીસરી ગયું;
પણ વિપિનને, એ વૃક્ષોને, વિહંગમવૃન્દને,
નિજ હૃદયથી તૃપ્તિ દેતું કદી અટક્યું ન એ.

# વનવલ્લરી

( દ્રુતવિલમ્બિત-અનુષ્ટુપ )

અવનવા અભિલાષ ઉર ધરી,
અવનવા રસ-ભાવ ઉર ભરી;
જગતનો નવલો રસ ઝીલવા,
પ્રણયપંથ નવીન નિહાળવા.

ધરિત્રી માતનો મીઠો અંક ઉત્સાહમાં ત્યજી;
ખેલતી લાડતી આવે આ નવી વન-વલ્લરી.

નવલ નેત્ર વડે અવલોકતી,
નવલ હાસ્ય થકી હસતી જતી;
નવલ કોમળ સુંદર દેહથી,
જગત-કાનનને ઝળકાવતી.

કોમળાં પત્ર—વસ્ત્રોથી કોમળું અંગ ઢાંકતી,
સ્પર્શતી સ્વાન્તને લજ્જા, ને ઉડી ઘડીમાં જતી.

પ્રણયનું રસ-ભાજન શોધતી,
ઉર તણું અવલમ્બન શોધતી;
દયિતના કરથી કર મેળવી,
અમરપંથ જવા તલપી રહી.

ઉષા

ચોપાસે ઘેરતાં ઉભાં બાલુડાં તૃણબાળકો,
અધીરી પૂછતી એને અજાણ્યો પંથ પ્રેમનો.

શિશુક એ શુણીને હસતાં હતાં,
રહી સમીપ ઘડી ઘડી ઘેરતાં:
કંઇક ખીજવવા દિલ ડોલતાં,
અમલ અંતરને અકળાવતાં.

રાંકડું ચિત્ત ઉત્કાનું એ ચેષ્ટા ન સહી શકે,
બિચારી ગાભરી બાળા ધૈર્ય છોડી રડી પડે.

જનની પાસ જઇ પથ પૂછવા.
હળતી સંભ્રમથી કંઇ વેગમાં:
પણ અચાનક લજ્જિત થૈ જતી,
કંઇ હસી પડી મૌન ગ્રહી જતી.

અનેરી સ્નેહની પીડા, નહિ સ્વાન્ત સહી શકે,
તથાપિ શી દશા ભૂંડી ! કોઇને ન કહી શકે !

ઉર વિષે ઉર-તાપ શમાવવો,
મુખ વડે રસ ભિન્ન જણાવવો:
રૂદનમાં પણ હાસ્ય બતાવવું,
અહહ ! સંસ્મૃતિશાસ્ત્ર દીસે નવું !

કંઈ દૂર દીસે વ્હાલો સુભાગી સ્નેહ-સોબતી,
દેખ્યો ને ઓળખ્યો એને સ્નેહની દિવ્ય દૃષ્ટિથી.

૩પર

Website: http://www.allimagetool.com

Website: http://www.allimagetool.com



સુરભિથી વનદેશ સુહાવતો
નયન દર્શનથી પણ ઠારતો:
અતિ ગભીર ઉદાર વિરાજતો:
રસભર્યો સહકાર સુલક્ષણો.

વ્હાલની કૂં નવી વાતો સાનમાં સમજાવતો,
સંદેશ સ્વાન્તનાં મીઠા વાયુ સંગ પઠાવતો.

પણ નહિ સહસા વિચરાય ત્યાં
સહજ સાદ કરી ન શકાય હા !
નિયમ વિશ્વ તણા વચમાં નડે,
અવનવાં જગ-બંધન ધુંચવે.

ઉત્સુક ઉભયે હૈયાં તથાપિ ન મળી શકે,
સ્નેહના તીવ્ર સંતાપો શું સંસાર કળી શકે ?

કંઇક મંદ-સુમંદ ગતિ થકી,
પરખતી પથ માત્ર મતિ થકી;
અહીં તહીં ભયથી અવલોકતી,
સહજ શબ્દ સુણી અટકી જતી.

તોફાની સિંધુની વચ્ચે ન્હાની શી નાવડી સમી,
તરંગો કાપતી કષ્ટે ડોલતી ડૂબતી જતી.

પવનના કદી કોપથી કંપતી,
કઠિન કૈંક બની ધૃતિ ધારતી;

Website: http://www.allimagetool.com



વિવિધ સ્વપ્ન ઉરે રચતી જતી,
વિચરતી નવ ભાવ જગાવતી.

પરંતુ કાળની ક્રીડા કોઈ જાણી શકે નહિ,
ક્યારે ખેલવું એનું વિશ્વ દેખી શકે નહિ.

તૃણ અનેક અહીં કર રોકતાં,
બળ થકી, છળથી અટકાવતાં;
કદી સમીર સવેગ સતાવતો,
ઇતર માર્ગ વિષે લઈ એ જતો.

વિઘ્નોની વૃષ્ટિઓ વેઠી તોય તે ચાલતી જતી,
માર્ગનાં કષ્ટ જોવાને ના મતિ જાગતી હતી.

દયિતનું સ્થળ દૂર હજુ ઘણું,
પળ પળે વધતું બળ વિઘ્નનું;
નિકટ કોઈ સહાયક ના મળે,
વચનનું પણ સાન્ત્વન ના જડે.

ક્યાં સુધી કાળની સામે રંક જીવ ટકી શકે?
ક્યાં સુધી દેવની ભૂંડી દૃષ્ટિ સ્વાન્ત સહી શકે?

હૃદયનું બળ સર્વ વહી ગયું,
ચલન-યંત્ર અરે! અટકી પડયું!
રસ-સુધાર્ણવ શુષ્ક થઇ ગયો,
લલિત કોમલ દેહ બળી ગયો.

Website: http://www.allimagetool.com



ઉમંગો સૌ ગયા ઉડી, શ્વાસની આશ ના રહી,
મૃદંગી હાય ! હારીને મૂર્ચ્છિતા ધૂળમાં મળી.

અવનવા અભિલાષ ઉડી ગયા,
અવનવા રસ-ભાવ વહી ગયા;
સકળ જીવન ઝેર બની ગયું,
હૃદય-રોદન માત્ર રહી ગયું.



૩૫૫

# કદલી

( શિખરિણી )

પતાકાની પેઠે પવન મહિં પત્રો ફરકતાં,
પલાશી મિત્રોને વ્યજન વિનયે નિત્ય કરતાં;
રસે ભીની રંભા ! ઉપવન તણું ભાગ્ય ભરતી,
શકે શાંતિ માટે પ્રકટ વનદેવી વિલસતી.

સુધારસ્પર્શી સ્કંધે લલિત ફળ દીપે લટકતાં,
હવાને હિંડોલે અધિકતર આંદોલિત થતાં;
સુભાગી સંતાનો નયન ભરીને તું નિરખતી,
અનેરી આશાથી હૃદય મહિં હોંશે હરખતી.

પરંતુ એ તારાં પરિણત થતાં સુંદર ફળો,
જવાની તું સ્વર્ગે ત્યજી જગતનો સાથ સઘળો !
રહ્યું ગાજી માથે મરણ તુજ જીવિત હરવા,
ન જાણે વાત્સલ્યે ભરિતહૃદયા એ ભય જરા.

અને જાણે તોએ નથી હૃદય શોકાતુર થતું,
શકે શું ઉત્સાહે નિધન-પદવી કે નિરખતું ?
ખરે ! સંતાનોનો વિરહ તુજને વ્યાકુલ કરે,
જવા બેઠાં જાણી અનુમરણને તું ઉર ચહે.

Website: http://www.allimagetool.com



અહો ! હેવી પ્રીતિ જરૂર જનનીની જગતમાં,
હજારો સંબંધો પીગળી પડતા એ પ્રણયમાં;
પિતા ભ્રાતા કેરો પુનિત વસુધામાં પ્રણય છે,
પરંતુ માતાના પ્રણય તણું એ સામ્ય ન ભજે.

હજારો હૈયાની અનવરત આશીષ ઉછળે
રમાડે રોમાંચે, વદન નિરખી વિશ્વ વીસરે;
પ્રસૂની પાસેથી જગ પ્રણયનું શિક્ષણ ગ્રહે,
સગાં ને સ્નેહી સૌ અનુસરણ એનું અનુભવે.

પ્રજા પામે નિત્યે જનક–ઉરમાંથી કઠિનતા,
અને માતા કેરું મૃદુ હૃદય સેવી મૃદુલતા;
અધીરા એ પ્રાણો સતત સુતની પાછળ ભમે,
કરે શીળી છાયા, કઠિન પથના કંકર હરે.

ભવાબ્ધિનાં ખારા સલિલ મહિં એ મિષ્ટ ઝરણું,
વિબુધે વાંચ્છેલું શરણ સુખકારી શિશુ તણું;
અહો ! એવી માતા મરણ–મુખમાં પુત્ર પડતાં,
શકે જીવી ક્યાંથી અધમ સુખ માટે જગતનાં ?

અને એ માતાના ઉદર થકી જે પુત્ર ઉપજે,
રસેથી સિંચેલાં હૃદય નહિ એનાં કયમ રહે ?
પરાર્થે એ પ્રાણો દઇ જગતને રંજિત કરે,
અમૂલા આસ્વાદે અમરફળને કાં નવ હસે ?

ઉષા

Website: http://www.allimagetool.com

( ૪૮ )

સુકેલિ સંકેલી, અનશન વ્રતેથી કૃશ બની,
ભલે તું મૃત્યુનું શરણ ગ્રહવા તત્પર થઇ !
ફળો મીઠાં મૂકી, ધરણિ મહિં ધન્યત્વ લઇને,
સદા શાંતિ સેવે સુકૃતિ જન અંકે નિધનને.

# ભાગીરથી

( વસન્તતિલકા )

દીઠું ભગીરથ તણા શ્રમનું સુહાતું,
હા ! આજ ભવ્ય પરિણામ મનોજ્ઞ મીઠું !
કર્તવ્યનિષ્ઠ ઉરના જયની સુગીતા,
દીઠી મહાર્ણવ સમી સુરવંદ્ય ગંગા.

પૂરો પ્રયાસ મરણાન્ત કર્યો પિતાએ,
કીધો હતો સતત પૂજ્ય પિતામહે તે:
તોએ અભીષ્ટ ફળ ના નજરે નિહાળ્યું,
ને લક્ષ્યનું ન લવ નામ નિશાન ભાળ્યું.

તોએ ભગીરથ મથ્યો ત્રિગુણા ઉમંગે,
ને દેહની ન દરકાર કરી લગારે;
શોભાવતી હૃદયથી ત્યજી રાજલક્ષ્મી,
દીધા વડા વિભવ ઐહિક સર્વ છોડી.

કાં પામવો વિજય સ્વીકૃત કાર્ય માંહે,
કાં પામવું મરણ પૂર્વજના સુપન્થે,
એવો ઉરે અચલ નિશ્ચય હોય જેને,
સ્વર્લોક-વૈભવ ન દૂર જણાય તેને.

[illegible]

દીઠી નગેન્દ્ર-ઉર ભેદતી લક્ષ ધારે,
ને લોકમાં ઉતરતી પ્રબળા પ્રવાહે;
નાના તરંગ થકી નાચતી ભવ્ય ભાવે,
સ્વર્લોક-સેવ્ય સરિતા અચિરાય એણે.

દીઠી અને જગતના જનને બતાવી,
સંતૃપ્તિ પૂર્વજ તણા ઉર માંહિ આપી;
એ વીરના વિજયને જગતે વધાવ્યો,
ને દિવ્ય આર્ય-ઇતિહાસ વિષે ગવાયો.

એ સત્પ્રયાસ, ફળ, સાહસ એ સુભાગી,
એ ધૈર્ય, ખંત, દૃઢતા, ઉર એ યશસ્વી;
સંસારના હૃદય માંહિ ઠસાવવાને,
ને એ સુપન્થ પર નિત્ય ચલાવવાને.

તીર્થત્વ, પાવનકરત્વ, શુચિત્વ ગ્રહે જે,
એ કાર્યને વિબુધવર્ગ ન કેમ આપે?
ને વિશ્વમાં અમર એ કૃતિ રાખવાને,
'ભાગીરથી' સદભિધાન ન કેમ આપે?

એ પ્રાપ્યનો ઉચિત આશય એક એ છે,
જે આર્યના ઉર વિષે પળ એક પેસે;
તે સર્વ પાપ થકી મુક્ત થઈ નિરાંતે,
ગીર્વાણના ગૃહ વિષે: જઈ કાં ન બેસે?

સેવીં અનેક શ્રમ દૂર થકી ઉમંગે,
હા ! આવીએ તુજ પદે અયિ ! માત ગંગે !
ને શૂન્ય માનસ વડે વપુને ભીંજાવી,
પાછા ગૃહે વિચરીએ સુરને હસાવી.

મીઠું મહત્ત્વ કદી અંતરમાં ન આવે,
એ વીરનું સ્મરણ ના પળ એક આવે;
કર્ત્તવ્યનિષ્ઠ બનવા નહિ સ્વાન્ત જાગે,
ને અન્યના શ્રમ તણું ફળ આપ માગે.

આરંભી કાર્ય પળમાં અટકી જનારા,
ને સ્વલ્પ વિઘ્ન નડતાં ત્યજી નાસનારા;
કર્ત્તવ્યસંગ ફલ-દર્શન ઇચ્છનારા.
કાં કાર્યનું પ્રથમથી ફળ માગનારા.

જે ભૂમિના અહહ ! આત્મજ હોય એવા,
ક્યાંથી સુભાગ્ય પ્રકટે ભવ માંહિ એના ?
એ ક્યાં થકી ત્રિદિવના પથને નિહાળે ?
ને ક્યાં થકી સુર તણાં સુખ સ્વલ્પ સેવે ?

Website: http://www.allimagetool.com



# અનવસર

( પૃથ્વી )

સુગન્ધ ઉર સિંચતી વન–વસંત વીતી ગઇ,
રસાલ–રસ પોષતી ગઈ નિદાઘ વેળા વહી;
નવીન પય પૂરતી, નવલ વિશ્વ ઉલ્લાવતી,
ભરી નવ કુતૂહલે પ્રકટ આજ વર્ષા થઈ.

અયિ ! મધુર કોકિલો ! વિરમ, મૌન રાખી મુખે,
નવા જગત સન્મુખે ગહન ગાન એ ના ઘટે;
નથી સમય સંપ્રતિ પુનિત પંચમોચ્ચારનો,
નથી સમય સર્વથા રસભર્યા કુહૂકારનો.

અરે ! નિકટ દૂર આ કટુ રટી રહ્યા દેડુંરો,
અને અધમ ટિટ્ટિભો કંઇક જલ્પતા ઝિંગુરો;
કરે બધિર કર્ણને પ્રખર–તાર–કોલાહલે,
અધીર બની આકળા ઉર અશાંતિ ઊભી કરે.

વસી ગગન–ગહ્વરે ઘન ઘડી ઘડી ગર્જતો,
અનેક સ્વર અંતરે સહજ સ્પર્શતાં પી જતો;
નવીન ગિરિનિર્ઝરો ખળખળાટ કેં કેં કરે
પ્રચંડ વન–કેસરી ભયદ શબ્દ વિશ્વે ભરે

( ૫૩ )

સુરમ્ય સ્વર એ વિષે જરૂર વ્યર્થ તારો જશે,
અરે! રસિક માનસો નહિ જરાય ઝીલી શકે:
કદી નવલ જંતુઓ તુજ પ્રવૃત્તિ એ જાણશે,
અવાચ્ય સ્વર ઉચ્ચરી સરલ સ્વાન્તને શાપશે.

યથાસમય સૃષ્ટિમાં રસ વિશેષ તેં વિસ્તર્યો,
અને પ્રણય-વર્ષણે જગત-તાપ સ્હેજે હર્યો:
હજુ સ્વર સુધા સમો હૃદયમાં વિરાજી રહ્યો,
અને સ્મરણ સેવતાં અધિક હર્ષ આપી રહ્યો.

સમગ્ર વન, પાદપે, વિટપ, પત્ર, પત્રાંકુરે,
ગભીર ગિરિકંદરે સ્વર હજુ રસીલો રમે,
ગજાવી વન વાડીઓ હૃદય વિશ્વનાં રીઝવી,
ભલે સુયશ સંગ્રહી ઉર વિરામ પામી રહી.

જશે દિવસ દોહ્યલા, વિષમ કાળ વીતી જશે,
પ્રસંગવશ પામરો શમિત-શાંત સર્વે થશે;
અનુક્રમણ સેવતી ફરી વસંત એ આવશે,
ફરી સરસ સૌરભે વ્યથિત ચિત્ત સંતોષશે.

ધરી મૃદુલ મંજરી નવ રસાલ કૈં નાચશે,
પ્રફુલ્લ બટમોગરો બહુ સુગન્ધથી બ્હેંકશે;
બની ભ્રમર બ્હાવરા દશ દિશા વિષે દોડશે,
સુગન્ધભર કાનનો અમર-ચિત્ત આકર્ષશે.

Website: http://www.allimagetool.com

( ૫૪ )

અવશ્ય સખિ ! એ સમે મધુર કંઠથી કૂજજે,
વસન્તવિજયોત્સવે મન ભરી ભરી મ્હાલજે;
મનોજ્ઞ નવ ગીતથી હૃદય વિશ્વમાં રેડજે,
અને સકળ ભૂતળે સુરનિવાસ તું સ્થાપજે

Website: http://www.allimagetool.com



# ઉલૂક

( વસંતતિલકા )

સર્વંત્ર ગાઢ તમ વ્યાપ્ત જણાય કાળું,
એના પ્રચંડ મહિં વિશ્વ સમસ્ત સૂતું;
કાળી નિશા મુખ કરાલ રહી પ્રસારી,
મીંચી ગયાં નયન થૈ ભયભીત પ્રાણી.

આ તારલા સ્થિર રહી નભમાં વિમાસે,
ભૂલ્યા તમિસ્રા થકી એ નિજ માર્ગ ભાસે;
એને સુયોગ્ય પથ સદ્ય બતાવવાને,
સપ્તર્ષિ ચિંતન કશું કરતા જણાયે !

•

નિઃશબ્દ આ વહતી નિર્મળ વ્યોમગંગા,
ના થાય નષ્ટ જગની ગણી ગાઢ નિદ્રા:
ને મંદ મંદ બની શીત સમીર વાય,
સંત્રસ્ત એ તિમિર જોઇ થયો જણાય.

એથી શનૈશ્ચરણ ભૂમિ પરે ધરે છે.
ને શોધતો શરણ વ્યાકુલ વિચરે છે:
કર્ત્તવ્ય તો પણ નહિ પળ એક ચૂકે,
સ્વંતાઇને ન શ્વસનત્વ કદાપિ મૂકે.

જેણે સમર્પિત શરીર કર્યું પરાર્થે,
ભીતિ થકી કચકડરી—અટકી પડે તે ?
ઉંચે શિરે રવિ તણી કરતાં પ્રતીક્ષા,
નિશ્ચેષ્ટ આતુર બની તરૂ સર્વ ઉભાં.

ક્રીડા અનેક ત્યજીને પરિવાર સાથે,
સૂતાં સમસ્ત નભસંગમ નીડ માંહે;
શાંતિ અપૂર્વ સઘળે પ્રકટી દીસે છે,
તેમાં અરે ! પ્રખર આ સ્વર ક્યાંથી આવે ?

હા ! હા ! ઉલૂક ! તુજ શબ્દ જણાય એ તો,
ગંભીર આ ગિરિ થકી પ્રતિઘોષ લેતો;
નિદ્રા અરે જગતની કયમ તું ત્યજાવે ?
શાને નિશીથ સમયે સહસા સતાવે ?

કો દેવ કે અસુરનો પ્રિય દૂત તું છે ?
ને તારી ઉક્તિ મહિં ગૂઢ રહસ્ય શું છે ?
હઃ ! મૃત્યુદૂત બલવત્તર તું દીસે છે !
સંદેશ યોગ્ય સમયે અમને શુણાવે.

છોડી પ્રવૃત્તિ જગ સ્વસ્થ બની રહેલું,
તેથી રહસ્ય શુણશે થઇ શાંત તારૂં;
એવા વિચાર થકી તું વદવા ચહે છે,
વેશા ! વિચિત્ર જગને પણ તું ન જાણે !

ભાસે તને મનુજના મન માંહિ શાંતિ,
સેવે પરંતુ અતિ ચંચળ સ્વપ્નસૃષ્ટિ;
જેમાં પ્રપંચ જગથી વસતા વધારે,
ને દીર્ઘ એ પદવીનો નવ પાર આવે.

તોફાન કેંક મહિં પ્રાણી સહુ પડેલાં,
નિદ્રા તણા પટ તળે રમણે ચડેલાં;
સંદેશ એ તુજ તણો શ્રવણે ન ધારે,
શાને કરે રૂદન નિર્જન રાન માંહે?

કો જાગશે જન સુણી કદી શબ્દ તારો,
તો માનશે અતિ અમંગલ આ ઉચારો;
એ સાંભળે સ્તુતિ તણાં વચનો સદાય,
ને સ્વાર્થનાં કથનથી પરિતુષ્ટ થાય.

આ ગૂઢ મંત્ર નહિ અંતરમાં ઉતારે,
તોએ સદૈવ વદજે અહિં બંધુભાવે;
એથી સ્મૃતિ નિધનની અમને રહેશે,
કર્ત્તવ્યમાં ઉલટ એ દિનરાત દેશે.

છોડી પ્રમાદ કરશું ઝટ કાર્ય એથી,
ને વ્યર્થ મોહ ત્યજશું અમ અંતરેથી;
વ્હાલાં અનેક સ્વરથી સ્મૃતિ માંહિ આવે,
જે શાંતિના હૃદયમાં વિલસે સદાયે.

કર્ત્તવ્ય જીવન તણાં બહુધા બજાવી,
ને પાઠ સત્યશુભના અમને બતાવી,
સંસારમાં ગમનની સરણિ સુધારી,
સૂતાં કૃતાર્થ બની દિવ્ય નિકેત માંહિ.

વાત્સલ્યભાવ થકી આશીષ નિત્ય આપે,
પીયૂષપૂર્ણ અમ ઉપર દૃષ્ટિ રાખે:
એ ઇષ્ટનું મિલન જે અમને કરાવે,
સદેશ એ નિધનનો પ્રિય કાં ન લાગે?

( ૫૯ )

# કસ્તૂરીમૃગને

( શાર્દૂલવિક્રીડિત )

ઊંચા અંતરથી હવે દિશ ભણી કાં દષ્ટિને ફેરવે ?
ભારી સંભ્રમમાં અધીર સરખો કાં વ્યર્થ કૂદ્યા કરે ?
રે ! કસ્તૂરીકુરંગ ! વિહ્વળ બની શી ક્ષુદ્ર ચેષ્ટા કરે ?
પૃથ્વીને, વનવૃક્ષને, અનિલને કાં સુંઘતો સંચરે ?

દોડી દૂર જતો, ઘડી સ્થિર થતો, પાછો વળી આવતો,
ઊંચો શ્વાસ લઇ સમાધિ સહસા કૈં શાંતિથી સેવતો;
પાસે વિસ્મિત દેખતી પ્રણયિની ને બાળ વીંટી રહ્યાં,
વ્યાપારાંતર છોડી એ સકળને સુંઘ્યા કરે સર્વદા !

હા ! કો સૌરભ દિવ્ય આ વિપિનને દિવ્યત્વ આપી રહ્યું,
તેનું મૂળ તપાસવા ઉર અરે ! ઊંચું અધીરૂં થયું !
એ મોંઘી સુરભિ સમગ્ર તરૂમાં ને પ્રાણિમાં તું જુએ,
સાચું સૌરભસ્થાન તો પણ તને ના ક્યાંય જોતાં જડે.

ભોળા ! ક્યાંથી જડે ? સુગન્ધિ વનમાં અન્યત્ર એ તો નથી,
તારા ભાગ્યભર્યા ઉદાર ઉરમાં એ વસ્તુ ભાસે ભરી;
આ વૃક્ષો, પશુઓ બધાં તુજ થકી સેવી સુગન્ધિ રહ્યાં,
દેવી સૌરભલક્ષ્મીનો રસભર્યો સ્વામી ખરો તું સદા.

એ તારી સુરભિ તણું સ્થળ સ્થળે સામ્રાજ્ય દેખાય છે
ને તારો સહવાસ આ વનચરો એ કારણે ચ્હાયછે
માને છે કૃતકૃત્યતા અનિલ આ તારા સુસંસર્ગથી
ને ભોગી ભ્રમરો ત્યજી કુસુમને, શોધે તને સ્નેહથી

અંતર્દષ્ટિ થકી, કંઇ મનનથી, ને શાન્ત સન્ધાનથી
શોધી લે નિજ સ્વાન્તમાં, ભ્રમણનો વ્યાપાર વ્હાલા ! ત્યજી
કાઢયા તેં દિન કેંક મોહવશ થૈ ખાલી પ્રયત્ને ખરે
ક્યાંથી બાળ કરિ તણું પર ઘરે શોધ્યા છતાં સાંપડે !

લાખો સૌરભલુબ્ધ લુબ્ધક તને સર્વત્ર શોધી રહ્યા
આકર્ષાઈ અનન્ય લક્ષણ વડે આતુર એ આવતા
છોડી સાવધતા, બની વિકળ તું જો લક્ષ્યમાં આવશે
તો એ નિષ્ઠુર સ્નેહશૂન્ય તુજને રે ! માનવો મારશે

કિંવા લોભ થકી બની વિવશ તું એની સમીપે જશે
કે કો શ્વાપદને નિહાળી સહસા ત્યાં સુંઘવા દોડશે
તોએ એ અતિ રંક રંકુ ! વસમી તારી ઘડીમાં થશે
ને આ સૌરભધામ પામર જનો સ્વચ્છંદ લૂંટી જશે

માટે મિત્ર ! વિચારવારિધિ તણા મિથ્યા તરંગો ત્યજી
દિગ્મૂઢત્વ અને અગાધ ઉરનું અજ્ઞાન દૂરે કરી
આત્માનંદ અવર્ણ્ય એ સુરભિનો તું સ્નેહથી સેવજે
ને આકર્ષણ વ્યર્થ આ વિપિનનાં રે ! ભ્રાત ! ભૂલી જજે

બધી ક્લેશ અવશ્ય અંતર તણા ને મોહ નાસી જશે,
ને સદ્દગ્રન્થપરંપરા અવનવાં ઉંચાં સુખો આપશે;
ને સંસાર, સમાધિ, સ્વર્ગસુખ એ, એ શાંતિ અદ્વૈતની,
આનંદામૃતવાહિની રસભરી એ ભવ્ય ભાગીરથી.

# ધેનુ.

( મન્દાક્રાન્તા )

વૃત્તિ ચોંટે નહિ વિપિનમાં વત્સ કેરા વિયોગે,
લીલા દુર્વાંકુર પણ નહિ રમ્ય લાગે લગારે:
મીઠું મીઠું ગિરિઝરણનું ના રૂચે શીત વારિ,
શાંતિ દેતી સઘન વડની છાંય લાગે ન સારી.

ઉંચી દૃષ્ટિ કરી ગગનને સૂર્યને જોઇ રે'તી,
સંધ્યા કેરૂં મુખ નિરખવા પશ્ચિમે દૃષ્ટિ દેતી;
ક્યારે જોતી સજલ નયને ગ્રામ કેરી દિશામાં,
ને નિઃશ્વાસે હૃદય ભરતી દીન જેવી દશામાં.

દૂરેથી કો અવર ચરતા વત્સનો શબ્દ આવે,
વ્યાપારો સૌ ત્યજી ઉલટથી કારમી કાન માંડે;
ને રોમાંચે, ઉર-ઉમળકે, ભવ્ય વાત્સલ્યભાવે,
હુંકારન્તી પ્રતિવચન કે આપતી સાદ પાડે.

સંધ્યાકાળે સ્વર વિલસતો ગોપની વાંસળીનો,
ને પક્ષીનો કલરવ ઉઠે સાન્ધ્ય સંગીત ગાતો;
ત્યાં તો હર્ષે ધણ સકળનો નિત્યનો સંગ છોડી,
આશાવેશે નિજ ઘર ભણી મ્હાવરી જાય દોડી.

માગેં મીઠાં ફળથી લચતી વેલીઓ કે વધાવે,
આકર્ષન્તાં નવલ ધવલાં ધાન્યનાં ક્ષેત્ર આવે;
કિંતુ ઉંચું હૃદય પ્રણયી વત્સ પાસે વસ્યું છે,
રોકી રાખે કયમ જગતની લાલચો લેશ એને !

આવી ઉભી ત્વરિત ગતિથી–વ્હાલથી વત્સ પાસે,
મીઠી દૃષ્ટિ ભરી નિરખતી, ચાટતી ચૂમતી એ;
દેખા પાસે પથિક ગ્રહીને દીન વક્ત્રે દબાવે,
ને આંસુના શુચિ સલિલથી સ્નાન સ્નેહે કરાવે.

ત્યાં તો લૂંટી અહહ ! સહસા સર્વ સ્વાતંત્ર્ય લેતી,
આવી ભૂંડી કુલિશ સરખી શૃંખલા કંઠ બાઝી;
તોએ દૃષ્ટિ શિશુક ભણીથી ના વળે લેશ પાછી,
બ્હીતી, ઢીલી, વિકળ સરખી એક એનેજ જોતી.

ને છૂટેલો તૃપ્તિ વિરચતો ધાવતો વત્સ વેગે,
મારે ગોથાં, પણ્હાન ચળતી, સ્તબ્ધ ઉભી ઉમંગે;
સ્નેહે ભીનું હૃદય ઠલવ્યું દુગ્ધનું દાન દેતું,
રે ! છોડાવ્યો પણ ગૃહિણીએ, કષ્ટ ! હા કષ્ટ કેવું !

ઘૂંટી લીધું પય પલકમાં વત્સ માટે વહેતું,
માતર્ધેનો ! તુજ નિકટ હા ! એ અમે પૂર્ણ પીધું !
તોએ બીજે દિવસ ફરીને ધાવતો વત્સ દેખી,
ભૂલી વૃત્તિ અમ-હૃદયની એ ક્રમે દુગ્ધ દેતી !

સ્નેહે સિંચ્યું અમળ ઉર હા ! બેહને કાં ન જૂઠે !
ને વાત્સલ્યે વિવશ બનતાં ટેક ના કેમ તૂટે !
મીઠું, મીઠું ! જરૂર જગમાં માતનું સ્વાન્ત મીઠું !
સૃષ્ટિમાં કે સુર–સદનમાં એ સમું કૈં ન દીઠું.

ભૂલાવે કો હૃદય–તલનું ગાઢ દેહાભિમાન
તો એ દેવી પરમપદ શો ભવ્ય વાત્સલ્યભાવ:
વંચી એને અમ ઉદર જો પૂરીએ પૂર્ણતાથી,
તો સર્વાશે અમર-રસ એ પાવશે પિંડ ક્યાંથી !



Website: http://www.allimagetool.com

( ૧૫ )

# સુદામા

( શાર્દૂલવિક્રીડિત )

ના કારીગર કોઈએ કર અડયો, ના યત્ન એકે થયો,
ના સાહિત્ય, ન શોધવું કંઈ પડયું, ના કાળ કાંઇ ગયો;
તોએ કયાં થકી રમ્ય હર્મ્ય તુજને રહેજે સુદામા! મળ્યું?
ને એ વૈભવ ઇંદ્રનો તુજ ગૃહે રે! કોણ આપી ગયું?

કોટિ વર્ષ થકી, અસંખ્ય ધનથી કે ઉગ્ર અભ્યાસથી,
જે પામી ન શકાય તે પળ વિષે પામી શકયો તું અહીં;
ક્યાંથી આ તુજ અર્ભકો સુરસુખે રાચી ઘડીમાં રહ્યા?
એ દારિદ્રય, વિલાપ એ સદનથી સંતાઇ છેટે ગયાં.

માગ્યું તેં નવ'કાંઇ માધવ કને, એણે ન આપ્યું કંઈ,
મુષ્ટિ ધાન્ય ગુમાવીને પુર તણે પથે પડયો તું ફરી;
તોએ અંતરની અનેક દિનની હા! પૂર્ણ ઇચ્છા થઈ,
ને તારા પરિવારને સુખ તણી ના ન્યૂનતા કૈં રહી.

હા, સન્મિત્રમિલાપથી, પ્રણયના નિઃસીમ વિસ્તારથી,
સંતોષામૃતપાનથી, અવનવા આનંદના ઓઘથી;
તારૂં માનસ માનવી ભૂમિ ત્યજી સ્વર્લોકમાં સંચર્યું,
આવી વૈભવ ત્યાંથી વાસવ તણો સંતુષ્ટ શોભી રહ્યું.

( ૬૬ )

સ્નેહાલાપ વિષે સમગ્ર જગનાં સંકષ્ટ સ્હેજે શમ્યાં,
ભૂલી ભાન શરીરનું ઉભય એ આનંદરાસે રમ્યાં;
એ આનંદપળો તણો ઉમળકો જો ચિત્ત ચોંટી રહે
તો એના સુખની શચીપતિ સમા ના કેમ ઇચ્છા કરે!

ફાટેલાં અતિ જીર્ણ વસ્ત્ર પર ના જ્યાં લેશ દૃષ્ટિ પડે
જ્યાં ભીતિપ્રદ હાડપિંજર તણી પર્વા પ્રતિષ્ઠા કરે
ભૂલે ભિક્ષુક ભિક્ષુકત્વ ઉરથી ને ભૂપ ભૂપત્વને
સૂકા તાંદુલમાં સુધા શત થકી જ્યાં સ્વાદ ઉંચો વસે

જ્યાં આતિથ્ય તણા સમગ્ર નિયમો હીનત્વ પામી રહે
ને બન્ને ઉઘડી ઉરો પ્રણયથી પ્રેરાઇ ભેટી પડે
ને સાયુજ્યસરે નિમગ્ન વીસરે દેહાનુસન્ધાનને,
ત્યાં દુઃખો જગનાં જરાય હૃદયે શું સ્થાન પામી શકે!

એ પ્રેમી–ઉરના બધા વિભાવની કાં હોય ના એકતા!
ને એના ગૃહના જડ્યા કનકથી કાં ના બને કાંગરા!
એની ઉચ્ચ અટાલિકા ગગનને ના કેમ ચૂમી રહે!
ને એનાં ગૃહકાર્ય વંધ વિણુપો કાં આવીને ના કરે!

જે કારીગર ભિન્ન ભિન્ન ઉરને એકત્વ આપી શકે,
જેની સંધિ સહસ્ર વજ્રબળથી ના છૂટ ક્યારે બને;
તે એવાં મણિમંદિરો નિમિષમાં ના કેમ નિર્મી શકે!
ને વૈચિત્ર્ય વિધાતૃવિશ્વક્રમથી શું ના બતાવી શકે!

વ્હાલા ! એ સુરધામ, એ વિભવને તું સર્વદા સર્વદા સેવજે,
ને આદર્શ બની અવશ્ય અમને એ પંથમાં પ્રેરજે,
એથી કો દિન ધન્ય એ સમયને એ દૃષ્ટિએ દેખશું,
જેમાં કાંચનરંગથી શ્રમ વિના બ્રહ્માંડને રંગશું.



Website: http://www.allimagetool.com

( ૧૮ )

# સુરદાસ

( વસંતતિલકા )

સૃષ્ટા તણી સકળ સત્કૃતિ દેખનારી,
ને સ્વાન્તને પણ વિવેક બતાવનારી;
ચંદ્રાર્કરૂપ તનુરત્ન અમૂલ્ય આંખો,
પ્રાણી તણા જીવનની ઉપયુક્ત પાંખો.

તેનો અરે ! કવિશિરોમણિ સુરદાસ !
સુચ્યમથી કયમ કર્યો સહસા વિનાશ !
વૈધર્મ્ય શું નયનનું તુજને જણાયું !
ને અંધકાર મહિં શું કંઇ તત્ત્વ ભાસ્યું !

હા ! દુષ્ટતા જગતની ન શક્યો નિહાળી,
ભૂલ્યો સુપંથ, ભવ-ખેદ અનેક ભાળી;
પૂરો પ્રકાશ રવિનો જગમાં જણાતો,
તોએ અનેકવિધ ઠોકર નિત્ય ખાતો.

વસ્તુ સુરમ્ય સમજી ગ્રહવા તણાતો,
અંતે અરમ્ય નિરખી રડતો, ઠગાતો;
જ્યાં ત્યાં પ્રપંચપરિવર્ધન નિત્ય ભાસે,
જે દેખતાં હૃદય કેવળ ત્રાસ પામે.

બાહ્ય સ્વરૂપ જગનું અવલોકનારી,
ને વ્યર્થ મોહ ઉરમાં ઉપજાવનારી,
સત્કાવ્યના ઉમળકા અટકાવનારી
એની મનોજ્ઞ છવિ સંતત છેદનારી;

વૃત્તિ અનન્ય ઉરની વિનિવારનારી,
નિષ્કામ સ્નેહરસસાગર શોષનારી,
ભ્રાંતિ અસંખ્ય પ્રકટાવી ભમાવનારી,
દૃષ્ટિ તને નવ ગમી જરીએ ઠગારી!

ને પૂર્ણ શાંતિ હૃદયે પ્રકટાવનારૂં,
અદ્વૈતવર્ષણ વડે જગ રેલનારૂં;
દુર્વાસના સતત દૂર રખાવનારૂં,
લાગ્યું તને તિમિરમંડળ તેથી સારૂં.

જ્યાં રમ્ય કે નહિ અરમ્ય કશું જણાય,
ને એક ભાવ ઉરમાં વિલસે સદાય;
જ્યાં વિશ્વનાં વિતથ નર્તન ચિત્ત ભૂલે,
આડંબરો ઝળભર્યા નહિ લેશ ફાવે

જ્યાં પાપના નવ મળે કદીએ પ્રસંગો,
આનંદનો ઉછળતો અકૂપાર ઉચે;
ત્યાં સાંપડી પ્રિય! તને સુરસેવ્ય સૃષ્ટિ,
કોટિ દિવાકર તણી દ્યુતિથી ભરેલી.

Website: http://www.allimagetool.com



સૌન્દર્યની પ્રકટ સીમ ન જ્યાં જણાય;
જૂઠું અહંપદ ન જ્યાં ઉરમાં ભરાય;
જ્યાં સ્નેહ વર્ષતી સરસ્વતી રાસ ખેલે,
કલ્લોલતી સુકવિતા રસમત્ત ડોલે.

તેના તરંગ સહુ તું ઉર ઝીલી લેતો,
ને વિશ્વને વિમળ એ રસ લાવી પાતો;
જે ગુહ્ય દૃશ્ય નહિ સૂર્ય શકે નિહાળી,
તે દેખતો સહજ તું દૃગ લક્ષ પામી.

એ દિવ્ય દર્શન તણો અધિકાર જેને,
દૃષ્ટિ ગમે જગ તણી જડ કેમ તેને ?
તે વિશ્વનું ત્યજી વિલોકન અખભાવે,
સંસારમાં રહી સુરત્વ ન કેમ સેવે ?

Website: http://www.allimagetool.com



# ઉર્વશીને

( શાર્દૂલવિક્રીડિત )

પ્રેમીની પરતંત્રતા જગતમાં ના કોઇ જાણી શકે,
ને એની વિષમ સ્થિતિ તણી દયા ના લેશ આણી શકે,
એથી ઉર્વશી ! કષ્ટ કૈંક તુજને સ્વર્લોકમાં સાંપડ્યું,
તારૂં નિર્મલ સ્નિગ્ધ માનસ નહિ કાપટ્ય સેવી શક્યું.

લક્ષ્મીનો ધરી વેષ શક્રસદને તું નાટકે નાચતી,
' વૃત્તિ છે પુરુષોત્તમે ' તુજ તણી એ યુક્ત ઉક્તિ હતી;
રે ! રે સ્વાન્ત પરંતુ સત્પ્રણયીનું સ્વાધીન ક્યાંથી રહે ?
તોપી તન્મયતા વિરૂદ્ધ વહવું એ કેમ જાણી શકે ?

તેથી ' વૃત્તિ પુંરૂરવે મુજ તણી ' બોલાઇ એવું ગયું;
રોમે રોમ રમી રહ્યું હૃદયથી તે આનને ઉદ્ભવ્યું;
દીધો શાપ સકોપ નાટ્યગુરૂએ દેવેન્દ્રના દેખતાં,
ભૂલી તું નટની કળા અમરને એવું જણાયું અહા !

સ્વર્લોકે પણ આ દશા દુઃખભરી તો સૃષ્ટિનું શું ગજું ?
જ્યાં એ નાટક સર્વદા ભજવવું આ ક્ષુદ્ર સંસારનું;
વીંટાઇ વ્યવહારબંધન વડે નિત્યે વૃથા નાચવું,
દાબી અંતરને. ઠગી જગતને રે ! સર્વદા રાચવું.

Website: http://www.allimagetool.com



હું એ નાટકમાં સખી ! સફલતા પામી શકું ના જરા,
તેથી નાયક સ્વાર્થ અંતર થકી ક્રોધે ભરાતો સદા;
જોને ! કોટિ નટો અહીં કુશળતા કેવી બતાવી રહ્યા !
તેને પ્રેક્ષક તાળીઓ દઈ દઇ કેવા વધાવી રહ્યા !

એની વાક્પટુતા અને અભિનયો પામે પ્રશંસા ઘણી,
ને સત્કાર થતો જણાય સઘળે એ સર્વ કેરો અહીં;
શું આ કૈતવ ઇષ્ટ છે પ્રણયને, કે સ્વાર્થ-સંદેશ છે !
તે કોઇ પ્રણયી-રસાર્દ્રહૃદયી દેશે બતાવી મને !

માન્યો ઇષ્ટ નિપાત તેં પ્રિય તણા સાન્નિધ્યને સેવવા,
દેવી વૈભવની સ્પૃહા નવ રહી એ સ્નિગ્ધ ચિત્તે અહા !
તારી નિષ્ફળતા ભલે ભરત ને દેવો વિલોકી હસે,
માન્યો પ્રેમ તણો વડો વિજય મેં જે સર્વથા યોગ્ય છે.

ઇચ્છું હું પણ પાત નાટક થકી શુષ્કત્વને છોડવા,
સત્તા સ્નેહ તણી સદૈવ વિલસે એ સર્ગને શોધવા;
જેમાં ના કંઇ ગોપનીય, ન કદી ઉચ્ચારવું અન્યથા,
ને ભીતિ ન નિપાતની હૃદયને સ્પર્શી શકે સર્વથા.

Website: http://www.allimagetool.com

( ૭૩ )

# અન્વેષણ

( ગઝલ )

વ્હાલા ! વિખૂટો વિશ્વમાં હું શી રીતે શોધું તને !
આ ગાઢ જંગલમાં અહો ! દિલદાર ! ક્યાં દેખું તને ! વ્હા૦

કાળા ભયાનક પર્વતો ક્રૂરે દિશા ઘેરી રહ્યા,
પર્ણે છવાયો પન્થ ના દેખાય, ક્યાં આવું કને ! વ્હા૦

શાખો તરૂના ઝુંડમાં ક્યાંએ દિવાકર ના દીસે,
દૃષ્ટિ વૃથા તિમિરે જતી ત્યાં શી રીતે સાધું તને ! વ્હા૦

સિંહાદિના ખર શબ્દથી વન ને ગગન ગાજી રહ્યાં,
સ્વર જાય મારો વ્યર્થ ત્યાં શી રીત સંબોધું તને ! વ્હા૦

સ્વચ્છંદ ફરતા શ્વાપદો જ્યાં જોઉં ત્યાં નજરે પડે,
કંપી ઉઠે ઉર કારમું ભીતિ વિષે ભૂલું તને. વ્હા૦

દાવાગ્નિ આવે દોડતો સળગાવતો વન પાછળે,
ચાલે નહિ એકે ચરણ, ક્યાંથી શરણ આવું તને ! વ્હા૦

ભૂંડાં હજારો ભૂતનાં આક્રંદ વીંધે આભને,
અસહાય રડતો એકલો ક્યારે હવે ભેટું તને ! વ્હા૦

બહુ દંદ્વના સંગ્રામ ને ઉંડા અવાજો એમના,
ઘેરો કરે ધમસાણ, મારા પ્રાણ! ક્યાં પામું તને? બ્હા,

સંધ્યા તણા સંગીતથી વન-પંખીડાં અધીરા કરે,
ક્યાંથી વટાવી વાટ વેગે આજ આલંબું તને? બ્હા,

શક્તિ તણું અભિમાન છોડી, આશ અંતરની ત્યજી,
બેઠો બની બલહીન, દિલનો દીન સંભારૂં તને. બ્હા,

અંતર અધુરા એક પદનું, કે હજારો ગાઉનું,
તું કાપવા કરુણા કરે તો સ્હેજમાં સેવું તને. બ્હા,

Website: http://www.allimagetool.com



# યોગભ્રંશ

( વસન્તતિલકા )

ઉગ્યો હતો ક્ષિતિજમાં રવિ કૈંક રાતો,
આછો પ્રકાશ ક્રમથી વધતો જણાતો;
ધીરો પ્રભાતપવમાન સુગંધ સંગે,
દેતો અનેક લહરિ ઉરની ઉમંગે.

નિદ્રા વિહાય મુખ માગતી મુગ્ધભાવે,
આલિંગતી, નિરખતી નવલા: કટાક્ષે;
' જાઉં ન જાઉં ' વદતી, મનમાં મુંઝાતી,
ઉભી થતી, નિકટ દૂર જતી, લજાતી.

સંગીત સંસૃતિ તણું શ્રવણે શુણાતું,
પેસી જતું હૃદયમાં, વળી દૂર થાતું;
જાગ્યું હતું હૃદય કૈંક, હતું ન જાગ્યું,
પામી વિકાસ પળમાં બળથી બિડાતું.

ત્યાં વ્યોમ કો નવલ તેજ થકી છવાયું,
થંભ્યો દિવાકર, થયો કંઇ સ્તબ્ધ વાયુ;
એ તેજ વર્ષતી મનોહર દિવ્ય દેવી;
આવી રહી શિર પરે ગૃહછત્ર ભેદી.

સંગીતથી ઉર અચિંત્ય જગાડતી એ,
ને સ્નેહની નજર નાખી નિહાળતી એ;
ધીમે હસી હૃદયને લલચાવતી એ,
સંતાડતી મુખ ઘડીક બતાવતી એ.

નેત્રો રહ્યાં ચકિત એ છવિને નિહાળી,
ને ચિત્તમાં પણ રહી પળ એક ચોટી;
ઉંચા કરે સહજ સ્પર્શ કરી શકાત,
પૂછાત અંતર તણી કંઈ ગૂઢ વાત.

નિદ્રા પરંતુ ઉરથી અળગી ન થાય,
એની મીઠી લહરિઓ વધતી જણાય;
સાપત્ન્યભાવ ઉરમાં પ્રકટયો શું એને!
સ્પર્ધા થકી હૃદયને ગ્રહી રોકતી એ!

આકર્ષણો ઉભય મધ્ય પડી રહેલું,
કર્ત્તવ્યમૂઢ મન સ્તબ્ધ બન્યું બિચારૂં,
દીધો ન આદર, અનાદર એ દશામાં,
છે સ્વપ્ન કે જરૂર જાગૃતિ એ દીસે ના.

અંતે કટાક્ષ ઉર ઉપર એક ફેંકી,
અવ્યક્ત વક્ર વદને કંઇ શબ્દ કે'તી,
ઉડી ગઇ ત્વરિત અંબરમાર્ગ એ તો,
જાગી ગયું હૃદય સ્વસ્થ થયું હવે તો.

( ૭૭ )

કિંતુ ગઇ, વહી ગઇ ઘનની ઘટામાં,
ઝંકાર નૂપુર તણો વિલસે હવામાં;
શોધી રહ્યું હૃદય મેં પરિતાપ પામો,
સર્વે દિશા ફરી વળ્યું શ્રમ સર્વ સેવી.

દીઠી પરંતુ ફરી એ નહિ દિવ્યદેહા,
એ હાસ્ય, એ નહિ કટાક્ષ ફરી નિહાળ્યાં;
એ સંગીતામૃત ફરી શ્રવણે ન પીધું,
ને તેજ એ નભ વિષે ફરીથી ન દીઠું.

# સ્ખલન

( પૃથ્વી )

અનંત રસ વર્ષતો લલિત રાસ જામ્યો હતો,
અને પ્રણયવારિધિ તટ વટાવી વાધ્યો જતો;
પ્રપંચ પળ વીસરી અમિત વિશ્વ સૂતું હતું,
અપૂર્વ ઉદધિ તણા ઉદર માંહિ ડુબ્યું હતું.

સુધા સતત સિંચતી હૃદયરમ્ય રાસેશ્વરી,
લસત્પ્રણયપુત્તલી રમતી રાસ રંગે ભરી;
કલ સ્વરથી કૂજતી મધુર ગીત ગાતી હતી,
અને નવલ નર્તને ઉચિત તાલ દેતી હતી.

અવર્ણ્ય સુર-ગાન એ રહી સમીપ હું ઝીલતો,
પ્રતિ સ્વરપદાક્ષરે થઇ વિલીન રાચી રહ્યો;
હિમાંશુ પણ ડોલતો ગગન મધ્ય થંભ્યો હતો,
બની વિવશ ન્હાવરો કુતુક દિવ્ય જોતો હતો.

સુમંદ ઉર-વીચિએ અનિલ શાંત વાતો હતો,
અને અમરગીત એ હૃદય રાખી ગાતો હતો;
પ્રશાંત વન-પાદપો, વિહગ શાંત સર્વે હતાં,
પ્રશાંત નભ-તારલા. અમર શાંત ઉંચે હતા

પરંતુ પલમાત્રમાં ગઈ! અચિંત્ય ઉડી ગઈ!
ગઈ વિહગવાહની! અમરપંથ ભેદી ગઈ!
અને હૃદય આકળું ઝબક પામી જાગી ગયું,
ન રાસ, ન રસેશ્વરી. અહહ! શૂન્ય સર્વે થયું!

અયિ! હૃદયરંજની! નવ પ્રભાભરી ભારતી!
અયિ! પ્રણયવર્ષિણી! રસતરંગિણી ક્યાં ગઈ?
ન દોષ લવ મેં કર્યો, નહિ પ્રમાદ ક્યારે થયો,
સુરમ્ય તુજ ગીતડું સતત ઝીલતો હું રહ્યો.

અનાદર ન અંતરે, ન ઉર–ભાવ ઓછો થયો,
ત્યજી શરણુ સર્વથા ઇતર માર્ગમાં ના ગયો;
ખરો! ક્ષિતિજ ઉપરે કમલ–કન્યકા કોડતી,
નિનાદ કંઇ કંકણે નવલ નૂપુરે નાખતી.

પડયો શ્રવણું એ ધ્વનિ, ઉર લગીર ઉંચું થયું.
અને નયન કે ફર્યાં નિમિષમાત્ર એ તો રહ્યું;
અરે! સ્ખલન એટલું હૃદય ના શકી તું સહી?
ત્યજી પ્રણય પૂર્વનો, સુખ સમગ્ર લુટી ગઈ!

ભર્યો પ્રણયવારિધિ સકળ શુષ્ક ભાસે થયો,
થયું જગત જાગતું, પ્રખર શબ્દ કાને પડયો;
વિરૂપ ભય–ભૂતડાં નિકટ હાય! આવી હસે!
ગ્રહે હૃદય કારમું, કંઇ વિચિત્ર ચેષ્ટા કરે.

Website: http://www.allimagetool.com

( ૯૦ )

હિમાંશુ પણ આ હમે, વિહગ વ્યંગ ફેં ફેં વદે,
અને અનિલ આકરો રજ ઉડાડતો ના રહે;
રડે હૃદય રાંકડું બની અધીર ને એકલું,
ગયું શરણ શોધતું ગગન-માર્ગમાં ચીતડું.

Website: http://www.allimagetool.com



# અતૃપ્તિ

( કવ્વાલી )

વધારે એ દિવસ વ્હાલા ! રહ્યાં ના હું ગૃહે તારે,
અતૃપ્તિ એ થકી ઉંડી રહી ગઈ અંતરે તારે.

ભલે સ્નેહી હૃદય માંહે અતૃપ્તિ રાત દિન રે'તી,
અને એની વિમળ વૃત્તિ ભલે તૃપ્તિ નહિ લેતી.

ઉપેક્ષા તૃપ્તિની પુત્રી સદાયે સંગમાં રે'છે,
રહે આવી તુરત ઉભી, હૃદય જો તૃપ્તિને સેવે.

અતૃપ્તિ એજ પ્રીતિની સજીવનતા બતાવે છે,
અતૃપ્તિ એજ તન્મયતા હૃદય માંહે રચાવે છે.

અતૃપ્તિ પ્રીતિવલ્લીને સુધારસ સર્વદા સિંચે,
અતૃપ્તિના ઉદર માંહે હજારો તૃપ્તિઓ હિંચે.

અતૃપ્તિ શૃંખલા સાચી પ્રણય-સંબંધને માટે,
અતૃપ્તિ દિવ્ય નિઃશ્રેણિ જવાને પ્રેમ-પ્રાસાદે.

અમલ અદ્વૈતની વ્હાલી જરૂર છે જન્મદાત્રી એ,
પ્રણયને પોષતી સ્હેજે ધરી ઉર માંહિ ધાત્રી એ.

અતૃપ્તિ અંત જો પામે વૃથા તો જીંદગાની છે,
અતૃપ્તિની સમાપ્તિમાં સકળ રસની સમાપ્તિ છે

Website: http://www.allimagetool.com



પ્રણયનો પાર ના પામે હજારો માસ કે વર્ષે,
અરે ! શો આશરો એમાં બિચારા બે દિવસ કેરો !

સમયની ક્ષુદ્ર સીમામાં પ્રણય પૂરાય શી રીતે !
સમયથી માપ પ્રીતિનું કહે લેવાય શી રીતે !

અરે ! સંતોષને માટે હતા દિન બેજ શું બાકી !
અને ત્રીજે દિવસ વ્હાલા ! ઉપેક્ષા શું હતી મારી !

વિયોગે પ્રેમનાં પાત્રો સદા સંયોગ સેવે છે,
પ્રસંગો સર્વ પ્રીતિના પ્રતિપળ ત્યાં પ્રકાશે છે.

હૃદય કરતાં વપુ કેરૂં વધારે મૂલ્ય શું માને !
પરોક્ષે પ્રેમીઓ પૂરો નહિ સંબંધ શું સાધે !

કદી આનંદને માટે મને તું રોકવા માગે,
પ્રણય છે અંતરે જેને સદા આનંદ એને છે.

સમય-સાફલ્યને માટે કહે તો યોગ્ય ના ભાસે,
જીવન-સાફલ્ય પ્રેમીને, સમય-સાફલ્ય તો રહેજે !

વધારે રોકવા કેરો સુહૃદનો ધર્મ જો ધારે,
થઇ અદ્વૈતની સિદ્ધિ, પછી શો ધર્મ છે તારે !

અને સંસારના ધર્મો પ્રણયનાં પાત્ર ના પાળે,
નહિ સંસારને પંથે પ્રવાસી પ્રેમના ચાલે.

સુહૃત્સહવાસથી રહેજે જગતજંજાળ ભૂલાયે,
અને એ કારણે મુજને મથે તું રોકવા માટે.

પરંતુ સ્નિગ્ધ અંતરને નહિ જંજાળ કો શોષે,
કદાચ લૌકિક દુઃખોના પડી ત્યાં પીગળી જાશે.

પ્રણયની સંસ્મૃતિ માંહે જગતની વિસ્મૃતિ રહેજે,
સદા એ સંસ્મૃતિ સેવી, હૃદય રાચી સુખી રે'જે.

# પ્રણચાસ્મ.

( તોટક )

હઠ મા ! હઠ મા ! ચળ મા ! પળ મા !
ભયથી નિજ અંતરને ભર મા !
સમરાંગણુ સંસૃતિનું નિરખી,
અયિ ! વીર ! ન જા, જરી દૂર ખસી !

ચપલા સમ આયુધ કૈં ચમકે,
શર કૈંક પડી શિરને અડકે;
રણવીર તણી બહુ હાક પડે.
ઘડીએ ઘડીએ ઘમસાણ વધે.

કંઇનાં શિર સદ્ય હણાઇ પડે.
કંઇ કોમળ અંગ કપાઇ પડે;
કંઇ ભાન ત્યજી પછડાઇ પડે,
શવ કૈંક તણાં રણમાં રખડે.

કંઈના કરમાં કરવાલ વસે,
કંઇ ધીર પ્રચંડ ધનુષ્ય ધરે;
કંઇ તોમર કે પરશુ ગ્રહતા,
કંઇ કેવળ ઢાલ ધરી ફરતા.

અનિવાર્ય ભયંકર યુદ્ધ થતું,
પળની વિરતિ નહિ કો ગ્રહતું;

Website: http://www.allimagetool.com



સમરસ્થલની નહિ સીમ દીસે,
બળની, કળની ગણના ન બને.

તુજ અંતર એ થકી ત્રસ્ત થતું,
નહિ ધીરજ લેશ ધરી શકતું;
ભય-કંપિત દીન બની રડતું,
ત્યજવા સ્થળ આ તક શોધી રહ્યું !

પણ વીર ! અરે ! ધૃતિને ત્યજ મા !
ઉર કાયરતા ભ્રમથી ભજ મા !
સુભટોત્તમ તું સમરાંગણનો,
રણલાયક નાયક શૌર્યભર્યો.

ન પલાયનથી રણ દૂર થશે,
નહિ મુક્તિ અનીક વિના મળશે;
બલવંત ચમૂપતિ શત્રુ તણા,
અહીં આવી અહંત્વ, મમત્વ ઉભા.

નહિ દે તુજને રણથી હઠવા,
જન કોઈ સમર્થ નથી ખસવા;
યદિ પ્રાપ્ત થયું ઉરને લડવું,
પછી હર્ષથી સન્મુખ કાં ન થવું ?

પ્રતિપક્ષ તણા શરથી ડર મા ?
તુજ અસ્ત્ર અલૌકિક વીસર મા !

Website: http://www.allimagetool.com



પ્રણયાસ્ત્ર મળ્યું પ્રભુથી તુજને,
જય કારણુ છે બસ એકજ એ.

રિપુના શર કોટિ ભલે પડતા,
ધરી ઉગ્ર સ્વરૂપ ભલે ધસતા;
તુજ એક વિલક્ષણુ સાયકથી,
સહુ શસ્ત્ર જશે બલહીન બની.

શર ફેંકય, હવે સહુ તર્ક ત્યજી.
પરિણામ અનુપમ દેખ્ય પછી:
પળમાં જય આવી તને વરશે,
રિપુ મ્હાત થઇ ચરણે નમશે.

ત્યજી વેર વયસ્ય બધા બનશે,
ભય અંતરનો અળપાઈ જશે:
સ્થળ આ પળમાં પલટાઇ જશે,
વન નંદનની સુષમા ધરશે.

સુરમંડળ ધન્ય તને વદશે,
શિર ઉપર પુષ્પની વૃષ્ટિ થશે;
સુરસુંદરી ગાનથી રીઝવશે,
જયમાળ સુકંઠ વિષે ધરશે.

Website: http://www.allimagetool.com



# ગૃહિણી

( શિખરિણી )

કર્યા દોષો કોટિ, અમિત અપરાધો તુજ તણા,
અને પીડા આપી હૃદય–તલ માંહે ત્યજી દયા;
વિના વાંકે કીધા અપરિમિત આઘાત ઉલટા.
રડાવ્યું, સંતાપ્યું સહજ રસભીનું ઉર સદા.

તથાપિ તેં ચાહી સહન સઘળું કેવળ કર્યું,
પ્રતીકારે ક્યારે પડી હૃદય ના વ્હાલ વીસર્યું;
હતી જેવી વૃત્તિ પ્રથમ દિન ભોળા હૃદયની,
હજુ તેવી વૃત્તિ વિમળ સમભાવે વિલસતી.

હજારો મુશ્કેલી પ્રણય ત્યજી નાખી તુજ પરે,
તપાવી, ખીજાવી, સતત રખડાવી શઠપણે;
તથાપિ છાયા શી સહચરી બની સંગ વસતી.
નહિ ક્યારે કોપી વદન થકી દુઃશબ્દ વદતી.

વૃથા ગાજ્યો વેગે, અધિક ઉકળાટો ઉર કર્યા,
અને શંપાપાતે મૃદુ હૃદય ચીર્યું મમતમાં;
અકાળે ઉશ્કેરી અનિલ બહુ ઝંઝા પ્રકટતો,
કદી એકે બિંદુ શઠ જલદ ના હું વરસતો.

Website: http://www.allimagetool.com



તથાપિ પૃથ્વી શી રજની-દિન તું નિશ્ચલ રહી,
હસીને હોંશેથી સકળ મુજ ચેષ્ટા સહી શકી,
અરે ! એથી ઉંચી ! દિલ નહિં લગારે ડગમગી,
સ્થિરા તું સર્વાંશે, નહિ તુજ સમી આ વસુમતી.

સગાંના સંતાપો સહન સઘળા સહ્ય કરવા,
અને વક્રોક્તિના વિકટતર ગોળા ગળી જવા;
તરંગી તોફાનો શિશુજન તણાં સહ્ય ગણવાં,
હઠીલાં હૈયાંને હૃદય પર રાખી રીઝવવાં.

સુશીલાં સંતાનો મરણ-મુખ માંહે જઇ વસ્યાં,
રહ્યા એના મીઠા સ્વર અનિલ કેરા ઉદરમાં;
કદી કર્ણદ્વારે પ્રકટ થઇને આવી પડતા,
શમેલા સંતાપો અહમહમિકાથી ઉલટતા.

અનેરો એ અગ્નિ સલિલ વિણ હા ! શાંત કરવો,
છતે આપત્કાળે ઉર નહિ વિપદ્ધર્મ ધરવો;
રહ્યું રોવું તોએ જગ-જન કને નિત્ય હસવું,
થતું ઉંડું ઉંડું હૃદય દૃઢતાથી દબવવું.

અરે ! એ કર્ત્તવ્યો જરૂર અકળાવે જગતને,
પડે તેને વાગે કદર કશી ના અન્ય ઉરને;
પરંતુ એ પ્રૌઢા હૃદયભર રાખી હૃદયમાં,
પ્રપંચોમાં પેસી સતત વસવું સૃષ્ટિતલમાં

અને તોયે મારા ઉર તણું સમારાધન ખરૂં,
સ્થિતિ સર્વે સાચી, પણ ફરજનું બંધન ખરૂં !
અધીરી આજ્ઞાઓ પળ-વિપળ દોડે પ્રકટતી,
શકે માપી જોવા હૃદયરસસિંધુ ઉલટતી.

વ્યથા મારી એ તો રજ સમ છતાં પર્વત સમી,
અને તારી પીડા ગિરિ સમ છતાં પર્વત સમી;
અરેરે! અન્યાયે, વિષમ નયને નિત્ય નિરખી !
તથાપિ પ્રીતિના! પુનિત પગથી ના લવ ચળી !

અનેરી ઈચ્છાઓ પ્રતિદિન પ્રસંગે પ્રકટતી,
પરંતુ એ મારા હૃદય ભણી નિત્યે નિરખતી;
વિના યત્ને સાધી કઠિનતર તું સંયમ શકી,
વિના યોગાભ્યાસે ઉર વિલસતો યોગ ઉતરી.

કદી ક્રૂરાઘાતે હૃદય ધૃતિ-સીમા ત્યજી જતું,
પડીને એકાંતે અબળ બની નિઃશબ્દ રડતું;
પરંતુ એમાં એ નહિ પ્રણયની ઉણપ કશી,
અને ઉંડી ચિંતા મુજ કુશળની તો ઘડી ઘડી.

અરે ! એ વૃત્તિનો, પુનિતતર દેવી પ્રણયનો,
અમૂલા આત્માનો, રસભરિત ભોળા હૃદયનો;
કયા યત્ને વાળું ઉપકૃતિ તણો કૈંક બદલો ?
વળે શા વ્યાપારે શિર પર ચડેલું ઋણ અહો ?

સ્તુતિના શબ્દોથી અભિલષિતના પૂરણ થકી,
હજારો હારોથી, પ્રતિપ્રણયના વર્પણ થકી;
સદાની સેવાથી ગુણકથન કેરા કવનથી,
કરોડો આભારો, નહિ ઉર થકી જાય ઉતરી.

પુનર્જન્મે પૂજું ગૃહિણી બની તારા હૃદયને,
ઉમંગે આરાધું નવલ રસથી નિત્ય તુજને;
અને આ આત્માને તુજ ચરણ પાસે ધરી રહું,
વ્યથા સર્વે વાળી મુજ હૃદય માંહે ભરી રહું!

પરંતુ એ આશા અવર ભવની કેમ ઉચરૂં!
અરે! શાને તારા વિમળ ઉરનું વંચન કરૂં!
અહીં ને અત્યારે સકળ મુજ સ્વામિત્વ વીસરૂં,
અભેદે આત્માના, ઉભય ઉરમાં ઐક્ય પ્રકટું.

તપોનું, તીર્થોનું, સુર સકળનું ને પ્રભુ તણું,
કળાનું, વિદ્યાનું, પરમપદનું, સત્પ્રણયનું;
શ્રુતિનું, ભક્તિનું તુજ હૃદય આવાહન કરૂં,
રમી એમાં રંગે ભવ-જલધિતીરે જઇ વસું.

( ૯૧ )

# અપરોદ્વાહ

( હરિણી )

ઝરણ વહતું પ્રીતિ કેરૂં દ્વિધા કરી નાખવું,
ઉર કુસુમને કાપીને એ દિશા મહિં ફેંકવું;
નહિ નહિ બને એ મારાથી ભલે પ્રિય ! તું કહે,
જગ પણ ભલે તારા જેવા મને ઉપદેશ દે !

સુતરહિત આ સૂનું મારૂં તને ગૃહ લાગતું,
હૃદય અતિશે તેથી તારૂં દીસે દુઃખ પામતું;
પણ ઉચિત તેં દર્શાવેલો ઉપાય ન તે તણો,
જન જગતના માને એને ઉપાય ભલે ખરો.

મુજ હૃદય તો વેચી દીધું સખે ! બહુ કાળથી,
પ્રિયમય બની ચૂકેલું તે સ્વતંત્ર હવે નથી;
નથી હૃદયમાં બીજા માટે જગો જરીએ રહી,
ઇતર જનને ક્યાં બેસાડું કહે કરથી ગ્રહી ?

અનુમતિ ભલે એ સંબંધે પ્રિયા પણ આપતી,
મુજ હિત થવા એ પોતાનું હશે સુખ છોડતી;
પ્રકટ કરતી પ્રીતિભાવે અવશ્ય ઉદારતા,
પ્રકટ કરવી તો શું મારે દગો દઈ દુષ્ટતા !

Website: http://www.allimagetool.com



વિમલ ઉરને વીંધું વ્હાલા ! કયા અપરાધથી !
હૃદયતલથી ત્યાગું એને કયા અધિકારથી !
કુલિશ કદલીશીર્ષે મારે નથી કદી નાખવું,
કમલ કુમળું કંપાવીને નથી કરમાવવું.

જનક બનવા માટે શાને પડું પતિધર્મથી !
જનક બનવા કેરી ઇચ્છા નથી ઉર બાળતી;
પ્રણય ફળ હું પામી ચૂકયો પ્રિયા-ઉર પાસથી,
ઇતર ફળને અર્થે એને ત્યજું કયમ મોહથી !

સુત જગતનો સોંપી દેતો હશે સુખ સ્વર્ગનું,
સુતરહિતના ભુંડા ભાગ્યે હશે નરકે જવું;
સુરસદનની શાંતિ સ્હેજે અહીં મુજને મળે,
પ્રણય રસને પીતાં પીતાં પળો સુખની પળે.

અમરસુખ આ છોડી દેવા અરે ! નથી ઈચ્છતો,
જગત-સુખનાં ખાટાં ખારાં ફળે નથી રાચતો;
જરૂર સુખની વ્યાખ્યા જૂદી જનો જગનાં કરે,
મુજ હૃદયને એવી વ્યાખ્યા નહિ ઘડીએ ગમે.

કઠિન હૃદયો એ પત્નીનું ભલે સુખ ભોગવે,
દશ તનુજને પામી સ્વર્ગે ભલે પછી સંચરે;
જનક-સુખનો લ્હાવો લેતાં ભલે જગ માણતાં,
ઉર ઉભયને સ્નેહાભાસે ભલે સમજાવતાં.

( ૯૩ )

મુજ હૃદયને એવી ચેષ્ટા અરે ! નહિ આવડે,
કપટ રમવું વ્હાલી સંગે ! કદી ન બની શકે;
ભવ જલધિને એ નૌકામાં ચઢી ન તરી શકું,
વિષમ ગતિથી ડૂબી શાને મહા દરિયે મરૂં ?

પ્રણય જગનો સ્વામી મારે ગૃહે પ્રકટયો ખરે !
ભવન ભરતો, ક્રીડા કોટિ કરી રમતો ફરે;
અચળ ઉરથી એને બન્ને અવશ્ય ઉછેરશું,
શત વ્રત તણું સાચું દેવી સદા સુખ સેવશું.

Website: http://www.allimagetool.com



# સૌરાષ્ટ્રસુંદરી

( તોટક )

રસ પૂરિત રાસ વિષે રમતી,
દઇ તાલ પરિક્રમથી ફરતી;
રસ–ગાન વડે જગ રેલવતી,
કલ કંઠ થકી કકુભો ભરતી.

જનતા મહિં મૌન મુખે ધરતી,
રસ કૈંક અલૌકિક ઉદ્ભવતી:
ગુ રૂ વ ર્ગ વિ લો ક ન લાજવતી,
વપુથી વપુ માંહિ સમાઇ જતી.

અ મ લા ન ન નું અવગુંઠનથી,
કંઇ ગોપન વિભ્રમમાં કરતી;
સખીવૃન્દ વિષે મૃદુ ગુંજનથી.
દ્રગથી, શિરથી, કરથી વદતી.

શિર ઉપર શોભિત હેલ ધરી,
હળવે હસતી જતી હંસગતિ;
પથ મધ્ય ગુરૂ જનને નિરખી,
દઇ પૃષ્ઠ સલજ્જ તીરે તરતી.

પટ ભૂષણુ નૂતન [illegible] ધરતાં,
કંઇ નવ્ય પ્રસંગ વિષે પડતાં;
ગુરૂ સુંદરીને ચરણે નમતી,
શુચિ આશિષ અંતરની ગ્રહતી.

અતિથિજનપૂજનપુણ્યવતી,
પથિકાગમપાવનસદ્મવતી;
જલભોજનદાનપ્રવાહવતી;
શ્રમવારણુભવ્યવિવેકવતી.

ગૃહકાર્યવિલક્ષણુવેગવતી,
ગૃહમંડનદક્ષિણુચિત્તવતી;
શિશુપાલનવત્સલભાવવતી;
કટિભાગવિરાજિતબાલવતી.

વિભુના ઉરની વર વાંસલડી,
જગ–કાનન કૂજતી કોયલડી;
પ્રણુયામૃત વર્ષતી વાદળડી,
શીળી સંસૃતિની પથ–છાંયડલી.

નહિ જ્ઞાનહિવાકરતમમતિ,
પણુ ભક્તિરસે ભરી આર્દ્ર અતિ;
ઉરમાં, દૃગમાં ન વિકાર કદી,
નહિ અંતરમાં અભિમાન રતિ.

Website: http://www.allimagetool.com



ઠગતી નહિ, સ્હેજ ઠગાઇ જતી;
ન રડાવતી, આપ ઉરે રડતી;
અબળા બલ—વીર તણી જનની,
રમણી પણ મન્મથની જયિની.

સુરભિપરિસેવનબદ્ધમતિ,
દધિમંથનદોલિતદેહવતી;
વિવિધવ્રતસંયમશીલવતી,
સમયોચિતગાનનિધાનવતી.

કંઇ **રૂક્મિણી** રૂપગુણે રમતી,
કંઇ માનસ માંહિ **મારાં** મળતી;
કંઇ સ્નેહભરી સખી **સોન** તણી,
કંઇ **રાણિક** વિગ્રહથી વસતી.

વ્રત-તેજભરી કંઇ **નાગમતી**,
કંઇ **રાજુલ**સંગસુરંગવતી;
કંઇ **તોરલ** તીવ્ર તપે તપતી,
કંઇ **કસ્તૂરબ્હેનની** બ્હેનપણી.

સુરનારી શી સોરઠ-સુંદરી એ,
મૃદુ ભાષિણી ભવ્ય રસે ભરી એ;
ભુવિ ભારતભૂષણ ભાગ્યવતી,
નરલોક વિષે ઇતરત્ર નથી.

Website: http://www.allimagetool.com



# દુહિતા.

( શાર્દૂલવિક્રીડિત )

દીઠી ફરથો એ પ્રિય સ્થલ તણી વિસ્તીર્ણ વૃક્ષાવલિ,
ઊઠે અંતર આકળું ઉમળકે, ના ધૈર્ય ધારે ઘડી;
ચાલે વાહન શીઘ્ર તો પણ દીસે ધીમી અતિશે ગતિ,
ને વીતે પળ એક તે દિન સમી કષ્ટે કઢાતી હતી.

( દ્રુતવિલંબિત )

ઉતરી યાન થકી ગઇ દોડતી,
નવલ કૈંક તરંગથી નાચતી;
નયન ના પધને નિરખી શકે,
હૃદય કૈં નવલા રસથી હસે.

સરણિમાં સ્વજનો મળતા હતા,
કુશલપ્રશ્ન કંઇ કરતા હતા;
સહજ ઉત્તર સંભ્રમમાં દઇ,
ધસતી વેગથી વિઘ્ન વટાવતી.

( અનુષ્ટુપ )

ઊડતી પક્ષિણી જેવી દોડીને દ્વારમાં ગઇ,
જડેલી જીવ સાથે જ્યાં માતની મઢુલી હતી.

Website: http://www.allimagetool.com



( સ્રગ્ધરા )

ઉભી ત્યાં વાટ જોતી પ્રણયસરિત શી માવડી સ્વાન્ત-ભીની,
દોડી, દીઠી ન દીઠી વિકળ સમ જઇ કારમી કંઠ બાઝી;
ચાંપી અંગે ઉમંગે હૃદય ભરી ભરી પ્રેમ પીયૂષ પીતી,
ના છોડી; ને ન છૂટી, જડ સમ ઉરના ઐક્યથી બેય ઉભી.

( મન્દાક્રાન્તા )

મૂંગાં બન્ને હૃદય ઠલવ્યાં, અંગ ને સ્વાન્ત ભીંજ્યાં,
પૃથ્વીની ને ગગનતલની શું બની એક ગંગા!
ના વાણીનો વિનય કંઇ ને કૈં ન સત્કાર મીઠો,
પ્રેમી કેરો પથ અજબ હા! સંસૃતિમાં ન દીઠો!

( દ્રુતવિલંબિત )

અકળ સ્નેહ તણી જનની ધુની,
અજબ કૈં દુહિતા રસપુત્તલી,
ગહન એ ઉરના રસ-ભાવને
જગત ના નિરખી પરખી શકે.

( અનુષ્ટુપ્ )

ભલે પુત્ર તણી મીઠી લ્હાણુ છે મનુજાતને,
પરંતુ લ્હાણુ લાખોની દીકરી એક ખાણુ છે!

Website: http://www.allimagetool.com



પીયૂષ પ્રાણને પાતી. કર્કશત્વ નિવારતી,
સ્નેહસ્રોત સદા વ્હેતી દિવ્ય નિર્ઝરી.

( શાર્દૂલવિક્રીડિત. )

દીપાવે અતિ દીપ્ત દીધિતિ વડે ભાનુ ભલે વિશ્વને,
ગાઢ ધ્વાન્ત નિવારતો, ભભકતા તેજે દિશાઓ ભરે;
કિંતુ શીતલ ને સુધા વરસતી, આહ્લાદ ઉભ્રાવતી,
મીઠી, માનસ ઠારતી અજબ કૈં ચંદ્રા તણી માધુરી.

( સ્રગ્ધરા. )

ઘેરા કેકારવેથી વિપિન ગજવતો, કીડતો કૈં કલાપી,
ને શોભીતી કળાથી હૃદય રીઝવતો ઉચ્ચ આનંદ આપી;
કિંતુ મીઠા કુહૂથી વ્યથિત ઉર તણો શોક સંહારનારી,
કૂજંતી કોકિલાના રસિક હૃદયની રમ્યતા કૈં અનેરી.

( શાર્દૂલવિક્રીડિત. )

ઉડી કોયલ એ ભલે વન ત્યજી દૂરે જવાની હશે,
મીઠું કૂજન તોય ત્યાં રહી રહી પ્રેમે ભર્યું પ્રેરશે;
ને એ અંતર ઉછળી ઉછળીને સત્સ્નેહ સંભારશે,
ભોળા ભાવભરી, સુધા વરસતી આશીષ કૈં આપશે.

( સ્રગ્ધરા. )

કોટિ શાખા પ્રસારી રસભર રમતો કૈં રસીલો રસાલ,
ને મોંઘી મંજરીની સરસ સુરભિથી વર્ષતો નિત્ય બ્હાર;
કિંતુ હર્ષે હવામાં વ્યજન સમ વડાં પત્ર દોલાવનારી,
રંભાથી વાટિકાની સુખકર સુષમા કૈંક જૂદી જણાતી

( માલિની. )

સુખદ સલિલ આપી પ્રાણીના પ્રાણ પોષે,
સુભગ સર સમીપે રમ્ય સૃષ્ટિ રચાવે;
પણ ખળખળ વ્હેતી, નિર્મળાં નીરવાળી,
સરણિ સરિત કેરી ભવ્ય ભાગ્યે ભરેલી.

( અનુષ્ટુપ્. )

અનેરી એ મનોવૃત્તિ, અનેરો સ્નેહ અંતરે,
અનેરી આર્દ્રતા એની, ના અન્યત્ર મળી શકે.
નિઃસ્વાર્થ સ્નેહની શાળા, નિઃસ્વાર્થસ્નેહશિક્ષિકા,
સંયમે સર્વદા પૂરી, સ્વાર્થત્યાગવિચક્ષણા.

પ્રેમમાં સર્વથી પ્હેલી ને છેલ્લી સ્વાર્થમાં સદા,
દુહિતા દિવ્ય કો દેવી દેવધર્મધુરંધરા.
અન્યમાં એ નથી પ્રીતિ, એ ન દીઠી સહિષ્ણુતા,
રીઝવો ખીજવો તોએ એક ભાવ ઉરે સદા.

Website: http://www.allimagetool.com



( સોરઠા. )

" દુહિતા ભલી ન એક ", સૂત્ર અધમ એ સ્વાર્થનું,
શુષ્ક હૃદય નિઃસ્નેહ, ઇચ્છે ક્યાંથી આર્દ્રતા ?
રસહીણો સંસાર, રસથી દૂર સદા રમે,
અંતરને અધિકાર પુણ્ય પ્રણયનો ના ગમે.

( શિખરિણી. )

હજારો પુત્રોના સતત સહવાસે હૃદયને,
નહિ જે નિઃસ્વાર્થ પ્રણયરસ કે માર્દવ મળે;
અનાયાસે આપે રસ વરસતી એક દુહિતા,
દયા કેરાં દેવી ઝરણ પ્રકટાવે જગતમાં.

( મન્દાક્રાન્તા. )

ભૂલી જાયે કદી હૃદયથી માત કે તાત એને,
ને હૈયાની પ્રણયસરિતા શુષ્કતા કાંઇ સેવે,
તોએ દૈવી પ્રણય નહિ એ સ્વાન્તનો શાંત થાશે,
સ્વર્ગંગા એ સકળ સમયે એકધારી વહેશે.

( પૃથ્વી. )

વસન્તવનસૌરભે ભ્રમર કૈંક રાચી રહે,
અને વિવિધ પક્ષીઓ ફલરસાદિ સેવી રહે;

Website: http://www.allimagetool.com



પરંતુ નવ કુંજને વન વધાવતી વિશ્વમાં,
સુકીર્ત્તિ ઝળકાવતી પ્રણયનિર્મળી કોકિલા.

( હરિણી. )

જનકજનની કેરાં કષ્ટો કદી ઉર સાંભળે,
વિકટ પથને છેદી ભેદી જઇ પળમાં પડે:
સુખ-સમયમાં દૂર દૂર રહી ઉર રાચતી,
અજબ ઉરની વૃત્તિવાળી સુતા સુરપાવની.

( શાર્દૂલવિક્રીડિત. )

કારાગાર તણાં અસહ્ય ઉરથી ક્યારે ન કષ્ટો ગણ્યાં
સેવા શાહજહાનની ઉછળતા સ્નેહે કરી સર્વદા;
સ્વીકાર્યું વિષપાન, મુક્ત કરવા મેવાડને યુદ્ધથી,
ને ચિંતા નિવારવા જનકની, તે દુર્લભા દીકરી!

( દ્રુતવિલંબિત )

પડળ સ્વાર્થ તણાં દગથી ખસે,
મલિનતા મનની મનુજો ત્યજે;
હૃદય નિર્મળ તો પ્રણયે ભર્યું,
જગત જોઇ શકે દુહિતા તણું.

( ૧૦૩ )

# પુત્રીપ્રયાણ

( શિખરિણી )

શિશુક્રીડા કેરૂં પ્રિય સકળ સાહિત્ય વીસરી,
વયસ્યાનું સંગે સતત વસતું મંડળ ત્યજી;
થયેલાં પોતાનાં જન હૃદયભીનાં પરહરી
પ્રસૂનો પ્રીતિનાં ઝરણુ ઝરતે. અંક વરજી,

ગઇ અંતે ઉડી કઠિનતર યત્ને ઉર કરી,
મીઠાબોલી મારા વિજન વનની કોયલ ગઇ !
સુભાગી ચંપા શી હૃદય ઝળકાવી નડી ગઇ,
ભરેલું હા ! ભાગ્યે તિમિરપડ પાછું દઇ ગઇ.

" પિતાજી ! જાઉં છું, પ્રતિદિન તમે પત્ર લખજો,
" અને મારી ચિંતા, નહિ હૃદયમાં લેશ ધરજો:"
અહા ! છેલ્લા શબ્દો પ્રણયરસ વ્હેતા કહી ગઈ !
હણાતા હૈયાને દૃઢતર દિલાસો દઇ ગઈ.

વસેલું વાણીમાં અજબ કંઇ આશ્વાસન હતું,
હતું ઉંડું ઉંડું પણ; હૃદય પ્રચ્છન્ન રડતું.
મને જોતી દૃષ્ટિ સતત જલથી પ્લાવિત હતી,
અને કાયાવેલી પળ વિપળ હા ! કંપિત હતી.

Website: http://www.allimagetool.com



અરે! એ મેં જોયું, પણ નહિ કશું એ કરી શક્યો,
સુણ્યા મીઠા શબ્દો, પ્રતિવચન ના મેં દઇ શક્યો;
નહિં સંબંધીને તુજ હિત કશું સૂચવી શક્યો,
દબાયેલો દુઃખે, નહિ હૃદય મૂકી રડી શક્યો!

હશે આશા તારા ઉર મહિં કશા ઉત્તર તણી,
પરંતુ મારી તો અતિ વિષમ બુંડી સ્થિતિ હતી;
પ્રસંગો આવાની બહુ દિન ઉપેક્ષા કરી હતી,
પિતાની હૈયાની સ્થિતિ અહહ! આજે અનુભવી!

હવે ક્યાં એ મીઠા વિમળ ઉરનું દર્શન કરૂં?
હવે ક્યાં એ કાલા શ્રવણપુટ માંહે સ્વર ભરૂં?
હવે ક્યારે આવી લલિત ઉર એ લાડ કરશે?
અને સૂનું ક્યારે સદન રસગાને ગજવશે?

નવેલી સૃષ્ટિને નિરખી નહિ ક્યારે નયનથી,
ભણી ના ભૂગોળે, નહિ શ્રવણથી સાંભળી હતી;
સ્થિતિ એની ક્યારે નહિ શિશુ-ઉરે કતરી હતી,
ગઇ ત્યાં ઓચિંતી મુજ વચનને મસ્તક ધરી!

અજાણી સૃષ્ટિમાં નિયમવશ નિત્યે નિવસવું,
અજાણ્યા માર્ગોમાં ગૃહવધૂ બનીને વિચરવું;
અજાણ્યા સંબંધો સકળ સહુ અંશે સમજવા,
અજાણ્યા લોકોનાં હૃદય પટુતાથી રીઝવવાં.

સ્વભાવે સેવેલું ઉર-વહન યત્ને બદલવું,
નવા ધર્મો માટે સહજ વીસરી શૈશવ જવું;
નહિ જાણેલું તે હૃદય થકી સાંખી શકીશ શું ?
વસેલું સ્વાતંત્ર્યે ઉર-હરિણ બાંધી શકીશું શું ?

થયું સૂનું મારું હૃદય, હસતી એ છવિ વિના,
લૂંટાયેલો ઘેલા તુજ જનનીની શી કહું દશા ?
બિચારાં આ બાળો પરવશ સમાં કેવળ રડે,
ઠગારી સૃષ્ટિના કટુ નિયમ જાણી નવ શકે.

સુધાથી સિંચેલી અમ ગગનચંદ્રા વહી ગઈ,
હસાવીને થોડા દિન, રૂદન અંતે દઈ ગઈ;
અતિથિની પેઠે મિત સમય સંગે રહી ગઈ,
વિધિની દીધેલી, વિધિવશ અરેરે ! થઈ ગઈ !

હતું જાણ્યું થોડા દિવસ વસવાની ગૃહ વિષે,
તથાપિ ના કીધું ઉરથી કંઇ આતિથ્ય કદીએ;
લડાવ્યા પુત્રોને, સતત ગણગાર્યો શઠપણે,
અને કીધી તારા ઉર તણી ઉપેક્ષા પળ પળે.

અરે ! રાખી ઓછી, પણ ન ઉર તેં ઓછપ ગણી,
અમારા ભેદોને હર ઘડી હસીને ગળી જતી;
અનેરી ઇચ્છાઓ દિનનિશ દબાવી દિલ તણી,
હસીને, ખેલીને અમ હૃદય આનંદ ભરતો.

ખરે ! જન્મી ત્યાંથી સહન કરવાનું સમજતી,
અમારા આત્માતે. સહન કરવા તત્પર હતી,
અને ત્યાંએ તારે સહન કરવું અંતર હતું.
અમોને પર્યન્તે ‘ સહન કરવું ’ શીખવી ગઈ

Website: http://www.allimagetool.com

( ૧૦૭ )

# પિયર

સ્રગ્ધરા )

ઊંચા વાતાયનેથી પ્રિય પિયર તણો પ્રેમથી પથ જોતી,
ને એ વ્હાલી દિશાનાં તરુ, ગિરિ, નગરો અંતરે નાંખી લેતી;
ઊડીને આવતાં કો ગગન ચિતરતાં પક્ષીઓને નિહાળી,
ઉંચી, નીચી, અધીરી પણ વિપળ થતી બ્હાવરી ભાવભોળી

વર્ષાની વાદળીને નિરખી નભ વિષે આવતી આશઘેલી,
વ્હાલાંની કૈંક વાતો હૃદય ભરી ભરી પૂછવા ચિત્ત ચ્હાતી;
ને ક્યારે કાંઈ દૂરે ક્ષિતિજઉર પરે ઉડતી ધૂળ દેખી,
સેવી સંકલ્પ મીઠા, પુલકિત બનતી, ના શરીરે સમાતી.

એ પંથે આવનારા પ્રતિ પથિક વિષે તાત ને ભ્રાત કેરી,
શંકા સ્હેજે થતી ને વહી જતી પળમાં, આવતી તોય પાછી;
ક્યારે ઊડી ઉમંગે, અવશ ઉર થકી પ્રેમની દિવ્ય પાંખે,
વ્હાલાનાં વૃન્દ વચ્ચે ક્ષણભર વિરમી આવતી શોકસંગે.

સોને રૂપે રસેલા, જટિત મણિ થકી શોભતા પિંજરામાં,
આસ્વાદો કૈં અનેરા, વિવિધ રસ ઉરે સેવતી સારિકા આ;
સંભારી શોક પામે સઘન વિપિનને, વૃક્ષને, વેલિઓને,
પુષ્પોને, પક્ષીઓને, અમલ ઉર તણી મિષ્ટ કૈં કેલિઓને;

આશાને અંક બેસી, નવ કુતૂહલથી દેખવા નવ્ય સૃષ્ટિ,
કૈં ભાવાથી ભરેલી, દયિતકર વિષે અર્પતી હસ્ત આશી,
મોંઘા મ્હેમાન જેવી, નવલ જગ તણાં પામતો માન મીઠાં,
સ્વર્ગંગાના સુભગી સલિલશીકરથી નિત્ય ન્હાતી નવોઢા.

તોએ છૂટે જડેલું મહિયર મધુરૂં પ્રેમના ધામ જેવું,
વીસાર્યું વીસરે ના, અગણિત બળથી ચિત્તને ખેંચનારૂં,
પ્રીતિનાં પૂર વ્હેતો, સકલ રસભરી માતની સોડય મીઠી,
મીઠી સાહેલીઓ એ, હૃદય વિલસતી કેમ થાયે અદીઠી!

આંબાની ઉંચી ડાળે મળી સહિયરમાં બાંધી હિંદોલ હિંચ્યાં,
ને ફોરાથી નદીનાં હસી હસી હરખે નિર્મળાં નીર ઝીલ્યાં;
ચંદાનો ચંદ્રિકામાં રસભર રમતાં રાસની લ્હાણ લીધી,
ને જ્યાં નાના વ્રતોથી, અજબ ઉછળતા ભાવથી ગોર્ય પૂજી.

ભોળુડા બાન્ધવો એ પરવશ સરખા સર્વદા સંગ રે'તા,
'બ્હેની, બ્હેની' કહીને સરખિ સકળમાં જે કરાલંબ લેતા;
નાચી, કૂદી, રમીને વિમલ રસભર્યું જે સ્થળે સ્વાન્ત ઠાર્યું,
જ્યાં માયાથી નિરાળું, અવિકૃત ઉરનું, મીઠડું બાલ્ય મૂક્યું.

મૂક્યું જ્યાં નામ ન્હાનું, પુનિત પદ થકી પૂર્ણ પુત્રીત્વ મૂક્યું,
ને વાત્સલ્યે ભરેલું જનક-હૃદયનું સ્વર્ગ શું છત્ર છોડ્યું:
મીઠા 'તું' કાર કેરા મૃદુલ કુસુમથી વિશ્વ લેતું વધાવી,
ક્યારે પ્રૌઢી શિલાઓ બહુવચન તણી જ્યાં ન દેતી દબાવી

એ સંસારાબ્ધિ કેરા અકળ ઉર પરે દીપતા દ્વીપ જેવું,
ભૂલાયે ના ભવાંતે પિયર, પિયર હા! પુણ્યવંતું પનોતું
એ સંભારી સ્નેહભીનું હૃદય ધબકતું, નિત્ય નિઃશબ્દ રોતું,
અંતે ગંભીર ભાવે નવ સમુદયમાં શીઘ્ર સંક્રાન્ત થાતું.

ઉભેલી આંગણામાં વિકળ હૃદયથી વાયસોને વધાવે,
ચંદાને રંચ રોકી, પ્રણય પિગળતું સ્વાન્ત સંગે પઠાવે;
ક્યારે એકાંત સેવી, જનની-વિરહનાં ગુંજતી ગીત ગાતી,
ને એ રે'તું અધૂરું રૂદિત હૃદયમાં, નેત્રથી નીર વ્હેતી.

આવેલો જાણી ક્યારે જનકગૃહ તણો પાન્થ કો સન્નિવેશી,
દોડી દોડી અધીરી સ્વજનકુશળ કૈં પૂછવા વ્યગ્ર થાતી;
વાણી સંગે અધીરું હૃદય ઉછળતું, પ્રશ્નનું પૂર વ્હેતું,
ને શાંતિ શોધતા એ શ્રમિત પથિકને મુંઝવી દુઃખ દેતું.

તોએ નિશ્ચિંત રે'વા જનની જનકને શાંત સંદેશ દેતી,
ને વ્હાલાં ભાંડુઓને હૃદય-કુસુમ શી કૈંક આશીષ કે'તી,
સંતાપોને શમાવી વહતી હસી હસી, રોકતી અશ્રુધારા,
મોંધઃ સ્વર્ગદ્વયે એ સતત વિલસતી ઉજ્જ્વળી આર્યબાળા

# સ્થિત્યન્તર

( કવ્વાલી. )

હજારો દિવ્ય વૃક્ષોની થતી શીળી શિરે છાયા,
વિલસતાં અંકમાં આવી સદા સ્વાદુ ફળો મોંઘાં.

વ્યજનથી ઢોળતી વાયુ રહી રંભા નિકટ નિત્યે,
મધુરો માલતી દેતી સુગન્ધિ પુષ્પની પ્રીતે.

નવલ પત્રાંબરે મુગ્ધા ઝુપાવી અંગ સોનેરી,
વિખેરી પુષ્પ પોતાનાં વધાવી વેલિઓ લેતી.

સલૂણી આમ્રની શાખા મનોહર મંજરી દેતી,
નચાવી અંગ આનન્દે રીઝવવા ચિત્તથી ચ્હાતી.

ચડી માકંદને માથે સુભાગી કોકિલા ગાતી,
કદાચિત નાચતો ગાતો કલાપી દિવ્ય કેકાથી.

સમીપે સ્વર્ધુની શીળા શીકરથી શીતતા દેતી,
કટાક્ષે પદ્મપત્રોમાં વસી પદ્માલયા જોતી.

કુસુમકલિકા તણા ભોળા હૃદયની સ્નેહમય વાતો,
રસીલો ડોલતો વાયુ કદી કર્ણે રહી કે'તો.

તરૂની ડાળીમાં પેસી રવિ રમતો અને જોતો,
કદી કરથી જરા સ્પર્શી અનેરી ચેતના દેતો.

સહજ સંગીતથી દોડી હરિણીઓ આવતી હોંશે,
ભરી ભોળા હૃદય ભાવો વિલસતી ખેલતી હોંશે.

હરિત દુર્વા તણો દૈવી ગલીચો રાતદિન રે'તો,
કુસુમની એ શિરે શય્યા પવન પણ પાથરી દેતો.

અમર-આનંદનો ઉંડો છલકતો સર્વદા સિંધુ,
અરે ! અંતે ગયો ઉડી ! રહ્યું એકે નહિ બિંદુ !

ગઈ એ સ્વર્ગની શોભા ! ગઇ એ કાળની કેલિ !
ગઈ એ સ્નેહની સૃષ્ટિ ! ગઇ એ હર્ષની હેલી !

ગયો એ ભાગ્યનો ભાનુ ! ગઈ એ તો મજા મીઠી !
ગઇ એ વીજળી વેગે, થઇ દીઠી નહિ દીઠી !

હવે તો ફેરઠાં ફેરી રહી આ ભાગ્યમાં છાયા !
ચરણને ચોંટતા ચૂમી પડેલા પંથમાં કાંટા !

ઠરેલું ઠુઠ્ઠરે ડાળું, કંઇ ઉનું કંઇ ખારૂં,
પીવા માટે મળે પાણી ભરેલું ગર્ત્તમાં ભુંડું.

હજારો કાક ને હોલા, અધીરા જંબુકો બોલે,
નમેરા કાળના દૂતો સમીપે પન્નગો ડોલે.

ઉદરમાં પૂરવા માટે અજીઠાં બોરની ઇચ્છા,
અને આ ઉંબરા કેરાં ફળોની અંતરે આશા.

કઠિન શય્યા શિલા કેરી, નહિ નિદ્રા ઘડી આવે,
કશોડા કંકરો માંહે કદી ના બેસતા ફાવે.

પ્રસારી અગ્નિ શા અંશુ દિવાકર દેહને બાળે,
અને વાયુ તપી તેવો અજાણ્યું વેર કૈં વાળે,

અભાગી વાસરો એવા અરેરે ! કાઢવા કષ્ટે ।
નહિ કે'વું, નહિ રોવું, સહેવું શાંતિથી સર્વે ।

પરંતુ પૂર્વની મીઠી પળો આવે સ્મરણ માંહે,
અમૂલા એજ આલંબે અમારો જીંદગી ચાલે.

Website: http://www.allimagetool.com



# એક સ્મૃતિ

( દ્રુતવિલંબિત. )

વિવિધ વર્ષ અનેક વહી ગયાં,
સમયનાં પડ કૈંક ચડી ગયાં;
કંઇક કષ્ટશિલા હૃદયે પડી,
ઉખડી કૈંક ગઇ, રહી કૈં જડી.

અવનવાં બહુ દૃશ્ય અનુભવ્યાં,
હૃદયને કંઇ રંગ ચડી ગયા;
કંઇક મિત્ર મળ્યા, ત્યજી કૈં ગયા,
સ્વજન કૈંક થયા, વહી કૈં ગયા.

કંઇ પળો રમતી સુખની ગઇ,
કંઇ પળો રડતી દુઃખની ગઇ;
હૃદય કૈંક મળ્યાં, હૃદયે જડ્યાં,
હૃદય કૈંક હર્યાં, વળી કૈં રડ્યાં.

અમિત આશલતા ઉર ઉદ્ભવી,
કુસુમથી, ફળથી લચી કે પડી;
કંઇ વધી પણ વંધ્ય રહી ગઇ,
પ્રકટતાં કંઈ ધૂળ વિષે મળી.

Website: http://www.allimagetool.com



કંઈક સંસૃતિયુદ્ધ થઇ ગયાં,
જય પરાજય કૈંક મળી ગયા;
વિપદનો વરસી કંઇ વાદળી,
કંઇક સંપદની પ્રકટી ઝડી.

અવનવા અવતાર ઉરે ધર્યા,
અવનવા અધિકાર મળ્યા, ટળ્યા,
સહુ મળ્યું, વિરમ્યું, પલટયું, ગયું,
હૃદય કે પલટાપલટી રમ્યું.

પણ નિરંતર એ પળની સ્મૃતિ,
સ્થિતિ સમસ્ત વિષે હતી જાગતી;
પ્રખર ગ્રીષ્મ તણા પરિતાપમાં,
વિજન–નીરવ–એ વનવાસમાં.

ઉદયકાળ ન દૂર ગયો હતો,
નભ વિષે રવિ કૈંક ચડયો હતો;
હૃદયપંકજ કૈં વિકસ્યું હતું.
નવલ તેજ ગ્રહી હસતું હતું.

નવલ કૂજન કૈં શ્રવણે પડયું,
હૃદયને અડકી હૃદયે સર્યું;
હૃદયરૂપ બની, વિલસી રહ્યું,
હૃદયના હૃદયે રમતું થયું.

Website: http://www.allimagetool.com



મધુર એ સ્વર, એ પળ હર્ષની,
પ્રયણ-પુણ્ય-સુધારસ વર્ષતી;
શ્રવણ મંગલ શોભન એ શ્રુતિ,
શકુનરૂપ સુભાગ્યસરસ્વતી.

હૃદયથી પળ એક ન એ ખસી,
ન થઈ જીર્ણ, ન મંદ દીસે જરી;
સકળ માનસનાં પડ વિંધતો,
સતત એ સ્વર ઉપર આવતો.

ભવ તણા પરિતાપ ભૂલાવતો,
અવનવું ઉરને બળ આપતો;
અતિ મનોહર જીવનમંત્ર એ.
વિધિવિનિર્મિત અંતરતંત્ર એ.

હૃદયમાં રસ એ સ્મૃતિ વર્ષતી.
કઠિન કંકર સત્વર ગાળતી;
ચરણનો શ્રમ નિત્ય નિવારતી,
નિકટ દિવ્ય નિકેત બતાવતી.

# દીપાત્યય

( વસન્તતિલકા — અનુષ્ટુપ )

ગાઢાન્ધકાર ગૃહ માંહિ હતો છવાયો,
ને શૂન્યકાર ઉર માંહિ હતો ભરાયો;
દૃષ્ટિ જરા પણ જઇ શકતી ન દૂરે,
આશા કશી પ્રકટતી ન હતી લગારે.

દેવના યોગથી ન્હાનો દીવડો એક ઉદ્ભવ્યો,
સ્નેહના પોષણે રહેજે વાધતો ક્રમથી ગયો.

ચંદ્રા તણા રસભર્યા મૃદુ હાસ્ય જેવો,
ને ઉગતા રવિ તણા કર શો રૂપાળો,
ન્હાના પ્રસારી કર વ્હાલ વધારતો એ,
ને ડોલતો, દશ દિશા અજવાળતો એ.

અંધકાર ગયો ઉડી, દૃષ્ટિસાફલ્ય હા ! થયું,
શૂન્યવત્ ગેહમાં ભાસે એથી સર્વ નવું નવું.

નાસી ગઇ હૃદયની સઘળી નિરાશા,
ને ઉદ્ભવી નવનવીન અનેક આશા;
એ યોગથી સકળ વસ્તુ સુરમ્ય લાગે,
ને પ્રેમનો પ્રબળ પૂર્ણ પ્રવાહ ચાલે.

Website: http://www.allimagetool.com



સ્નેહની દૃષ્ટિએ જોતી શર્વરી દોડતી જતી,
સુભાગી કૈંક સ્વપ્નોના આસ્વાદો આપતી જતી.

ખીલી રહ્યું પળ પળે વપુ તેજ દેતું,
ને વાધતું નસ નસે બળ નવ્ય લેતું;
દેવી પ્રભા વદનમાં વિલસે વધારે,
રહેજે તમિસ્રચયને નિરખી નસાડે.

ન કશો કલ્પનામાંએ અન્ધકાર હવે રહ્યો,
રસીલો દીપ જ્યાં રાજે તેજના પુંજથી ભર્યો.

મારા સમગ્ર જગનો રવિ એ રૂપાળો,
ને રાત્રિનો રમણ એ ઉડુરાજ સાચો;
પીયૂષ એ, નયન એ, ઉર એજ મારૂં,
. એ પ્રેમ, એ સકળ જીવન મૂળ મીઠું.

હોંશીલો કો સમે આવી વાયુ લાડ લડાવતો,
સ્પર્શીને કોમળા અંગે નવ્ય ભાવે નચાવતો.

લીલા અનેકવિધ એ અવલોકવાથી,
આનંદની લહરિઓ ઉર ના સમાતી;
ને એ અનેક સુખના પરિણામ જેવી,
નિદ્રા નવી નયનમાં સહસા ભરાતી.

પરંતુ કાળની દૃષ્ટિ ઇર્ષ્યાગ્નિથી ભરી હતી,
રંકના રત્નને દેખી એ નહિ રાચતી હતી.

Website: http://www.allimagetool.com



ધીમે ધીમે પવનના પલટયા વિચારો,
બૂરું સ્વરૂપ કંઇ એ ધરતો જણાતો;
વાત્સલ્યભાવ ઉર માંહિ રહ્યો ન એને,
ભોળું અરે! હૃદય, આ નવ કાંઈ જાણે.

પ્રહારો આકરા એના, હા! ક્રમે વધતા જતા,
બિચારૂં કોમળું હૈયું સહી કેમ શકે જરા!

આઘાત એ શિશુકથી ન સહી શકાય,
કંપે અને કળકળે, મનમાં મુંઝાય;
ઉડી જવા કે છળતું ઉર સ્તબ્ધ થાતું,
ને વાયુનું બળ અરે! વધતું જણાતું.

અંધારૂં ઉડતું આવે, ડોકિયાં કરતું ફરે,
કાળના ક્રૂર હૈયા શું કૈંક ચેષ્ટા કર્યાં કરે.

" હાં! હાં! વિરામ પળ પામ સમીર, વ્હાલા!
" આ શા કરે પ્રણય વીસરી દુષ્ટ ચાળા!

" ઉગ્ર સ્વરૂપ તુજ એ નિરખી શકે ના;
" આઘાત એ હૃદય સ્વલ્પ સહી શકે ના."

પરંતુ અંતરે એને ઉતરે નહિ અર્થના,
અશાંત ચિત્તમાં આજે ઉદ્ભવે ક્યાં થકી દયા!

વંટોળિયો અનિલને ઘડી રોકી રાખું,
ને હસ્તનો ઘડીક દુર્ગ રચી બતાવું;

Website: http://www.allimagetool.com



તોએ ન કંપ ઉરનો કંઈ શાંત થાય,
ને ધ્વાન્ત તો સદનમાં અતિશે ભરાય.

અહો ! સ્તબ્ધ થયો વાયુ, દીપ એ ડોલતો રહ્યો,
કાળવક્ત્ર થયું કાળું. બાળ એથી બચી ગયો.

ચિંતા ત્યજી હૃદય હૃષ્ટ થયું ઘડીમાં,
નાચી રહ્યું નવલ સ્વપ્ન-પરંપરામાં;
ત્યાં તો અચિંત્ય ફરી એ યમદૂત આવ્યો,
કંપી ઉઠયો અહહ ! બીકથી બાળ ન્હાનો.

આઘાત એક અચિંતો ! એક ફુત્કાર કારમો !
અરેરે ! દીપ ડોલીને શાંત શૂન્ય બની ગયો !

ગાઢાન્ધકાર ગૃહ માંહિ ફરી છવાયો,
ને શૂન્યકાર ઉર માંહિ ફરી ભરાયો;
દૃષ્ટિ જરા જઇ શકી ફરીથી ન દૂરે,
આશા કશી હૃદયમાં ન રહી લગારે.

Website: http://www.allimagetool.com



# વિપત્

( શિખરિણી )

હજારો હૈયાની કુલિશશત જેવી કઠિનતા,
મળેલી દુઃસંગે મનુજ–મન કેરી મલિનતા;
નિવારીને નિત્યે અતિ અમળ ને આર્દ્ર કરતી,
વિપદ્ગંગે ! વંદું તુજ ચરણમાં મસ્તક ધરી !

દીસે લાખો દેવી પ્રકટ પૃથિવીમાં થઇ ગઇ,
કરી કૈં કૈં કાર્યો, વિમળ યશ મૂકી વહી ગઇ,
વસે તું વર્ષોથી, અમિત યુગથી જાગતી સદા,
પ્રભુની પ્રીતિનાં અમ હૃદયને પાત્ર કરવા.

અમારા આકાશે રસભરિત તું વાદળી વસે,
ભલે રોકી રાખે દિનપતિ તણા દીપ્ત કરને;
પરંતુ પર્યન્તે સલિલ સુખકારી વરસતી,
હઠાવી પાપોને સતત ઉરને શાંત કરતી.

અને સંપત્તિ તો દુરિતમય આંધી ઉલટતી,
ચડીને ઓચિંતી અમ નયનને અંધ કરતી;
પડી પૃથ્વીપૃષ્ઠે મલિન રજને વેગે વિતરતી,
અનેરા ઉત્પાતો થકી જગતને નિત્ય હસતી.

તને જોવા કેરી અમ હૃદય ઇચ્છા નવ કરે,
અને દેખી તારૂં વદન અતિશે અંતર ડરે;
નવા રોગો નિત્યે શરીર મહિં સંક્રાન્ત કરતું,
ખરે ! ખાટું ખારૂં અધિક અમને ખાદ્ય ગમતું.

પરંતુ રોગોનો નિજ બળ થકી નાશ કરતું,
નવી શાંતિ આપી સકળ સુખથી દેહ ભરતું;
નહિ પીવું ક્યારે કટુતર અરે ! ઓષધ ગમે,
અને એવી રીતે હૃદય તુજ માંહે નવ રમે.

સુભાગી શાસ્ત્રોનાં વિમળ વચનોના શ્રવણથી,
ગુરૂના સદ્બોધે, નરપતિ તણા નિત્ય ભયથી;
અમારા આત્માનો અવિરત અહંકાર ન મટે,
પડે તારી છાયા પલક મહિં તે પીગળી પડે.

મહા માનાદ્રિના પ્રખરતર શૃંગો પળ વિષે,
પડે તારી પાંખે ધરણિ તલમાં ચૂર્ણ થઈને;
મટાડીને મસ્તી મનુજગણને મ્હાત કરતી,
ચલાવે ચીલામાં શિર પર રહી તું શુભ સૃણિ.

અમારી આંખોનું અતિ ઉચિત તું અંજન અરે !
ચડેલાં, ચ્હોંટેલાં પડળ સઘળાં સત્વર હરે;
પછી પામી દૃષ્ટિ, નવલ બળ. સંસાર પથને,
ઉમંગે આ લોકે સુરસદનનાં સર્વ તરૂને

Website: http://www.allimagetool.com



અયોધ્યાને અંકે અગણિત નૃપાલો થઇ ગયા,
પ્રજાને પાળીને સમય સહ સ્વર્ગે વહી ગયા;
પરંતુ જાણે છે જગ-જન હરિશ્ચન્દ્ર નૃપને,
અને પૂજે પ્રેમે રઘુપતિ તણાં પુણ્ય પદને.

કર્યા તેં છાયાથી અમર અવનીમાં ઉભયને,
ગુણો કીધા કોટિ અનુકરણ અર્થે પ્રકટ તે;
કવે લીલા તારી પ્રથમકવિ રામાયણ વિષે,
અને વ્યાસે ગાયા તુજ ગુણ મહાભારત વિષે.

કુયોગેથી કૃષ્ણા અહહ ! પરણી પાંચ પતિને,
પરંતુ તેં પોષી લઈ સતત અંકે, કર વિધે;
નહિ તેથી એની જગત કદી હાંસી કરી શકે,
તને દેખી સંગે મનુજગણનાં મસ્તક નમે.

તને સેવી દેવી ! અસુર પણ પામે અમરતા,
તને સેવી પામે પુનિત હૃદયો પૂર્ણ પ્રભુતા;
મહા મોંઘાં દેતી સકળ ગુણકારી ફળ સદા,
વિભુની વાડીની અતિ લલિત તું દિવ્ય લતિકા.

Website: http://www.allimagetool.com

( ૧૨૩ )

# અવસાન

( શિખરિણી )

અપૂરી આશાઓ હૃદય મહિં રાખી હૃદયની,
અહો ! સુતો આજે કરી અહીં પથારો મરણની;
વહે ધીમી નાડી, શિથિલતર અંગો થઇ ગયાં,
હવે લેવા શ્વાસો પરિમિત મહર્થે રહી ગયા.

ગઇ આંખો ઉંડી, પ્રથમ સમ દૃષ્ટિ નવ પડે,
ક્રમેથી કર્ણાદિ અબળ અતિશે ઇંદ્રિય બને;
ઘડી ઉંડો ઉંડો ઉતરી પડું પાતાલ–તલમાં,
ઘડી વાયુવેગે વિવશ વિચરૂં વ્યોમ–પથમાં.

ઘડી હાહાકારે બધિર શ્રવણો આ બની જતા,
ઘડી મંજુ ગાને હૃદય અનુવર્તે રસિકતા;
ઘડી સ્વર્ગસ્થોનો સહચર બનીને વિચરતો,
ઘડી જીર્ણારણ્યે, ભયકર નિદાઘે ભટકતો.

સમીપે શું થાયે ? ખબર નહિ તેની ઘડી પડે,
વિલાપો વ્હાલાંના સકરૂણ ઘડીમાં મન હરે,
ઘડી કાન્તાસંગે કદલીવનમાં કેલિ કરતો,
રીસાતી શ્યામાને પ્રણય—પટુતાથી રીઝવતો.

ઘડી અંકે રાખી સુતવદન ઝાંખે નિરખતો,
સુણી કાલાં ઘેલાં મૃદુ વચન હૈયે હરખતો;
થતી હૃત્સૃષ્ટિમાં બહુ વિધ ક્રિયાને અનુભવું,
ન જાણે જોનારાં, પરવશ નહિ હું કહી શકું.

રૂએ માતા પેલી, જનક–મન છાનું અહીં રૂએ,
નિરાશે, નિઃશ્વાસે, વ્યથિત બની મારૂં મુખ જુએ;
અરે ! એની આશા સહજ સહુ લાગી સળગવા,
વિચારો ધારેલા ઉર ઉછળી આવે ખસી જવા.

ભિષગ્ ધ્યાનાભાસે ધમની અવલોકે કર ધરી,
ઘડી આશાવેશી, ઘડી ઉર નિરાશા ઉલટતી;
અરે ! શાને ઘેલા વિફળ વિષયે યત્ન કરતો !
ઉકાળા આ કાળા દઇ વિવિધ કાં દેહ ભરતો !

ચડ્યું સ્કંધે ચાળી, નહિ મરણ પાછું હઠી જશે,
ઉપાયો સૌ તારા વન–રૂદન જેવા થઇ જશે·
દશા આ સર્વેની જરૂર બનવાની જગતમાં,
હું આજે તું કાલે નહિ ધરવી શંકા નિધનમાં.

ઉદાસી મિત્રો ને પરિચિત જનો સૌ કળકળે,
પૂછે વારે વારે, અભિલષિત ના ઉત્તર મળે;
રહી શાંતિ વ્યાપી પિતૃવિપિન જેવી સદનમાં,
સુણી શું મૃત્યુનો પદરવ સહુ મૌન ધરતાં !

Website: http://www.allimagetool.com



અરે ! આ એકાંતે રડતી મમ ભોળી પ્રિયતમા,
મૂકે છે નિઃશ્વાસો પ્રલયસમયસ્પર્શન સમા;
ઘડી પાસે આવી મુજ મુખ વિલોકી નવ શકે.
અધીરાં આંસુને વિપળ પણ રોકી નવ શકે.

દશા એના દુઃખી હૃદય તણી કેવી થતી હશે ?
નિરાધારા દારા વિપદનિલથી વેપતી હશે !
સુભાગી શૃંગારો ઘડી પછી શું એના ઉતરશે ?
અરે ! શું મૃદ્વંગી પ્રિયવિરહ વૈધવ્ય ભજશે ?.

દયા લાવી એની નિકટ જન કોઇ નથી જતું,
મુંઝાણી જાણી ના ધૃતિવચનથી શાંત કરતું;
પડે જેને માથે સહન જગમાં તે જન કરે,
સહુ દુઃખે ડૂબ્યાં, કયમ ઇતરનું સંકટ હરે ?

રૂદંતી રામાની સમીપ શિશુ પેલાં ટળવળે,
મુખે વીલે રોતાં, જનની મુખ જોતા પળપળે;
" અહો ! માતા ! શાને રૂદન કરતી દીન વદને ?
" પિતા કાં ઉઠે ના ? નિંકટ નવ લે કેમ અમને ? "

" બિચારાં ઓ ! મારાં શિશુ સતત ભાગી સુખતણાં!
" શિરે છાયાં અભ્રો નિરખી ન શકો સંકટ તણાં;
" રડો શાને બાપુ ! તમ જનક આરોગ્ય લઇને,
" પથારીથી કાલે જરૂર ઉઠશે સ્વસ્થ થઇને.

Website: http://www.allimagetool.com



"હસી બોલી હેતે તમ હૃદયને હૃષ્ટ કરશે,
"રમાડીને રંગે, સતત લઇ સંગે વિચરશે;"
દિલાસો દેતી ને હૃદય સરસા ચાંપતી અરે!
પરંતુ માણેશે હૃદય કંઇ વિશ્વાસ ન ધરે.

પિતાને સૌ પૂછે, કંઇક જન પૂછે જનનીને,
પરંતુ આને ક્યાં પૂછવું મમ આરોગ્ય જઇને!
ભુંડા ભાવી તર્કો હૃદય પટ ચીરે અણુતણા,
મનો વ્હાલાં કેરાં અહિતશતશંકાકુલ સદા.

ઘડી એક સ્થાને ઠરી નવ શકે ધીરજ ધરી,
વિપજ્જાલે પેસી હરિણી સમ કંપે હર ઘડી;
સુરોને સંભારી વિહિતવિનયા પ્રાર્થન કરે,
પતિને મૃત્યુના કર થકી મૂકાવા કરગરે.

ઘડીમાં શાંતિથી શ્રવણ દઈ સાશંક શુણતી,
સગાંના સંવાદે ભયચકિત ભીરૂ ભડકતી;
અરેરે! સંસારે જરૂર સુખ શોધ્યું નવ જડે,
વડા વિદ્યુત્પાતે કદલી ઢળીને કાં નવ પડે!

ખરે! પામી મૂર્છા, નહિ જઇ ઉઠાડે નિકટ કો,
પડી જાતાં ઉઠી, અહહ! દુઃખકારી સમય શો!
સગું તેનું સાચું નહિ જગતમાં કો પણ રહ્યું,
પતિ પ્હેલાં હા! શું સકળ સુખ દૂરે વહી ગયું!

Website: http://www.allimagetool.com



અરે ! શાને શાણી ! મમ હૃદયરાણી ! ટળવળે ?
સલુણી છોડી દે રૂદન, નહિ તેથી કંઇ વળે;
વિપત્તિ પ્રાણીને સહન કરવાની શિર સદા,
સુખો દુઃખો સર્વે મનુજ—ગણુ માટે નહિ મૃષા

સ્થિતિ જોને ! કેવી બહુવિધ બને એક દિનની ?
ઋતુના ભેદેથી ષડવિધ નથી શું વરસની !
અને તેવી રીતે સમય વધતાં આ શરીરની,
દશાભેદે એવી સ્થિતિ થતી સદા સંસૃતિ તણી.

શિરે સૌને શાણી ! મરણુ રજની ને દિન વસે,
સુએ, બેસે સર્વે પણુ વિપળ ત્યાંથી નવ ખસે;
જવું વ્હેલું મોડું ત્યજી જગત, પ્રાણી સકળને,
રડયાથી, કુટયાથી, વિધિનિયમ મિથ્યા નહિ બને.

સગાં ને સંબંધી પવનવશ સૌ અભ્ર સરખાં,
થઇ ભેગાં છૂટે વિવિધ ભવનોમાં વિહરતાં;
ગયા જોને ! કોટિ મનુજ, ત્યજીને સર્વ મમતા,
જવું તેવી રીતે, શરીરધરને શી અમરતા ?

વિપત્તિ જે વ્હાલી ! શરણુગતની સત્વર હરે,
ત્યજાવે સૌ ચિંતા, પ્રણુયરસથી માનસ ભરે;
પ્રભુની પ્રાપ્તિનો પુનિત પથ ઉદ્ઘાટિત કરે,
અરે ! એ મૃત્યુંનું શરણુ ભયકારી ક્યમ ઠરે ?

Website: http://www.allimagetool.com



વિયોગાવસ્થાને અમુક દિન તું સહ્ય ગણજે!
નિરાંતે દેહાંતે મુજ હૃદયને આવી મળજે!
અહેહીની સૃષ્ટિ, સતત સુખવૃષ્ટિ થકી ભરી,
યથાકાળે કાન્તે! અભય બનવું ત્યાં પદ ધરી

નહિ જ્યાં સંસારી સહજ પણ દુઃખો રહી શકે,
નહિ જેની કીર્ત્તિ સુરગુરૂ સમાએ કહી શકે;
સુરોની સંગાથે રસભરિત જ્યાં અંતર રમે,
પ્રિયે! એ સૃષ્ટિમાં ગમન મનને કેમ ન ગમે!

જવા દે ઉત્સાહે વિતથ જગમાંથી મન ત્યજી,
પરાનંદે પ્રીતિ પ્રકટ થતી ના રોકય રમણી!
રૂએ છે આ બાળો, દઈ દિલ દિલાસો નિકટ લે!
નબાપાંનાં દુઃખો મન નયનને પ્લાવિત કરે.

ઘડીમાં તેઓનું જનક-સુખ વ્હોળું બળી જશે,
શિરશ્છત્રાભાવે ભવવિપિન માંહે ભટકશે;
નહિ એ શું મારાં? વળી નહિ હું એનો પણ રહ્યો?
ખરે! એ સંસારી સુખ-સમય પૂરો થઇ ગયો.

હવે તો શાંતિથી, વિમળ મનથી પ્રાપ્ત મરવું,
હવે શાને માટે જડ જગતમાં ધ્યાન ધરવું?
હવે શાને માટે મરણ-પળથી લેશ ડરવું?
હવે શાને માટે પરમપદવૈમુખ્ય વરવું?

સુખી રે'જો સર્વે, ગત મનુજને વીસરી જજો,
જગદ્વ્યાપારોમાં ફરી વિવશ, સંભ્રાન્ત બનજો;
રહે ના કૈં ભીતિ તન-મન થકી તેમ કરજો,
દશા આ પર્યન્તે સહન કરવા તત્પર થજો !

Website: http://www.allimagetool.com



# એક નાવિકને

( શિખરિણી )

સડેલી નૌકા ને શઢ પણ સમૂળા સડી ગયા,
અને તેના સ્તંભો પવન થકી તૂટી પડી ગયા;
તળે ન્હાનાં મોટાં અપરિમિત છિદ્રો અહીં તહીં,
દીસે રોકી રાખ્યું જલધિ-જલ દૂચા દઈ દઈ.

તથાપિ તેનાથી અધમ કરના નાવિક, અહો!
મહાસિંધુ માંહે સફર કરવા તત્પર થયો!
પ્રવાસી વિશ્વાસુ તુજ વચન સાચાં સમજતાં,
હશે કેવી હોડી ?—નહિ નયનથી એ નિરખતાં.

ઉમંગેથી આવે ઝટપટ જવા ઇચ્છિત સ્થળે,
ધકેલી બીજાને કંઇક વળી કૂદી મહિં પડે;
બિચારાં એ બેઠાં જલધિ તરવા આતુર થઈ,
અગાડીથી આખું તુજ કર વિષે આતર દઈ.

અરે ! ને ! આ સામે જલદ સમ સિંધુ ગરજતો,
અનેરા ઉલ્લોલે, અમિત બલ સાથે ઉછળતો,
કિનારાનું ક્યાંએ નહિ દૃગ થકી દર્શન થતું,
નવા જીમૂતેથી ગગનતલનું ગોપન થતું.

ચલાવી તેં ચાહી વગર અમને સત્વર તરિ,
દિશાઓ ના દીસે, ગમન પથનું જ્ઞાન ન જરી;
વડા ગ્રાહો વેગે તરણિ ભણી આવે તલપતા,
કરે સ્પર્ધા કેવી તુજ સહિત એને ગળી જવા !

વહે સામો વાયુ બળથી તરિને કંપિત કરે,
હઠાવી દે પાછી. પણ હૃદય તારૂં નવ ડગે;
થયાં ખુલ્લાં છિદ્રો, જલ પણ ભરાતું ઝડપથી,
થતી ડૂબું ડૂબું નફટ ! તુજ નૌકા હર ઘડી.

પ્રવાસી તો પેલાં સકળ નિજ ચિંતા પરહરી,
શ્રમે થાકી સૂતાં. તુજ શરણમાં જીવન ધરી;
કદી કોઈ કોઈ ઝબકી ઝબકી જાગૃત થતાં,
દિલાસાના શબ્દો શુણી સહજ નિશ્ચિંત બનતાં.

અને ભૃત્યો તારા તરિગતજનોત્સર્જન ત્યજી,
ફરે ફાટી આંખે પથિક જનના મંડળ મહિં;
અભાગી પાન્થોને કપટ-વચને મુગ્ધ કરતા,
ફસાવી, લોભાવી, છળ બળથી સર્વસ્વ હરતા.

દીસે દૃષ્ટિ એની મલિનતર ભુંડી અઘભરી,
વદે મીઠી વાણી, પણ હૃદયભૂમિ વિષભરી;
તને એનાં કાળાં અહહ ! અપકૃત્યો ઉર ગમે,
નિસર્ગેથી તારૂં હૃદય પણ એ દુષ્પથ રમે.

Website: http://www.allimagetool.com



અરે ! ડોલે નૌકા, ગતિ શિથિલ એની થઈ ગઈ,
વધેલા વારિથી અટકી અહીં ઉભી રહી ગઈ;
જતી નીચે નીચે જલધિતલનો સ્પર્શ કરશે,
હજારો પ્રાણીનું જલ મહિં વૃથા જીવન જશે.

Website: http://www.allimagetool.com



# નરમેધ

( નર્દટક અથવા નર્કુટક )

અગણિત વર્ષ ને યુગ અનેક વ્યતીત થયા,
ખરતર મંત્રથી બધિર કેવળ કર્ણ બન્યા;
નહિ બલિદાનનો પળ પળે પણ પાર રહ્યો,
કલુષિત ભસ્મથી અખિલ કુંડ ભરાઇ ગયો.

અનલશિખા અહો ! ગગનગુંબજ ભેદી ગઇ,
દશ દિશ ડોલતી, ઉછળતી ઉભરાઇ રહી:
અવિરત ધૂમ્રની સતત છાંય છવાઇ રહી,
વન, ગિરિ, વ્યોમ ને પૃથિવીમાં પથરાઈ રહી.

પણ નરમેધ આ, અહહ ! સંસ્મૃતિભક્તજનો !
જગતવિઘાતકો ! તમ તણો નહિ પૂર્ણ થયો !
હજુ તમ અંતરો કઠિન, ક્રૂર ન તૃપ્ત થયાં,
હજુ પણ દેવી એ ન પરિતુષ્ટ જણાય જરા.

અતિ ઉલટે ભર્યા કર વિષે કરપત્ર લઇ,
ઘડી ઘડી ઘૂમતા કુસુમમંડપ મધ્ય જઇ;
મૃદુતર માનસો અવનવાં ઉરથી ચહતા,
ફરી હણી હોમતાં, અધમ મંત્ર મુખે ભણતા.

Website: http://www.allimagetool.com



પ્રતિ પળ વર્ષંતી ઉર થકી અનલાર્ચિ અરે!
શિર પર સંસૃતિ ખડી દીસે બલિકાજ ખરે!
ગહન ગુહા સમું વદન ઘોર વિકાસી રહી,
કુલિશ–કૃપાણુ–શી ચપળ જીભ ચલાવી રહી.

નિરખી શકાય ના અતિ ભયંકર દૃશ્ય ઘડી,
દૃઢતર બંધથી જરી જવાય ન દૂર ખસી;
કંઇ ઉર કોમળાં ધૃતિ ત્યજી ભયભીત રડે,
પણુ ધમસાણુમાં શ્રુતિપથે નવ શબ્દ પડે.

ક્હી શ્રવણે પડે, પણુ ધરે નહિ કોઇ દયા,
રૂધિરથી રાચતાં સહૃદય સ્વાન્ત ન હોય જરા;
વિવિધ વિઘાતનાં ચિર પ્રસંગ–નિષેવણથી,
કઠિન બની, ગયા પ્રણુયનો શુચિ પંથ ત્યજી.

સરલ સ્વભાવનાં અમલ અંતરને અડકી,
પ્રણુયભર્યાં વૃથા વચન વાર હજાર વદી;
મધુર મુખે હસી, છળથી છેતરી, મુગ્ધ કરી,
શરણુ દઇ હણ્યો અરર ! નિત્ય નૃશંસ બની !

હજુ પણુ સંભ્રમે ચકિત શું બનીને નિરખો,
નહિ નહિ હું હતું, મુખ તણો બલિ આવી બન્યો!
નહિ કરી પ્રાર્થના કુટિલ માનસ પાસ કરૂં,
ગરૂળ જવા અરે ! હૃદયથી નહિ લેશ રડું.

Website: http://www.allimagetool.com



અહી કરપત્ર આ ઘડી ઘડી શું ઉગામી રહો ?
શિર પર છેદ કેં કરી કરી કયમ દૂર ખસો ?
અહીં તહીં આ પડયાં વિવિધશસ્ત્ર વિઘાત તણાં,
પણ નહિ હું સજ્જું શઠ પ્રીતિ શઠતા સહવા.

તમ સહવાસથી અધિકક રમ્ય દીસે મરવું,
ખલજનસંગથી ઉચિત સંગતિ અન્ય થવું;
નથી શુણવા જરી તમ તણા મખમંત્ર હવે,
શઠ ઉરને હજો મલિન મંત્ર મુબારક એ !

નહિં તમ આંગણે નિવસવુ ઘડી એક ગમે,
શત બળથી હણો હૃદયને કરી કોપ ભલે;
દઈ બલિ, દેવીનું ક્ષુધિત અંતર તૃપ્ત કરો,
વિજય તણું ભલે ઉર વિષે અભિમાન ભરો !

# આશા.

## ( ૧ )

( મન્દાક્રાન્તા )

સૃષ્ટિ કેરા સકળ રસને, વારિને શોષી લેતાં,
ને વૃક્ષોના મૃદુલ વપુને ક્રોધથી બાળી દેતાં;
ચારે બાજુ પ્રખર કિરણો સર્વદા સૂર્ય ફેંકે,
વર્ષાભાવે હત જગતનું શેષ સર્વસ્વ લૂટે!

દુર્ભિક્ષેથી દુઃખિત સઘળાં પ્રાણિનાં પિંડ ભાસે,
સૂકાં વૃક્ષો, નહિ તૃણ તણું નામ દેખાય ક્યાંએ;
રેતી કેરા રણ સમ દીસે ખેતરો શૂન્ય જેવાં,
શાંતિ માટે હરિણગણને સ્થાન એકે મળે ના.

ભૂંડું ઉંડું ઉદર ભરવા માનવો વ્યગ્ર થાય,
લાખો પ્રાણી મરણ–મુખમાં પેસતાં નિત્ય જાય;
કોઇ કોની ખબર સુખ કે દુઃખ કેરી ન પૂછે,
ઉઠયો અગ્નિ પ્રલયપળનો, કોણ એમાં ઉગારે!

દુઃખી જોડું કૃષીવલ તણું ગામડામાં રહેતું,
મૂંગે મોઢે અનશન તણું કષ્ટ કૈં કાળ વેઠયું;
અંતે હારી પરભૂમિ વિષે તે જવાને તણાયું,
વ્હાલું, વ્હાલું વતન ત્યજતાં દીલ દુઃખે દુભાયું.



Website: http://www.allimagetool.com

સંતાનો એ પ્રિય અધિક જે પ્રાણના પ્રાણરૂપ,
હા ! હા ! આવા વિષમ સમયે ભાસતાં ભારરૂપ !
વૃત્તિ શોધી ઉદર ભરવું એજ જ્યાં કષ્ટસાધ્ય,
સંભાળી એ શિશુક સુખથી તો રહી ક્યાં શકાય ?

છોડી દીધાં નિજ ઉટજમાં આશ-વિશ્વાસ આપી,
શિંકે રાખ્યાં અશનવિણ એ પાત્ર ખાલી બતાવી;
" સંધ્યાકાળે ઘર ભણી અમે આવશું બાપુ ! જ્યારે,
" આ શિંકેથી તુરત તમને આપશું અન્ન ત્યારે ! "

એવું કે'તાં અહહ ! ઘરનાં બારણાં બંધ કીધાં,
ને મૃત્યુના કઠિન કરમાં ઉગતાં બાળ દીધાં;
આહા ! કેવો જન-જીવનમાં કષ્ટકારી પ્રસંગ !
શાં શાં કર્મો મનુજ ન કરે સૃષ્ટિનો પામી સંગ ?

માતા ભૂલે નિજ હૃદયથી માતૃતા સર્વ રીતે,
એથી બીજો ગજબ જગમાં સંભવે શો વધારે ?
રે ! રે ! પાપી ઉદર કરથી કામ કેવાં કરાવે ?
જેને જોતાં જરૂર યમનું કાળજું કષ્ટ પામે !

આશાઘેલાં. મૃદુ મુકુલ શાં, સાંજની વાટ જોતાં
વારે વારે ઉપર નયનો ફેંકતાં, મૂક જેવાં;
ને માતાનો સહજ શુણવા શબ્દ ટાંપી રહેલાં,
કારાગારે પરવશ બની ભાઈ ને બ્હેન બેઠાં !

Website: http://www.allimagetool.com



વીત્યું અર્ધું વરસ, વરસ્યો મેઘ આવી ફરીને,
રીઝી પૃથ્વી સુભગ નવલો વેષ અંગે ધરીને;
ક્ષેત્રો નાનાવિધ કણુ થકી ઉભરાતાં જણાય,
વૃક્ષો કોટિ ફળ, કુસુમ ને પત્ર પામી સુહાય.

મૃત્યુ કેરા અનવરત એ ચર્વણેથી બચેલાં,
એના લાંબા વિષમ કરમાં જે જઈ ના પડેલાં;
પામ્યાં હૈયે હરખ અતિશે શિષ્ટ સર્વત્ર પ્રાણી,
કો સ્થાને ના રહી કઠિન એ કાળ કેરી નિશાની.

અંતે પેલું મુદિત મનથી યુગ્મ પાછું વળ્યું છે,
જેણે કિંચિત ધન ઉદરને પોષી પેદા કર્યું છે;
સંધ્યાકાળે નિજ સદનનું દ્વાર આવી ઉઘાડે,
ત્યાં એ બન્ને કુણુપ સરખાં બાળ બેઠાં નિહાળે.

ધીમે ધીમે શ્વસન વહતો અંતરે છેક ઉંડો,
સૂકાં અંગો, કંઈ ચળકતી સ્તબ્ધ દેખાય આંખો,
માને દેખી " અશન અમને આપ માડી ! ઉતારી, "
બોલ્યાં ધીમે " બહુ સમયથી જો ક્ષુધા પૂર્ણ લાગી ! "

" શિકે કાંઇ નથી, તુરત હું રાંધીને અન્ન આપું,
" વ્હાલાં મારાં શિશુક ! ધરજો એ ઘડી ધૈર્ય બાપુ ! "
બોલી એવું સહજ સઘળાં પાત્ર નીચે ઉતાર્યાં,
ભોળી માતા ! નિકટ જઇને બાળને તે બતાવ્યાં !

Website: http://www.allimagetool.com



જોતાં ખાલી ઉભય ઉરની આશનો અંત આવ્યો,
ને એ સાથે સહજ વહતા શ્વાસનો અંત આવ્યો !
તાકી તાકી બહુ સમયથી વાટ જોઇ રહેલો,
ઝુંટી બન્ને હૃદય પળમાં કારમો કાળ ઉડયો.

આશા કેરી પ્રબળ રશના માતને હાથ તૂટી,
એની છાયા શિશુકશિરથી સાંભળી શબ્દ ફૂટી;
ઉત્સંગેથી ત્યજી શિશુકને એ ગઇ દૂર દેવી,
ત્યારે ફાવ્યું મરણ સહજે સ્થાન ખાલી નિહાળી.

* * * * *

દેવી આશા ! અયિ ભગવતી ! પ્રાણીના પ્રાણ તું છે !
તારી સત્તા સકળ જગમાં વ્યાપ્ત સર્વત્ર ભારી;
દૂરે તારા ક્ષિતિજ ઉપરે ભવ્ય આવાસ શોભે,
ભાનુથીએ અતિ ભભકતા તેજથી એ પ્રકાશે.

એના દેવી કનક-કળશો વ્યોમ-અંકે વસેલા,
ને આકર્ષી મનુજગણને રમ્યતાથી રહેલા;
એમાં બેસી સતત સહુને સાદ સ્નેહે કરે તું,
ને ઉત્સાહે અજબ કરતી ગાન મીઠા સ્વરે તું.

તારી પાસે વિકળ થઇ સૌ આવવાને તણાય,
ઘેલાં જેવાં કમર કસીને દોડતાં જો ! જણાય !
ભાસે રસ્તો વિકટ પણ ના કોઇ એને ગણે છે,
શ્વાસોચ્છ્વાસે ભરિત સહસા સર્વદા સંચરે છે.

દેવી ! તારો જગત-જનને જો ન આધાર હોત,
તો પ્રાણીને પળ પળ માંહિં લેત ઝાલી કૃતાંત;
દીસે સાચી અમ જીવનની એક તું દિવ્ય દોરી,
સંસારીની સુખદ સરણિ, મોહિની માત મીઠી !

ઝાંખી તારી ક્ષણ ક્ષણ વિષે સ્વાન્તને સદ્ય થાય,
એ આલંબે પથ જગતને ના જરાયે જણાય;
શ્રાંતાત્માનો શ્રમ સ્મરણના નીરથી તું નિવારે,
ને એ પંથે ગમન કરવા નવ્ય ઉત્સાહ આપે.

Website: http://www.allimagetool.com



# વિસ્મૃતિ

( વસન્તતિલકા )

" સંગીતના શ્રવણ કારણ કાર્ય છોડી,
" આવે અહીં નગરના જન કેંક દોડી;
" એમાંથી કોણ રસપાત્ર રસજ્ઞ પૂરા ?
" ને કોણ માત્ર ગણી કૌતુક રાચનારા ?

મુશ્કેલ પ્રશ્ન નૃપનો શુણી મુખ્ય મંત્રી,
આભો બન્યો, કઇ રહ્યો ઉરમાં વિમાસી:
રે ! ક્ષીર નીર કરી ભિન્ન બતાવવાનું,
ના હંસને કઠિન કાંઈ દીસે પરંતુ.

* * * * *

( મન્દાક્રાન્તા )

રાત્રિ કેરો પ્રહર હજુ ના એક પૂરે થયેલો,
ના સૃષ્ટિમાં તિમિર–પડદો પૂર્ણતાથી પડેલો;
વાદિત્રોના નૃપસદનમાં કૈં સ્વરો સંભળાતા,
ને આલાપો અટકી અટકી ઉઠતા કૈં કુહૂ થા.

આવી ઉભા કંઇક મનુજો બેસતા સ્થાન શોધી,
ઉંચા નીચા પળ પળ થતા ઉગ્ર ઔત્સુક્ય સેવી;

Website: http://www.allimagetool.com



ને રામાએ લલિત રવથી સંગીતારંભ કીધો,
ફેંકી દૃષ્ટિ મનુજગણને સંભ્રમે જોઇ લીધો.

" શ્રોતામાંથી શિર સમય આ કોઇનું કંપશે જો,
"ખડ્ગાઘાતે ધડ ઉપરથી તુર્ત જુદું થશે તો."
એવી આજ્ઞા અવનીપતિની, મંત્રીએ સંભળાવી,
ઉભા રાખ્યા સ્થળ સકળમાં ઘાતકો અસ્ત્ર આપી.

( વસંતતિલકા )

સંગીતનો પ્રણયપૂર્ણ પ્રવાહ ચાલ્યો,
ને રેલવા રસિક ચિત્ત અનેક લાગ્યો:
થંભી ગયું જગત કેવળ શાંતિ સેવી,
લીધા શું યોગબલથી જન પ્રાણ ખેંચી ?

( મન્દાક્રાન્તા )

ધીમે ધીમે ક્રમ પકડતું ગાઢ સંગીત જામ્યું,
એ આવેશે કંઇક ઉરનું ભાન ભૂલાવી દીધું;
આવ્યો આવ્યો સમય 'લય' નો તાલ લેતો તરંગે,
ધૂણી ઉઠયાં શિર ઉછળતાં પાંચ કે સાત સંગે.

કીધા ઉભા નૃપ નિકટમાં એમને હસ્ત ઝાલી,
ને સંબોધી ચકિત નૃપને મંત્રી બોલ્યો વિચારી;

" રાજન્ ! એ છે રસિક હૃદયો. ગીતના એજ જ્ઞાતા,
" ઝીલ્યાં એણે ઝરણ રસનાં, મૃત્યુને લાત દેતાં.

( વસંતતિલકા )

" આદેશનું સ્મરણ એ ઉરમાં રહે ના,
" સામીપ્ય એ મરણનું સમજી શકે ના;
" જે સ્વાન્તમાં રસ–ધુની અનિવાર્ય ચંડુતી,
" ને દિવ્ય ભાવ–બળથી ઉછળી રહેતી.

( મન્દાક્રાન્તા )

" મૃત્યુનું કે જગત પરનાં કાંઇ કર્ત્તવ્ય કેરૂં,
" વારે વારે સ્મરણ વિલસે કાર્ય એ તો મર્ત્યનું;
" એ બુદ્ધિ તો રસ–જલધિમાં છેક ડૂબી ગયેલી,
" ને ચોપાસે અતિ ઉલટતી રેલ વીંટી વળેલી.

" દૂરે દૂરે હૃદય–તલથી ભાન ભૂલી ગયેલી,
" ના જોવા કે સ્મરણ કરવા શક્તિ એને રહેલી;
" વીસારે છે વિવશ હૃદયો દેહ–સંબંધ જ્યારે,
" મૃત્યુ કેરા સ્વર નવ કરે સર્વથા સ્પર્શ ત્યારે

( વસંતતિલકા. )

" સંસારના સકળ તાપ સમાવનારો,
" ને વેરના દશદને પણ ગાળનારો;

" જ્યાં સ્નેહસાગર ઉરે ઉછળી રહ્યો છે,
" ત્યાં મૃત્યુનો ભય રહી પળ શું શકે છે !

( શાર્દૂલવિક્રીડિત )

" જ્યાં છે જાગતી ચેતના હૃદયને કર્ત્તવ્યમાં પ્રેરતી,
" વારંવાર વિવેક, સાવધપણું ને ભેદ દર્શાવતી;
" ત્યાં મૃત્યુ સહજ સ્વરૂપ પ્રકટી નિત્યે ડગાવ્યાં કરે,
" ભૂંડાં ભૂત અનેક એ હૃદયને રોકી રડાવ્યાં કરે.

( મન્દાક્રાન્તા )

" કિંતુ એને નિજ બળ થકી પ્રેમ જો દે દબાવી,
" ને દ્વારો સૌ પિહિત કરીને રૂંધશે માર્ગ રોકી;
" તો એ ચાળા સકળ વીસરી સ્તબ્ધ બેસે બિચારી,
" ભેદાભાવે પ્રયણ વિલસે એકલો વિશ્વવ્યાપી.

( શાર્દૂલવિક્રીડિત )

" ખેલે કૈંક નિશાચરો તિમિરને ઉભા રહી આશ્રયે,
" દેખી દિવ્ય દિનેશને ભયભર્યો સંતાઇ સર્વે જશે;
" ઉગે સ્નેહ તણો સુરમ્ય સવિતા ને તેજ વર્ષા રહે,
" ત્યાં સૌ સંસ્કૃતિના ભ્રમો હૃદયને છોડી સિધાવી જશે.

( વસંતતિલકા )

" જ્યાં અંતરે જગત વ્યક્ત જરા ન થાય,
" ને જ્યાં અહંત્વ ઉરથી વીસરી જવાય;

Website: http://www.allimagetool.com



" · હું 'કારના હરિણને હણતો શિકારો,
" ત્યાં કાળ શું કરી શકે શર લક્ષ સાંધી ?

( શાર્દૂલવિક્રીડિત. )

" જો બુદ્ધિબલયુકત માનવ કદી કૈં ભૂલ ન્હાની કરે,
" તોએ તે અપરાધ સંસ્કૃતિ વિષે ક્ષન્તવ્ય કો ના ગણે;
" કિંતુ અર્ભક, મૂઢ કે વિકળ તો રહેજે ક્ષમા પામશે,
" પણ એ દોષ સહસ્રથી જગતની મર્યાદ છોડી જશે.

( અનુષ્ટુભ્ )

" ભિન્ન એ સ્વાન્ત બુદ્ધિથી, ભિન્ન એ પ્રેમ વિશ્વથી
" બ્હાવરા બાળના જેવા એ ભાસે વિશ્વનેત્રથી:
" વ્યોમનાં વિહગો એ તો, વિશ્વમાં વપુથી વસે,
" પ્રાણ પીયૂષથી પોષે ઉડતાં, ડોલતાં ફરે.

( શાર્દૂલવિક્રીડિત )

" સિંધુ કેરી સપાટી ઉપર વસે રે ! માનવો જ્યાં સુધી,
" કાપી તોય-તરંગને તરી જવા ઈચ્છા કરે ત્યાં સુધી;
" ડૂબી જાય પરંતુ એ અવનવા ઉલ્લોલ અંગે સહી,
" ત્યારે કૈં તરવા તણી ઉર વિષે ઇચ્છા શકે ના રહી.

( મન્દાક્રાન્ત. )

" મૃત્યુ કેરી સહજ સ્મૃતિથી વિશ્વ કંપ્યાં કરે છે,
" તે નિદ્રાનું શરણ મળતાં સર્વતઃ શાંત રે' છે;

" ગાઢી નિદ્રા પ્રણ્ય પ્રકટે ભાન ભૂલાવી દેતી,
" એને અંકે મરણ–ભય કે સૃષ્ટિનો સંગ ક્યાંથી ?

" બેઠેલા આ જડ સમ બધા માત્ર બુદ્ધિ જગાડી,
" ને ચોપાસે નજર કરતા રાચતા દૃશ્ય દેખી;
" ગાયન્તીની વદન–સુષમા નેત્રથી જોઇ રે'તા,
" ને વાણીની કંઇ મધુરતા માત્રથી મોહી રે'તા.

" એનો દૃષ્ટિ શિર લટકતા ખડ્ગ દેખી શકે છે,
" ને મૃત્યુની સ્મૃતિ પળ પળે સ્વાન્ત સેવી શકે છે;
" સૂકાં હૈયાં દૃશદ સરખાં સ્તબ્ધ રે'તાં સદાય,
" સ્પર્શી એને રસ–લહરિઓ હારીને દૂર જાય."

# કર્ત્તવ્ય

( કવ્વાલી )

વસંતે પંચમાલાપે રસીલી કોકિલા કૂજે,
ફરી કો શબ્દ એ કાને ધરે કે ના ધરે તોએ.

સહજ સુરભિ સમર્પીને કુસુમ કર્ત્તવ્યતા સેવે,
ભ્રમર મકરંદના ભોગી મળે કે ના મળે તોએ.

સુગન્ધિ પુષ્પ પ્રકટાવી મનોહર માલતી રાચે,
સમયને સાચવી માળી ચુંટે કે ના ચુંટે તોએ.

સુધાસ્પર્ધી ફળો દૈવી ફળે માકંદ મોંઘેરાં,
પ્રવાસી કે વિપિનવાસી ગ્રહે કે ના ગ્રહે તોએ.

કરી પીયૂષની વૃષ્ટિ સુધાંશુ વિશ્વને પોષે,
જગત્ નિદ્રા ત્યજી એને જુએ કે ના જુએ તોએ.

સદા સ્રોતસ્વતી સ્વાદુ વહે ઉરથી વિમળ વારિ,
પિપાસુ પાન્થ એ પાણી પીએ કે ના પીએ તોએ.

અમૂલા પ્રાણ અર્પીને જલદ સૌ પ્રાણીને પાળે,
કદર એ કાર્યની કોઇ કરે કે ના કરે તોએ.

સહીને આકરા અંશુ કરે શીળી તરૂ છાયા,
શ્રમિત પન્થી તળે આવી વસે કે ના વસે તોએ.

Website: http://www.allimagetool.com



પ્રણયના મીઠડા મંત્રો અને ગીતો અમે ગાશું,
ભલે સંસારના શિષ્યો શુણે કે ના શુણે તોએ

હૃદયનાં આંસુડાં રેડી ભિંજવશું વિશ્વને ભાવે,
કઠિન હૈયાં મૃદુલ એથી બને કે ના બને તોએ

પ્રબળ પડદા બધા ચીરી હૃદય ખુલ્લાં કરી દેશું,
સુભાગી સત્ય જોનારા જડે કે ના જડે તોએ

પુનિત કર્તવ્યને પથે વિચરશું ધર્મ્ય ધારીને,
અમારા બંધુ એ ચીલે ચડે કે ના ચડે તોએ



Website: http://www.allimagetool.com

# શબ્દકોષ.

## અ

અકળ-કળી ન શકાય એવું.
અકૂપાર-સમુદ્ર.
અખિલ-આખું.
અચલ-પર્વત; ચળે નહિ એવું.
અચિરાત-જલદી.
અતટ-કિનારા વિનાનું.
અદેહી-શરીર વિનાનું.
અદ્યાપિ-આજ સુધી.
અદ્વૈત-એકતા.
અધીન-આધીન, તાબેદાર.
અનન્ય-જેની જોડી ન મળે એવું.
અનયપથ-અનીતિનો માર્ગ.
અનલ-અગ્નિ.
અનલશિખા- } અગ્નિની ઝાળ.
અનલાર્ચિ }
અનવરત-નિરંતર.
અનવલંબન-આધાર વિનાનું.
અનવસર-સમય વિનાનું.
અનશન-ઉપવાસ, ખાવું નહિ તે.
અનાદર-તિરસ્કાર.
અનામય-આરોગ્ય.
અનિલ-પવન.
અનીક-યુદ્ધ, લડાઈ.
અનુકરણ-નકલ કરવી તે.
અનુદિન-દરરોજ.
અનુમરણ-પાછળ મરવું તે.
અનુરક્તિ-પ્રીતિ.
અનુસરણ-પાછળ ચાલવું તે.
અન્યત્ર-બીજે ઠેકાણે.
અન્યથા-બીજી રીતે, ઉલટું.
અન્વેષણ-શોધ.
અપકૃત્ય-નઠારું કૃત્ય.
અપરિમિત-ઘણું.
અપરોદ્વાહ-બીજું લગ્ન.
અપૂર્વ-કદી ન દીઠેલું.
અભિલષિત-ઇચ્છેલું.
અભેદ-એકતા.
અભ્ર-વરસાદ, વાદળાં.
અમર-દેવ.
અમલ-નિર્મળ.

અમલાનન-નિર્મળ મુખ.
અમિત-ઘણું,મપાય નહિ એટલું
અમૂલાં-અમૂલ્ય.
અમંગળ-અશુભ.
અયુત-દશ હજાર.
અરમ્ય-સુંદર નહિ તે.
અર્ઘ-પૂજાવિધિ
અર્થના-પ્રાર્થના, અરજ.
અર્ભક-બાળક.
અવગણી-અવગણના કરીને.
અવગાહતા-ન્હાતા.
અવગુંઠન-ઘુમટો, લાજ.
અવર્ણ્ય-ન વર્ણવી શકાય એવું.
અવલંબન-આધાર.
અવશ-સ્વતંત્ર.
અવસાન-મૃત્યુ.
અવાચ્ય-ન બોલાય એવું.
અવિકૃત-વિકાર વિનાનું.
અવિરત-નિરંતર.
અવ્યક્ત-અસ્પષ્ટ.
અશન-ભોજન, ખાવાનું
અસિ-તલવાર.
અસ્તાબ્ધિ-પશ્ચિમસમુદ્ર.
અહમહમિકા-અહંભાવ.
અહંત્વ-હું પણું.
અહંપદ-હુંપદ.
અજ્ઞાત-અજાણ્યું.

## આ

આકર્ષી-ખેંચી.
આકુલ-વ્યાકુળ.
આક્રોશંતી-ગાળો દેતી.
આક્રંદ-રડારોળ.
આદર-સત્કાર.
આદેશ-આજ્ઞા.
આનન-મુખ
આયુધ-હથિયાર.
આર્દ્ર-ભીનું.
આલંબ-આધાર.
આઘાત-ઘા.
આતર-વહાણભાડું.
આતિથ્ય પરોણાગત.
આત્મજ-પુત્ર.
આવેશ-પ્રવેશ.
આશય-અભિપ્રાય.
આશાલતા-આશા રૂપ વેલ.
આશ્વાસ / આશ્વાસન }-દીલાસો.
આસ્વાદ-સ્વાદ, લ્હેજત.

Website: http://www.allimagetool.com



આવાસ-ઘર.
આવાહન-બોલાવવું તે.
આહ્લાદ-આનંદ.
આંદોલિત-ડોલતું.

ઇ

ઇતર-બીજું.
ઇતરત્ર-બીજે ઠેકાણે.
ઇષ્ટ-ઇચ્છેલું, યોગ્ય, પ્રિય.

ઉ

ઉક્તિ-કથન.
ઉચ્ચાશય-ઊંચો અભિપ્રાય.
ઉટજ-ઝુંપડી.
ઉડુરાજ-ચંદ્ર.
ઉત્કા-આતુર સ્ત્રી.
ઉત્તમાંગ-માથું.
ઉત્સંગ-ખોળો.
ઉદયાસ્ત-ઉગવું અને આથમવું.
ઉદ્ઘાટિત-ઉઘાડેલું.
ઉદ્ભવંતા-ઉત્પન્ન થતા.
ઉદ્યત-તૈયાર.
ઉપકૃતિ-ઉપકાર.
ઉપયુક્ત-ઉપયોગી.
ઉપવન-બગીચો.
ઉપહાર-ભેટ.
ઉપેક્ષા-અનાદર.
ઉલૂક-ઘુવડ.
ઉલ્લોલ-મોટાં મોજાં.
ઉષા-પ્રભાત.
ઉષ્મા-ગરમી.

ઋ ઋણ-કરજ.

ઐ

ઐક્ય-એકતા.
ઐહિક-આ લોક સંબંધી.

ઓ ઓજસ્વી શક્તિમાન.

ઔ ઔત્સુક્ય-આતુરતા.

અં

અંક-ખોળો.
અંજલિ-ખોબો.
અંબર-આકાશ.
અંબુ-પાણી.

અંતર-મન; છેટું.
અંતરાય-વિઘ્ન.
અંતર્દષ્ટિ-અંદરની નજર.
અંબોધિ-સમુદ્ર.
અંશુ-કિરણ.

## ક

કકુભ-દિશા.
કદલી કેળ.
કમળકન્યકા-લક્ષ્મી.
કર-કિરણ, હાથ.
કરપત્ર-કરવત.
કરાલ-ભયંકર.
કરાલંબ-હાથનો ટેકો.
કર્કશત્વ-કઠોરતા.
કર્તવ્યાબ્ધિ-કર્તવ્યોનો સમુદ્ર.
કલ, કલસ્વર- } મધુર સ્વર.
કલાપી-મોર, સ્વ. ઠા. સુરસિંહજી.
કલિ-કજીઓ, કલેશ.
કલિકા-કળી.
કલુષિત-પાપવાળું.
કષ્ટસાધ્ય-મુશ્કેલીએ સાધ. શકાય એવું.
કાનન-વન.
કાન્ત-પતિ, પ્રિય
કાન્તા-પત્ની. પ્રિયા
કારાગાર-કેદખાનું.
કાળ-સમય, મૃત્યુ.
કારૂણ્ય-દયાળુપણું.
કિંચિત-કાંઇક.
કુટિલ-વાંકું.
કુણપ-મુડદું.
કુતુક, કુતૂહલ } -કૌતુક.
કુપિત-ગુસ્સે થયેલું.
કુમખ-ખરાબ યશ.
કુરંગ-હરિણ.
કુલિશ-વજ્ર
કુહૂ, કૂજન } કોયલનો અવાજ
કૃતકૃત્યતા-કૃતાર્થતા.
કૃતાંત-મૃત્યુ.
કૃપાણ-તલવાર.
કૃશ-દુબળું.
કૃષિક, કૃષીવલ- } ખેડુત.
કૃષ્ણા-દ્રૌપદી.

કેકારવ-મોરનો સ્વર.
કેલિ-ક્રીડા, રમત.
કેસરી-સિંહ.
કોલાહલ-શોર બકોર
કંપિત-ધ્રૂજતું.

### ખ

ખડ્ગાઘાત-તલવારનો ઘા.
ખર-તીક્ષ્ણ, ક્રૂર. .
ખરતર-અત્યંત ક્રૂર.
ખાદ્ય-ભોજન

### ગ

ગણુ-ટોળું
ગણના-ગણતરી.
ગભીર-ગંભીર ઊંડું.
ગર્ત-ખાડો.
ગહન-ગંભીર, અગમ્ય
ગહ્વર-ગુફા
ગાયન્તી-ગાનારી
ગિરિ-પર્વત
ગિરિકંદર-પર્વતની ગુફા.
ગીર્વાણ-દેવ.
ગુરૂજન-વડીલ
ગુરૂસુંદરી-વડીલ સ્ત્રી
ગુહા-ગુફા
ગુંજન-ગણગણાટ,બારીક અવાજ.
ગુહ્ય-રહસ્ય, છૂપું
ગુંફિત-ગોઠવેલું
ગુંબજ-ઘુમટ
ગૂઢ-રહસ્ય, છુપાયેલું
ગૃહ-ઘર
ગૃહછત્ર-છાપરું
ગૃહપતિ-ઘરધણી
ગૃહવધૂ-ઘરની વહુ
ગૃહમંડન-ઘર શણગારવું તે
ગૃહવધૂ-ઘરની વહુ
ગૃહાંગણ-ઘરનું આંગણું
ગૃહિણી-પત્ની, સ્ત્રી.
ગોપન-આચ્છાદન, ઢાંકવું તે
ગ્રાહ-મગર

### ઘ

ઘન-વરસાદ
ઘાતક-મારનાર
ઘોર-ભયાનક

Website: http://www.allimagetool.com



## ચ

ચપલા-વીજળી
ચમૂપતિ- સેનાપતિ
ચર્વણ-ચાવવાની ક્રિયા.
ચલનયંત્ર-ગતિયંત્ર
ચાટૂક્તિ-વખાણનાં વચન
ચિર-લાંબું
ચેતન-સજીવન
ચંદ્રાર્ક-ચંદ્ર અને સૂર્ય.
ચેતના-બુદ્ધિ, જાગૃતિ.

## છ

છદ-પાંખ

## જ

જગત્કૃતિનાં કાર્યો.
જટિત-જડેલું.
જનક-બાપ.
જનતા-જનસમૂહ.
જનતાર્પિતદેહ-જનસમૂહને શરીર અર્પણ કરનાર.
જન્મદાત્રી-જન્મ આપનારી મા.
જયિની-જીતનારી.
જલકણ-પાણીનું ટીપું
જલદ-વરસાદ.
જલધિ, જલનિધિ -સમુદ્ર.
જલવાહક-વરસાદ.
જલ્પતા-બડબડતા.
જીમૂત-મેઘ, વરસાદ.
જીર્ણ-જૂનું.
જીવન-જીંદગી.
જંબુક-શિયાળ.

## ઝ

ઝંઝા-ફુંકતા વાયુનો અવાજ

## ટ

ટિટ્ટિભ-ટીટોડી.

## ત

તટિની-નદી.
તનુરત્ન-શરીરનું રત્ન.
તપન-સૂર્ય.
તમ, તમિસ્ર- અંધારું.
તપ્ત-તપેલું.
તમિસ્રચય-ઘણું અંધારું
તરણિ-હોડી, સૂર્ય.
તરલ-ચંચળ
તરિ-હોડી.

તરિતજલોત્સર્જન કુંડીમાં ભરાયેલું પાણી કાઢી નાંખવાની ક્રિયા

તરંગ-મોજાં

તરંગિણી-નદી

તાર-અત્યંત ઉચ્ચ સ્વર

તીર-કાંઠો, કિનારો

તુરંગમ-ઘોડો

તૃણ-ઘાસ.

તૃષિત-તરસ્યું.

તોમર-એક હથિયાર

તોય-પાણી

તોયાર્થી-પાણી પીવાની ઇચ્છાવાળો.

ત્રસ્ત-બીધેલું

ત્રિદિવ-દેવ

ત્રિયામા-રાત્રિ

ત્વરિત-તુરત

## દ

દયાસુખ સરસ્વતી-સ્વામી દયાનંદ સરસ્વતી

દયિત-વ્હાલો, પતિ

દર્દુર-દેડકો

દક્ષિણ-ચતુર

દિગ્મૂઢત્વ-દિગ્મૂઢપણું

દિનપતિ }
દિનેશ } સૂર્ય

દિવ્યદેહા-દિવ્ય શરીરવાળી.

દીધિતિ-કિરણ

દીપાત્યય-દીવાનો નાશ.

દીપ્ત-પ્રકાશિત

દીપ્તિ-પ્રકાશ

દુરિત-પાપ.

દુર્ગ-કિલ્લો

દુર્જય-અજિત

દુર્ભિક્ષ-દુકાળ

દુર્વા-ધરો

દુર્વાસના-ખરાબ વાસના

દુર્વાંકુર-ધરોના કણગા.

દુષ્પથ-ખરાબ માર્ગ

દુહિતા-દીકરી

દૃગ્ આંખ

દૃષદ્-પત્થર.

દૃશ્ય-જોવાનું.

દેહલી-ખડકી, ઉંબરો.

દોલિત-ડોલતું.

દંભ-કપટ.

દ્યુતિ-તેજ.

દ્રવતી-ટપકતી.

દ્વીપ-બેટ.

દ્વંદ્વ-જોડ.

Website: http://www.allimagetool.com



ધ

ધમની-નાડી.
ધરિત્રી-પૃથ્વી.
ધાત્રી-ધાવ.
ધુની-નદી.
ધૃતિ-ધારજ.
ધૃષ્ટ-બેશરમ.
ધ્યાનાભાસ-ધ્યાન ધર્યા જેવું.
ધ્વનિ-અવાજ.
ધ્વાન્ત-અંધારું.

ન

નગ-પર્વત.
નગેંદ્ર-હિમાલય.
નત-નમેલું.
નભસંગમ-પક્ષી.
નરમેધ-માણસને હોમી કરાતો યજ્ઞ
નરલોક-મનુષ્યલોક.
નર્તન-નાચ.
નવ-નવું.
નવોઢા-નવી પરણેલી સ્ત્રી
નવ્ય-નવું
નાવિક-વહાણ ચલાવનાર
નિકટ-નજીક
નિકેત-ઘર
નિદાઘ-ઉન્હાળો, તાપ
નિદેશ-આજ્ઞા
નિધન-મોત
નિધાન-ભંડાર
નિનાદ-અવાજ
નિમિષ-આંખની પલક
નિરંકુશ-સ્વચ્છંદ
નિર્ઘોષ-અવાજ, શબ્દ
નિર્ઝર-ઝરો
નિર્ઝરી-નદી
નિર્વૃત્તિ-સુખ, શાંતિ
નિશીથ-મધ્યરાત્રિ
નિશ્ચલ-અચળ
નિશ્ચેષ્ટ-ક્રિયારહિત
નિષ્કામ-આકાંક્ષારહિત
નિષ્ઠુર-ઘાતકી, કઠિન
નિસર્ગ-સ્વભાવ
નીરવ-સ્વર રહિત, શૂન્યકાર
નૂતન-નવું
નૃતિ-નાચ
નૃશંસ-ઘાતકી, ક્રૂર
નૌકા-હોડી
નંદન-ઈંદ્રનો બાગ

## પ

પટુતા-ચતુરાઇ
પતન-પડવું
પતાકા-ધ્વજા
પતંગ-કનકવો
પત્ર-પાન
પત્રાંકુર-પાનની ટીશી
પત્રાંબર-પાનરૂપ વસ્ત્ર
પથ-માર્ગ
પથપતિત-માર્ગમાં પડેલું
પથિક-મુસાફર
પથિકાગમ-મુસાફરોનું આવવું
પદરવ-પગનો અવાજ
પદવી-માર્ગ
પદ્મપત્ર-કમળપત્ર
પદ્માલયા-લક્ષ્મી
પન્નગ-સર્પ
પય-દૂધ, પાણી
પરતા-પારકાપણું
પરમપદ-મોક્ષ
પરશુ-ફરશી
પરાજય-હાર
પરાનંદ-મોક્ષનો આનંદ
પરિક્રમ-ગોળ ફરવું તે.
પરિચિત-જાણીતું
પરિપ્લુત-પલ્લવ
પરિતુષ્ટ-સંતુષ્ટ
પરિમિત-માપસરનું, અમુક
પરિવર્ધન-વૃદ્ધિ
પરિવૃઢ-ધણી, માલીક,
પરોક્ષ-ગેરહાજરી
પરંપરા-એકની પાછળ એક આવ્યાં કરે તે
પર્ણ-પાન
પર્યન્તે-અંતે
પલાયન-ન્હાસી જવું તે
પલાશી-ઝાડ
પલ્લવિત-પ્રફુલ્લિત
પવમાન-પવન
પશ્ચાત્તાપ-પસ્તાવો
પાદપ-ઝાડ
પાન્થ-મુસાફર
પાવન-પવિત્ર
પાવનકરત્વ-પવિત્ર કરનારપણું
પાવની પવિત્ર કરનારી
પિચંડ-પેટ
પિતૃવિપિન-શ્મશાન
પિપાસુ-તરસ્યું
પિહિત-બંધ, ઢાંકેલું

પિંજર-પાંજરું
પીયૂષ-અમૃત
પુલકિત-રૂવાડાં ચડેલું, રોમાંચિત
પુંજ-ઢગલો
પૃથાસુત-અર્જુન
પૃષ્ઠ-પીઠ
પૌર્ણમાસી-પૂર્ણિમા
પંકજ-કમળ
પંચત્વ-મરણ
પંચમાલાપ } સાત સ્વરમાંના
પંચમોચ્ચાર } પાંચમા-કોયલ-
ના સ્વરનો ઉચ્ચાર
પંથી-મુસાફર
પ્રખર-અત્યંત તીક્ષ્ણ
પ્રચંડ-ભયંકર
પ્રચ્છન્ન-ગુપ્ત
પ્રણયાસ્ત્ર-પ્રેમરૂપ હથિયાર
પ્રણયિની-વહાલી સ્ત્રી,
પ્રતિ-દરેક
પ્રતિઘોષ-પડઘો
પ્રતિપક્ષ-શત્રુ
પ્રતિભા-પ્રકાશ

પ્રતિવચન-ઉત્તર
પ્રતિકાર-બદલો
પ્રતીચી-પશ્ચિમ દિશા
પ્રતીક્ષા-રાહ જોવી
પ્રથમકવિ-વાલ્મીકિ કવિ
પ્રભા-પ્રકાશ
પ્રલંબ-બહુ લાંબું
પ્રયાણ-ગમન
પ્રવાસી-મુસાફર
પ્રસૂ-માતા
પ્રસ્થાન-મુસાફરી, ગમન
પ્રહરિ-પહેરેગીર, ચોકીદાર
પ્રક્ષાલવું-ધોવું
પ્રાકૃત-પામર, સાધારણ
પ્રાચી-પૂર્વ દિશા
પ્રાચ્ય-પ્રાચીન
પ્રાણેશ-પતિ
પ્રાર્થન-પ્રાર્થના, અરજ
પ્રાસાદ-મહેલ, મંદિર
પ્રાંતભાગ-સીમાભાગ.
પ્રિયતમા-વહાલી સ્ત્રી
પ્રૌઢા-પુખ્ત વયની સ્ત્રી

ફ
ફુત્કાર-ફૂંક

બ

બધિર-બહેરું
બદ્ધ-બંધાયેલું

બલિ } યજ્ઞમાં હોમવાનું
બલિદાન- }

બાલ બાળપણ

બાલ સ્વરૂપ-બહારનું સ્વરૂપ

બંદી-કેદી

## ભ

ભરિત-ભરેલું

ભવ-સંસાર, જન્મ

ભવદુર્લભ-જન્મમાં ન મળી શકે એવું

ભવન-ઘર, મકાન, જન્મ

ભવિક-કલ્યાણ

ભવ્ય-ઉત્તમ, સુંદર, ભાગ્યવાન

ભાગીરથી-ગંગા

ભાજન-પાત્ર

ભારતી-સરસ્વતી

ભાસ્કર-સૂર્ય

ભિષક્-વૈદ્ય

ભીતિ-બીક.

ભીરૂ-બીકણ

ભુવિ-પૃથ્વીમાં

ભૂષણ-શણગાર

ભૃત્ય-ચાકર

ભેદક-જુદાઈ જણાવનાર

ભેદાભાવ-એકતા

ભ્રમણ-ભમવું

ભ્રાંતિ-સંશય, ભૂલ

## મ

મકરંદ-ફુલનો રસ

મખ-યજ્ઞ

મગધેશ્વર-ચક્રવર્તી અશોક

મદર્થે-મારે માટે

મધુકરી-ભમરી

મનુજ } માણસ
મનુજાત- } માણસ

મનોજ્ઞ-સુંદર

મન્મથ-કામદેવ

મમત્વ-મ્હારાપણું

મરાલ-હંસ

મરુસ્થળ-નિર્જળ દેશ, મારવાડ

મલ-તેલ

મહાર્ણવ-મોટો સમુદ્ર

મહિષી-ભેંસ

માકંદ-આંબો

માતૃતા-માતાપણું

માધવ-શ્રીકૃષ્ણ

માધુરી-મધુરતા

માનસ-મન, માન સરોવર

Website: http://www.allimagetool.com



માનાદ્રિ-અભિમાન રૂપ પર્વત

માર્દવ-કોમળતા

મિત-માપેલું, માપસરનું.

મિલત-મેળાપ

મીલિત-મીંચેલું.

મુકુલ-કળી

મુક્તા-મોતી

મુગ્ધ-ગુંચવાએલું

મુગ્ધભાવ ગુંચવણ

મુદિત-આનંદિત

મૃદુલ- } કોમળ
મૃદુ }

મૃદંગી-કોમળ અંગવાળી.

મૃષા-વૃથા, ફોકટ

મૌન-ચુપકીદી

મંજુ-સુંદર

## ય

યથાકાળ-સમય પ્રમાણે

યથાસમય-સમય પ્રમાણે

યદિ-જો, જ્યારે

યથાબળ-શક્તિ પ્રમાણે

યશસ્વી-કીર્તિમાન્

યશઃકાય-કીર્તિરૂપ શરીર

યાદવી-માંહોમાંહેની લડાઈ

યાન વાહન

યુગ્મ-જોડું

યોગભ્રંશ-યોગથી પડવું તે

## ર

રક્તતા-રતાશ

રજનીપતિ-ચંદ્ર

રમણ-પતિ

રમણી-સ્ત્રી.

રમ્ય-સુંદર

રવ-શબ્દ, અવાજ

રવિકર-સૂર્યના કિરણ

રશના દોરી

રસાળ-આંબો

રાસેશ્વરી-રાસની દેવી

રિક્ત-ખાલી, શૂન્ય

રુચિરત્વ-સુંદરતા

રુદિત-રડતું

રૈવત-ગિરનાર

રોમાંચ-રૂંવાડાં ઉભાં થવાં તે

રોદન-રૂદન

રંકુ-હરિણ

રંભા-કેળ

Website: http://www.allimagetool.com

## લ

લતિકા-લતા, વેલ્ય
લય-ગીત તાલ અને નાચનો એક સાથે મદા વિશ્રામ
લલિત-સુંદર
લસત્-પ્રકાશિત
લસંતી-પ્રકાશતી
લહરિ-મોજાં
લક્ષ્ય-નિશાન
લાડિલી-લાડકવાયી
લિપ્ત-લિંપાયેલું
લીલા-ક્રીડા, રમત
લુબ્ધક-શિકારી

## વ

વક્ત્ર-મુખ
વક્ર-વાંકું
વક્રોક્તિ-વાંકાં વચન
વજ્રી ઇંદ્ર
વત્સ-વાછરડો
નંદનવન-ઇંદ્રનો બાગ
વપુ-શરીર
વયસ્ય-મિત્ર
વયસ્યા-બહેનપણી
વર્ષણ-વૃષ્ટિ, વરસવું તે
વર્ષાભાવ-અનાવૃષ્ટિ
વલ્લભ-વહાલો, પતિ.
વસુમતી, વસુંધરા -પૃથ્વી
વલ્લરી વેલ
વસ્ત્રાંચલ-કપડાનો છેડો
વહન-વહેણ
વહ્નિ-અગ્નિ
વાતાયન-બારી
વાત્સલ્ય-સંતતિ પ્રતિનો સ્નેહભાવ
વાયસ-કાગડો
વારિધિ-સમુદ્ર
વાસર-દિવસ
વાસુદેવ-શ્રીકૃષ્ણ
વાદિની-વદનારી
વિકટ-ભયંકર
વિકળ-વિહ્વળ, ઘેલું
વિકાસ-ખીલવું તે
વિક્રમ-પરાક્રમ
વિગ્રહ-શરીર
વિગ્રહવતી-મૂર્તિમતી
વિઘાત-વધ, ઘાત
વિઘાતક-મારનાર

Website: http://www.allimagetool.com



વિચરાય-જવાય
વિજન-માણસ વગરનું
વિટપ-ડાળી
વિતથ-જૂઠું
વિતરતી-આપતી
વિતરણ-દાન, વહેંચણી
વિદ્યુત્પાત-વિજળીનું પડવું
વિધિ-રીત, નસીબ, નિયમ
વિધિવશ-નિયમવશ
વિનિર્મિત-બનાવેલું
વિપજ્જાલ-દુઃખરૂપ જાળ
વિપત્-દુઃખરૂપ વાયુ
વિપદ્ધર્મ-આપત્તિનો ધર્મ
વિપર્યય-ફેરફાર
વિપક્ષ-શત્રુ, હરીફ
વિપિન-વન
વિપ્રયોગ-વિયોગ
વિફળ-નિષ્ફળ
વિભ્રમ-ગુંચવણ, ઉતાવળ
વિમોદિત-મોદ પામેલું
વિયત્-આકાશ
વિરતિ-વિસામો
વિરમ-અટકી જા, શાંત થા
વિરામ-આરામ
વિરૂપ-બેડોળ
વિલક્ષણ-જૂદી જાતનું
વિલીન-પિગળી ગયેલું
વિલોકન-અવલોકન
વિવશ-પરવશ
વિશ્વાનંદી-જગતને આનંદ આપનાર
વિશ્વાંબર-વિશ્વરૂપ આકાશ
વિષધર-સર્પ
વિષમ-ખરાબ, ભયંકર, અઘરું
વિસ્મિત-વિસ્મયયુક્ત
વિસ્મૃતિ-ભૂલી જવું તે
વિહગ-પક્ષી
વિહરવું-ભમવું
વિહિતવિનયા-વિનયવાળી
વિહંગમશાવક-પક્ષીનું બચ્ચું
વીચિ-મોજાં
વૃત્તિ-મનોવૃત્તિ, વર્તણુક, ધંધો
વૃક્ષાવલિ-ઝાડની પંક્તિ
વેપતી-ધ્રૂજતી
વૈધવ્ય-વિધવાપણું
વૈમુખ્ય-વિમુખપણું
વૈયર્થ્ય-વ્યર્થતા
વંચન-ઠગાઇ
વંચવું-ઠગવું
વંધ્ય-વાંઝીઉં
વ્યક્ત-સ્પષ્ટ
વ્યજન-વીંઝણો

વ્યથા-પીડા
વ્યથિત-પીડિત, દુઃખી
વ્યાપારાન્તર-બીજું કામ
વ્યાપ્ત-વ્યાપી રહેલું
વ્યોમ-આકાશ
વ્યોમમાં-આકાશમાં
વ્યંગ-મશ્કરી

શ

શતધા સેંકડો પ્રકારે
શનૈઃ-ધીમેથી
શમિત-સમાયેલું, નષ્ટ
શય્યા-પથારી
શર-બાણ
શરચ્ચંદ્ર-શરદ ઋતુનો ચંદ્ર
શર્વરી-રાત્રિ
શવ-મુડદું
શાખા-ડાળી
શારદી-શરદઋતુના
શાવક-બાળક, બચ્ચું
શિથિલ-ઢીલું
શિશુક-બાળક
શિષ્ટ-બાકી રહેલ, સભ્ય
શીકર-છાંટા
શીત-ઠંડું
શીલ-સદ્‌ગુણ
શુચિ-પવિત્ર, સ્વચ્છ
શૂન્યવત્-શૂન્ય જેવું
શૃંખલા-સાંકળ
શૃંગ-શિખર
શૈશવ-બાળપણ
શોણિત-લોહી
શોભન-સુંદર
શંપા-વીજળી
શ્રમિત-થાકેલું
શ્રવણ-કાન, સાંભળવું તે
શ્રાન્ત-થાકેલું
શ્રુતિ-કાન, વેદ
શ્રુતિપથ-કર્ણમાર્ગ
શ્રોણિ-કટિ, કમર
શ્વસન-શ્વાસ, પવન
શ્વસનત્વ-પવનપણું
શ્વાપદ-શિકારી જનાવર

ષ : ષડ્‌વિધ-છ પ્રકારનું

સ

સજ્જ-તૈયાર
સત્કૃતિ-સારું કામ

સદન-ઘર
સદભિધાન-સારૂં નામ
સદય-દયાળુ
સદૃશ-સરખું, સમાન
સદ્મ-ઘર
સન્નિવેશી-પડોશી
સપત્ની-શોક્ય
સમર-યુદ્ધ
સમરસ્થળ } લડાઇનું મેદાન
સમરાંગણ
સમારાધન-સેવા ચાકરી
સમીર-પવન
સમીક્ષા-અવલોકન
સમુદય-ટોળું
સમુદ્ધરણ-સારી રીતનો ઉદ્ધાર
સરણિ-માર્ગ
સર્વતઃ-ચો તરફથી
સર્ષપ-સરસવ
સલજ્જ-લજ્જા સહિત.
સલિલકણ-પાણીનું ટીપુ
સવિતા-સૂર્ય
સહકાર-આંબો
સહસા-એકદમ
સહસ્રચક્ષુ-હજાર આંખવાળો
સહિષ્ણુતા-સહનશીલપણું.

સહ્ય-સહન કરવા યોગ્ય
સાન્ત્વના-દિલાસો
સાપત્ન્યભાવ-શોક્યનો ભાવ
સાફલ્ય-સફળતા
સામીપ્ય-નજીકપણું
સાયક-બાણ
સારિકા-મેના
સાર્થ-સંઘાત, ટોળું
સાશંક-શંકા સહિત.
સાન્ધ્ય-સંધ્યાકાળનું
સિક્ત-છાંટેલું, ભીંજેલું
સિદ્ધાદ્રિ-શત્રુંજય પર્વત
સુકૃતિ-ભાગ્યશાળી
સુકેલિ-સારા ક્રીડા
સુગત-ગૌતમ બુદ્ધ
સુદર્શન-વિષ્ણુનું ચક્ર
સુધાર્ણવ-અમૃતનો સમુદ્ર
સુધાસ્પર્ધી-અમૃતની હરીફાઇ કરે તેવું
સુધાંશુ-ચંદ્ર
સુભગ-સુખી, સુંદર, પ્રિય
સુમન-ફુલ, ઉદારચિત્ત
સુમંદ-અત્યંત ધીમું
સુરતેજ-દેવી તેજ
સુરત્વ-દેવપણું

સુરનારી-દેવાંગના
સુરનિવાસ-સ્વર્ગ
સુરપાવની-દેવોને પવિત્ર કરનારી
સુરભિ-સુગંધ ગાય
સુરવંદ્ય-દેવોને નમવા યોગ્ય
સુરસેવ્ય-દેવોને સેવવા યોગ્ય
સુરેંદ્ર-ઇંદ્ર
સુષમા-શોભા.
સુષુપ્તિ-ગાઢ નિદ્રા
સુહૃદ-મિત્ર
સૃણિ-અંકુશ
સૌન્દર્ય-સુંદરતા
સૌરભ-સુગન્ધ
સૌરભલુબ્ધ-સુગંધથી લોભાયેલું
સૌરાષ્ટ્ર-કાઠિયાવાડ
સૌશીલ્ય-સુશીલતા
સંકેતરાત્રિ-મુકરર કરેલી રાત્રિ
સંક્રાન્ત-જોડાવું, દાખલ થવું
સંગતિશૂન્ય-સંગ રહિત
સંગ્રામ-યુદ્ધ
સતત-હમેશ, નિરંતર
સંધાન-ધ્યાન
સંપ્રતિ-હમણાં
સંભ્રમ-ઉતાવળ, ગુંચવણ
સંયમ-ઇંદ્રિયોને નિયમમાં રાખવાપણું

સંસર્ગ-સંબંધ, સોબત
સંસૃતિ-સંસાર
સંસ્થિતિ-સારી રીતે નિવાસ
સ્કંધ-ખભો
સ્ખલન-ભૂલ, પડવું તે
સ્તબ્ધ-રોકાયેલું, અચળ
સ્તંભ-થાંભલો
સ્થલાંતરે-બીજે ઠેકાણે
સ્થિતિ-હાલત, સ્થિરતા, નિવાસ
સ્થિત્યંતર-સ્થિતિફેર
સ્પર્ધા-ચડસાચડસી
સ્પર્શન-વાયુ, પવન
સ્મરેલી-સંભારેલી
સ્મૃતિ-સ્મરણ
સ્રજ્યાં-બનાવ્યાં
સ્રષ્ટા-બનાવનાર, બ્રહ્મા
સ્રોત-પ્રવાહ
સ્રોતસ્વતી, સ્રોતસ્વિની } નદી
સ્વર્ગંગા, સ્વર્ધુની } આકાશગંગ
સ્વર્ગદ્વય-બે સ્વર્ગ
સ્વર્લોક-સ્વર્ગ
સ્વલ્પ-થોડું
સ્વસ્થ-શાંત
સ્વાગત-સત્કાર

Website: http://www.allimagetool.com



| | |
|---|---|
| સ્વાત્મ-પોતાનો આત્મા | સ્વાન્ત-મન |
| સ્વાતંત્ર્ય-સ્વતંત્રતા | સ્વાસ્થ્ય-આરોગ્ય, શાન્તિ, સંતોષ |
| સ્વાદન-લહેજત, સ્વાદ | સ્વીકૃત-સ્વીકારેલું |
| સ્વાધ્યાય-વેદનો અભ્યાસ | સ્વેદ-પરસેવો |

### હ

| | |
|---|---|
| હરિત-લીલા રંગનું | હૃદયભર-હૃદયનો ભાર |
| હિમાંશુ-ચંદ્ર | હૃષ્ટ-હર્ષિત |
| હિંદોલ-હિંચકો | હેલી-નિરંતર વૃષ્ટિ |
| હુતાશન-અગ્નિ | હેવતા-ખોંખારતા |
| હૃત્સૃષ્ટિ-હૃદયની દુનિયા | |

### ક્ષ

| | |
|---|---|
| ક્ષન્તવ્ય-ક્ષમા કરવા યોગ્ય | ક્ષીર-દૂધ |
| ક્ષાન્તિ-સહનશીલતા | ક્ષુદ્ર-અધમ, કંગાળ, બારીક |
| ક્ષારાબ્ધિ-ખારો સમુદ્ર | ક્ષુધિત-ભૂખ્યું |
| ક્ષિતિજ-દૃષ્ટિમર્યાદા | ક્ષુલ્લક-પામર |

### જ્ઞ

જ્ઞાતા-જાણનાર

Website: http://www.allimagetool.com